સુવિચાર

દરેક વ્યકિતને જીવનમાં એકવાર તો અનુભવ થાય જ છે... કે લાગણી ખોટી નહોતી પણ ખોટી જગ્યાએ હતી...

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૧૩-૭-૨૦૨૪, શનિવાર
વર્ષ: ૧૩, અંક: ૧૦૮

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia




દેશી મઠડી જીણી
ચણાદાળ
બાલાજી
જથ્થાબંધ
મેળવવા
દયાલ દાલ અપ્પુ
98242 00970
રાજકોટ





ગ્રામીણ વિસ્તારમાં ૬ હજાર કોર્ટના લક્ષ્યાંક સામે ૪૮૧ જ સ્થપાય



આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વિરૂદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધાતા ખળભળાટ



અમેરિકાથી મોકલેલા ત્રણ ભાડુઆતી આતંકીઓનું એન્કાઉન્ટર કરતી પોલીસ



ભારતના કરદાતા પ્રમાણિકતાને કેમ પ્રાધાન્ય નથી આપતા?

## વિકાસ રૂંધાયો?

# સંસદના બજેટ સત્રમાં મોદીના 'સંવિધાન હત્યા દિવસ' સામે રાહુલની 'સંવિધાન બચાવો'ની લડાઈ જામશે

## ૨૨ જુલાઈથી શરૂ થનાર સત્ર તોફાની બની જવાના એંધાણ

**અબતક, નવી દિલ્હી**

દેશના વિકાસની વાત હવે સાઈડલાઈન થતી જઈ રહી છે. તેને બદલે પક્ષના અસ્તિત્વ અને અસ્મિતાની લડાઈ જામી રહી છે. જેના કારણે વિકાસ રૂંધાઈ રહ્યો છે. આગામી ૨૨ જુલાઈથી શરૂ થનાર સંસદનું બજેટ સત્ર આ વાતની બરાબર રીતે પ્રતીતિ કરાવનાર છે. કારણકે મોદીએ સંવિધાન હત્યા દિવસનો મુદ્દો ઉઠાવ્યો છે. તો સામે રાહુલ પણ મણિપુરમાં સંવિધાન બચાવોનો મુદ્દો લઈને સરકારને ઘેરવાની તૈયારીમાં છે.

ભાજપની આગેવાની હેઠળની એનડીએ સરકાર દ્વારા ''કટોકટીની યાદ અપાવવા માટે'' ૨૫ જૂનને



## પક્ષોના અસ્તિત્વ અને અસ્મિતાની લડાઈમાં વિકાસનો ભોગ લેવાઈ રહ્યો હોય તેવો ઘાટ

'બંધારણ હત્યા દિવસ' તરીકે મનાવવાના નિર્ણયથી શાસક પક્ષ અને કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષો વચ્ચે ગરમાગરમીનો બીજો રાઉન્ડ શરૂ થયો છે આકસ્મિક રીતે, વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ૨૨ જુલાઈથી શરૂ થતા આગામી બજેટ સત્રમાં મણિપુરનો મુદ્દો સંસદમાં ''સંપૂર્ણ શકિત'' સાથે ઉઠાવવાની જાહેરાત કર્યાના એક દિવસ બાદ આ ઘટના બની છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ કોંગ્રેસની ''બંધારણ બચાવો'' ઝુંબેશનો સામનો કરવા માટે

(અનુ. આઠમા પાને)

# માંસાહારને ગેરકાયદેસર જાહેર કરનાર વિશ્વનું પ્રથમ શહેર બનતું પાલીતાણા

## ૨૫૦ માંસની દુકાનો બંધ કરવાની માંગણી કર્યા બાદ લેવાયો આ ઐતિહાસિક નિર્ણય

**અબતક, નવીદિલ્હી**

ગુજરાતના ભાવનગર જિલ્લામાં આવેલું પાલીતાણા વિશ્વનું પ્રથમ એવું શહેર જાહેર થયું છે જ્યાં માંસાહારી ખોરાક ગેરકાયદેસર છે. આ ઐતિહાસિક નિર્ણય જૈન ધર્મના પ્રસિદ્ધ તીર્થધામ પાલિતાણામાં માંસના માંસ, વેચાણ અને વપરાશ માટે પ્રાણીઓની હત્યા ગેરકાયદેસર અને કાયદા દ્વારા સજાપાત્ર બનાવે છે. શહેરમાં લગભગ ૨૫૦ માંસની દુકાનો બંધ કરવાની માંગણી કરતા લગભગ ૨૦૦ જૈન સાધુઓના પ્રદર્શન બાદ આ પગલું લેવામાં આવ્યું હતું.

રાજકોટથી માંસાહારી ખાદ્યપદાર્થોના વેચાણને નિયંત્રિત કરતા ઓર્ડરોની શ્રેણી શરૂ થઈ છે. આ આદેશોમાં જાહેર સ્થળોએ માંસાહારી ખોરાક તૈયાર કરવા અને પ્રદર્શિત કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. વડોદરાએ ટૂંક સમયમાં આ ઉદાહરણને અનુસર્યું, ત્યારબાદ જૂનાગઢ અને અમદાવાદે સમાન નિયમો લાગુ કર્યા. માંસાહારી ખોરાકના વિરોધીઓએ દલીલ કરી હતી કે માંસનું પ્રદર્શન તેમની ભાવનાઓને ઠેસ પહોંચાડે છે અને લોકો, ખાસ કરીને બાળકો પર નકારાત્મક અસર કરે છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ નિયમોને ટ્રાફિક જામ ઘટાડવા સાથે જોડ્યા હતા.

માંસાહારી ખોરાક સામે આ દબાણ ગુજરાત કે વિશ્વમાં નવું નથી. ગુજરાતમાં, મહાત્મા ગાંધી શાકાહારનું પ્રતીક છે, અને તેમના ઉદાહરણને અનુસરવું એ લાખો લોકો માટે પવિત્ર ફરજ માનવામાં આવે છે. મહાત્મા ગાંધી તેમના સમગ્ર જીવન દરમિયાન શાકાહારના હિમાયતી રહ્યા હતા, જોકે તેમણે તેમના શાળાના દિવસોમાં માંસનો પ્રયોગ કર્યો હતો. તેમના મોટા ભાઈના મિત્રએ તેમને મટન ખાવા માટે સમજાવ્યા. જો કે, ગાંધીએ તેમન। માતા-પિતાના આદરને લીધે મોટાભાગે માંસાહારી ખોરાકનો ત્યાગ કર્યો હતો, જેઓ ધર્મનિષ્ઠ વૈષ્ણવો હતા - એક હિંદુ માન્યતા પ્રણાલીના અનુયાયીઓ જે કડક શાકાહારીનું સૂચન કરે છે.

પાલિતાણા અને અમદાવાદ જેવા શહેરોમાં

(અનુ. આઠમા પાને)



# સ્ટેટ જીએસટીમાં બદલીનો ઘાણવો ઉતર્યો ૧૭૧ અધિકારીઓની બદલી સાથે બઢતી

## રાજકોટના ૬ અધિકારીઓને નાયબ કમિશનર તરીકે પ્રમોટ કરાયા જ્યારે ૨ અધિકારીને જોઈન્ટ તરીકે બદલી સેવા કેન્દ્રમાં કરાઈ

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા હવે સેન્ટર એજન્સી એવી જીએસટી વિભાગમાં પણ બદલીની સાથે બળતીના ઓડરો કરવામાં આવ્યા છે ત્યારે હવે ગણતરીના જ દિવસો છે કે આવકવેરા વિભાગ ના અન્વેષણ ડિપાર્ટમેન્ટમાં પણ બદલીઓ હાથ ધરાશે. ત્યારે ગઈકાલે મોડી સાંજે રાજય કરવેરા વિભાગના કમિશનરોની બદલી સાથે બઢતી કરવામાં આવી હતી જેમાં કુલ ગુજરાતના ૧૭૧ કમિશનરોને બદલવામાં આવ્યા છે. રાજકોટની જો વાત કરવામાં આવે તો કુલ ૮ અધિકારીઓની બદલી સાથે બળતી છે જેમાં છ ને આસિસ્ટન્ટ કમિશનર માંથી ડેપ્યુટી કમિશનર તરીકે ન્યુ કરાયા છે અને તેમના ઘટકો પણ ફેરવી દેવાયા છે. બીજી તરફ સર્વાધિક અધિકારીઓ જે બદલાયા છે તે અમદાવાદના હોવાનું પણ માલૂમ પડ્યું છે. આ સામુહિક બદલીથી સ્ટેટ જીએસટી વિભાગમાં સન્નાટો છવાઈ ગયો છે કારણ કે આટલા મોટા પાયે સામુહિક બદલી કદાચ પ્રથમ વખત થાય હોય તો પણ નવાઈ નહીં.

રાજ્ય સરકાર દ્વારા બદલીઓનો



દોર શરૂ કરી દીધો છે ત્યારે રાજ્ય વેરા કચેરી એટલે કે સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા પણ બદલીઓ તથા બઢતી કરવામાં આવી છે જેમાં કુલ રાજયના ૧૭૧ આસિસ્ટન્ટ કમિશનરને ડેપ્યુટી કમિશનર તરીકે પ્રમોટ કરવામાં આવ્યા છે. જેમાં સર્વાધિક ૭૦ અધિકારીઓ અમદાવાદના છે. જે અધિકારીઓની બદલીઓ કરવામાં આવી છે તેમાં વડોદરા, હિંમતનગર, દાહોદ અને ભરૂચના વેરા અધિકારીઓનો સમાવેશ થાય છે. તે સિવાય ભાવનગર, સુરેન્દ્રનગર, આણંદ, દોરાજી, વલસાડ અને મોરબીના અધિકારીઓની પણ બદલીઓ કરવામાં આવી છે.

આમ એકસાથે ૧૭૧ વેરા નિરીક્ષકોની સામૂહિક બદલીના આદેશને પગલે અધિકારીઓમાં સન્નાટો છવાઈ ગયો છે. રાજ્ય કરવેરા વિભાગમાં જે બદલ્યો થઈ તેમાં સર્વાધિક અમદાવાદમાં ૭૦ અધિકારીઓને બદલાવવામાં આવ્યા છે તો બીજી તરફ રાજકોટની વાત કરવામાં આવે તો છ લોકોને નાયબ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં

(અનુ. આઠમા પાને)

# રાજ્યના ૨૪ મામલતદારોની બદલી, ૨ નાયબ મામલતદારને બઢતી

## રાજકોટ જિલ્લામાં ચૂંટણી વિભાગના મામલતદાર એમ.ડી.દવેની જસદણમાં બદલી, નાયબ મામલતદાર શામજીભાઈ ગીણોયા મામલતદારના પ્રમોશન સાથે પીઆરઓ તરીકે મુકાયા

**અબતક, રાજકોટ**

ગુજરાતના મહેસૂલ વિભાગ દ્વારા એકસાથે ૨૪ મામલતદારની બદલી કરવાનો આદેશ જાહે કર્યો છે. જે અંતર્ગત મહેસૂલ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના મામલતદાર, વર્ગ-૨ સંવર્ગ (પે સ્કેલ- રૂ. ૪૪,૯૦૦-૧, ૪૨,૪૦૦, પે મેટ્રિક્સના લેવલ-૮)માં ફરજ બજાવતાં અધિકારીઓની જાહેર હિતમાં બદલી કરી તેમના સ્થાને અન્ય અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે.આ ઉપરાંત બે નાયબ મામલતદારને પ્રમોશન પણ આપવામાં આવ્યા છે.

અમદાવાદના મામલતદાર એ.એમ. પરમાર અને અશોક ગોહિલની અનુક્રમે વડોદરા મામલતદાર અને જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે. આવી જ રીતે અમરેલીના મામલતદાર એચ.એન. પરમારને ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડાના મામલતદાર, ભાવનગરના મામલતદાર રામભાઈ સુવાની દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુરના મામલતદાર તરીકે, બોટાદના મામલતદાર રાજેશકુમાર કુંડાવાલાની બદલી મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે.

જયારે છોટા ઉદેપુરના મામલતદાર નિલેશ પટેલની સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના મામલતદાર, ગાંધીનગરના મામલતદાર રાજેશ પટેલને અમદાવાદ, ગીર-સોમનાથના મામલતદાર રાજેશ પરમારની જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં મૂકવામાં આવ્યા છે. જયારે રાજકોટના

(અનુ. આઠમા પાને)


ન્યુ રીનોવેટેડ A/C.
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

બેસ્ટ વોયેજ પ્રાઈવેટ લિમિટેડ અમદાવાદ
જન્માષ્ટમી હોલિડે કાર્નિવલ
રવિવાર ૧૪ મી જુલાઈ
સમય : સવારે ૧૦ થી સાંજે ૭ સુધી
સ્થળ : લેમન ટ્રી હોટેલ, રાજકોટ જીલ્લા પંચાયત ચોક પાસે, રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ.
સ્થળ ઉપર બુકીંગ કરનારને સ્પે. ડિસ્કાઉન્ટ
સીંગાપોર, મલેશીયા, ક્રુઝ
08 NIGHTS / 09 DAYS - 06, 22 AUG, 10 SEP
09 NIGHTS / 10 DAYS - 20, 24 AUGUST
શ્રીલંકા 07 N / 08 D
23 JULY, 22 AUG, 09 SEP
બાલી 06 N / 07 D
16 JULY, 23,25,27 AUG, 10 SEPT
વિયેતનામ 08 N / 09 D
26 JULY, 22 AUG, 13 SEP
બાકુ 06 N / 07 D
17 JULY, 22 SEP
05 N / 06 D
23 AUG
304, Cosmo Complex, Mahila College Chowk, Rajkot.
M: 7574810366, 7567421608
HO- Ahmedabad, Branch - Nikol / Maninagar / Surat / Baroda / Rajkot / Jamnagar / Gandhinagar / Kalol / Anand






Kaneriya Oil Industries
www.ranioil.com
Since 1979
RANI®
Premium Edible Oils
કંપની રીટેલ આઉટલેટ ● રાજકોટ સીટી :- ગોકુલ ધામ : 0281-2333499, 2360201
જવાહર રોડ : 0281-2222700/800 રૈયા રોડ : 97125 72000, 97125 73000
● શાપર : 97273 83000/84000/85000
● અમદાવાદ સીટી :- ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ

# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો.હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

આ સપ્તાહે, લાંબા સમયથી વણસી ગયેલા સંબંધોમાં સુમેળ થવાની સંભાવના. નવા વાહનની ખરીદી થવાંની સંભાવના. પ્રવાહી પદાર્થના ઉદ્યોગ ધંધાના જાતકો માટે આ સપ્તાહ લાભદાયી રહેશે. શેર બજાર, સટ્ટા ના જાતકો માટે આ સપ્તાહ પણ અતિ પ્રતિકૂળ નિવડશે. અન્ય, ઔદ્યોગિક એકમના જાતકો તથા જથ્થાબંધ વ્યાપાર-વણિજના જાતકો માટે આ સપ્તાહ વ્યસ્ત તથા હળવુ લાભકારી જણાશે. સરકારી કર્મચારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે સાથે બઢતીના સંયોગો. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે અર્ધ લાભકારી સપ્તાહ. મિત્ર, સ્નેહી તરફથી હળવો સહકાર. છાત્ર, મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે સાનુકૂળ સપ્તાહ. ૧૯ જુલાઈ સામાન્ય રહેશે.

### વૃષભ — બ,વ,ઉ

ફુડ બેવરેજીસ, હોટેલ રેસ્ટોરાં, તથા હાઈવે ઢાબાના વ્યાપાર કે ઉત્પાદન સાથે સંકળાયેલ તમામ જાતકો માટે હળવું લાભકારી ત્થા વ્યસ્ત સપ્તાહ. કુટિર તથા નાનાં ઔદ્યોગિક એકમ વાળા જાતકો માટે આ સપ્તાહ પણ લાભદાયી રહેશે. અન્ય ઔદ્યોગિક તથા જથ્થાબંધ તથા દેશ-વિદેશ વ્યાપાર વણિજ તથા વ્યવસાય જોડે સંકળાયેલ જાતકો માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત તથા લાભદાયક રહેશે. સખત પરિશ્રમ વાળા ધંધા વ્યાપાર માટે આ સપ્તાહ પણ લાભદાયી. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત તથા સામાન્ય જણાશે. ગૃહિણી તથા મહિલા કર્મી, નિવૃત્ત, છાત્ર માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૧૬ તથા ૧૭ જુલાઈ સામાન્ય જણાશે.

### મિથુન — ક,છ,ઘ

આ સપ્તાહ દરમ્યાન અનેક પ્રકારના લાભની સાથોસાથ જાવકના પણ સંયોગો પણ એટલા જ બને છે, આથી, યથામતિ નિર્ણય લઈ વહીવટ વ્યવહાર કરવા. તેમજ નવા કામકાજ શરૂ કરવા. ઉચ્ચસ્થ ગુરુ વાળા તેમજ નીચસ્થ મંગળ વાળા જાતકો માટે આ સપ્તાહ મહદ અંશે લાભદાયી જણાશે, ઔદ્યોગિક એકમના જાતકો તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. કલા-- વ્યવસાયના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. કુટુંબ-પરિવારજનો તથા મિત્રો સાથે સુમેળ વધે તેવા સંયોગો. પ્રવાસની સંભાવના. ૧૫ જુલાઈ મધ્યમ જણાશે.

### કર્ક — ડ,હ

રાજકીય તેમજ જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલ પ્રસિદ્ધ વ્યક્તિઓ માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. ગુરુ-પ્રધાન સંત, મહંતો, માટે વિશેષ લાભદાયી સપ્તાહ. અન્યથા વાયરલ થવાના સંયોગો. તમામ કદના ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજના તમામ એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ તથા વ્યસ્ત નીવડશે. સરકારી તથા અર્ધ સરકારી ક્ષેત્રના જાતકો માટે લાભદાયક સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયી જણાશે. સગાંઓ દ્વારા સાથ સહકારના સંયોગો. યુવાવર્ગ, નિવૃત્ત, છાત્ર તથા ગૃહિણી, મહિલા કર્મી, પરિશ્રમી કે ઉદ્યમીઓ માટે બહુ લાભકારી સપ્તાહ. એકંદરે કર્ક રાશિ માટે, આ સપ્તાહ લાભદાયી જણાશે.

### સિંહ — મ,ટ

કોમોડીટી, વાયદાબજારનાં જાતકો માટે લાભકારી સપ્તાહ. નાનાં મોટા તમામ ઉદ્યોગ- વ્યાપાર- વણિજ એકમના જાતકો માટે લાભકારી તથા પ્રગતિકારક સપ્તાહ. શૈક્ષણિક સંસ્થા તથા સેવાકીય સંસ્થા સાથે જોડાયેલા જાતકો માટે આ સપ્તાહ લાભકારી રહેશે. આ સપ્તાહ દરમિયાન સરકારી કર્મચારી વર્ગ માટે બઢતી એવમ બદલીના સંયોગો. અર્ધ સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે વ્યસ્ત તથા સાનુકૂળ સપ્તાહ. કુટુંબીજનો સાથે થયેલ વિખવાદોનો સુખદ અંત. ધંધા વ્યવસાય હેતુ લાંબા પ્રવાસ થવાના સંયોગો. યુવાવર્ગ, મહિલા કર્મી, છાત્ર તથા ગૃહિણી વર્ગ માટે આ સપ્તાહ શ્રેષ્ઠ રહેશે. આ રાશિ માટે આખું સપ્તાહ લાભદાયી જણાશે.

### કન્યા — પ,ઠ,ણ

આ સપ્તાહ દરમિયાન ભાગદોડ સાથે હળવાં લાભ મળવાંનાં સંયોગો. શેર બજાર તથા કોમોડીટીના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ગ્રેઈન મર્ચન્ટ, તથા જથ્થા બંધ વ્યાપારી જાતકો માટે વિશેષ લાભકર્તા. મોટા ઉદ્યોગ- વ્યાપાર અને વણિજ ક્ષેત્રનાં જાતકો માટે પણ આ સપ્તાહ આર્થિક રીતે લાભકારી જણાશે. અધૂરા કે ટલ્લે ચડેલાં સરકારી કામકાજ પૂરા થવાના સંયોગો. આ સપ્તાહે સરકારી, અર્ધ સરકારી કર્મચારી વર્ગ માટે બઢતી બદલીના સંયોગો. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે લાભદાયી સપ્તાહ. પરિવાર સાથે ધાર્મિક યાત્રાનાં અવસરો. વિદ્યાર્થી, મહિલા કર્મી, તથા ગૃહિણી વર્ગ માટે સારું સપ્તાહ. ૧૪ તથા ૧૫ જુલાઈ સરેરાશ રહેશે.

### તુલા — ર,ત

શેર, સટ્ટો, કોમોડીટીના જાતકો માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક રહેશે. હ્યુજ મેગા પ્રોજેકટ્સ મોટા ઔદ્યોગિક કે વર્કશોપ પ્રકારના એકમના જાતકો માટે આ સપ્તાહ બહુ વ્યસ્ત તથા લાભદાયક નીવડશે. આ સિવાય અન્ય, ઔદ્યોગિક એકમના જાતકો તેમજ તમામ વ્યાપાર--વ્યવસાય એકમના જાતકો માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત, તેમજ સાનુકૂળ નીવડશે. છૂટક વ્યાપારી તથા મધ્યમ વર્ગના જાતક માટે આ સપ્તાહ લાભકારી જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા કર્મી માટે અર્ધ લાભદાયી સપ્તાહ. ૧૬ જુલાઈ મધ્યમ રહેશે.

### વૃશ્ચિક — ન,ય

લેખન એવમ સાહિત્ય, પ્રકાશન ક્ષેત્રે તથા અખબાર કે અન્ય પ્રસાર માધ્યમ સાથે જોડાયેલા જાતકો માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા જાતકો- શિક્ષકો માટે આ સપ્તાહ લાભદાયક તથા હળવું ભાગદોડ વાળું જણાશે. નાનાં મોટા ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ આંશિક લાભદાયી નીવડશે. તમામ વ્યાપારી માટે આ સપ્તાહ પણ લાભદાયી. જથ્થાબંધ વ્યાપાર સાથે સંકળાયેલા જાતકો માટે અતિ વ્યસ્ત સપ્તાહ. સરકારી કર્મચારીઓ તેમજ ખાનગી કર્મચારીઓ માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. ગૃહિણી, મહિલા કર્મી, તથા નિવૃત્ત માટે લાભકારી સપ્તાહ. ૧૯ જુલાઈ મધ્યમ રહેશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

આ સપ્તાહે વિશેષ તો મોટી ફાર્માસીઝ તેમજ કેમિકલ્સ એકમના જાતકો માટે બહુ લાભદાયક નીવડવાના સંયોગો. કોઈ પણ પ્રકારના એંજીનીયરીંગ એકમનાં જાતકો/ એન્જીનીયર્સ માટે આ સપ્તાહ લાભકારી તેમજ વ્યસ્ત જણાશે. ટ્રાવેલ્સ, હોટેલ બુકિંગ્સ સાથે જોડાયેલા જાતકો માટે આ સપ્તાહ હળવું લાભકારી જણાશે. અન્ય ઔદ્યોગિક તેમજ વ્યાપાર વણિજના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. વ્યવસાયિક કલાના જાતકો માટે લાભદાયક સપ્તાહ રહેશે. સરકારી, અર્ધ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે હળવો સમય. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી માટે લાભદાયક સપ્તાહ ૧૯ જુલાઈ સાધારણ જણાશે.

### મકર — ખ,જ

સર્વિસ બિઝનેશના જાતકો માટે આ સપ્તાહ પણ લાભદાયી. રોશની, રંગ, તેમજ રસાયણના જથ્થાબંધ વ્યાપાર-વણિજના જાતકો માટે આ સપ્તાહ વ્યસ્ત તેમજ ચડાવ ઉતાર વાળું નીવડશે. જવલનશીલ પદાર્થ ના વ્યાપાર વણિજ સંબંધિત એકમોનાં જાતકો માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી જણાશે. નાનાં ઔદ્યોગિક એકમ તથા પેકિંગ મટીરીયલ્સના ઉત્પાદકો માટે લાભકારી સપ્તાહ. અન્ય ઔદ્યોગિક એકમના જાતકો, વ્યાપારી એકમના જાતકો માટે સરેરાશ સપ્તાહ. સરકારી કર્મચારી માટે બદલી બઢતીના સંયોગો. ખાનગી કર્મીઓ માટે લાભદાયી સપ્તાહ. મેડીકલ વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે સારું સપ્તાહ. ૧૪,૧૫ જુલાઈ મધ્યમ રહેશે.(પન્નોતિનો ઉપાય પરિશ્રમિકોને પૂરતું વળતર આપવું)

### કુંભ — ગ,શ,ષ

ફાસ્ટ ફૂડ, પેકીંગ- પ્રોસેસ્ડ ફૂડના ઔદ્યોગિક/ વ્યાપારી એકમના જાતકો માટે સરેરાશ સપ્તાહ. રાજકીય ક્ષેત્રની વ્યક્તિ માટે પ્રતિકૂળ સપ્તાહ. નાનાં મોટા ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહે અણધાર્યા લાભ મળવાંનાં સંયોગો. મધ્યમ કદના વ્યાપાર વણિજ ધરાવતાં જાતકો માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. સર્વિસ બિઝનેશના જાતકો માટે સરેરાશ સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ અર્ધ સરકારી કર્મચારી માટે સરેરાશ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે અર્ધ પ્રતિકૂળ સપ્તાહ. પરિવાર તરફથી સાથ સહકારના સંયોગો. મહિલા કર્મી,, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ સારું રહેશે. ૧૭ જુલાઈ સાવ સાધારણ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

### મીન — દ,ચ,ઝ,થ

ધંધા વ્યવસાયમાં આ સપ્તાહ દરમિયાન કેટલાક અણધાર્યા લાભ થવાના સંયોગો. ફેશન તથા કોસ્મેટિક્સ રીલેટેડ ઔદ્યોગિક વ્યાપારી એકમના જાતકો માટે હળવું લાભદાયક સપ્તાહ. જણાશે. અન્ય, ઔદ્યોગિક એકમના જાતકો માટે સાનુકૂળ સપ્તાહ. વ્યાપાર-વણિજ, સર્વિસ બિઝનેસ ધરાવતા જાતકો માટે આ સપ્તાહ હળવું મધ્યમ તથા વ્યસ્ત પણ રહેશે. રિયાલ્ટી ક્ષેત્રના જાતકો માટે આ સપ્તાહ પ્રતિકૂળ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે હળવાં લાભ વાળું સપ્તાહ. પરિવારમાં હળવાં મનદુઃખ જણાશે. ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સાનુકૂળ સપ્તાહ. ૧૫,૧૬ જુલાઈ લાભકર્તા નીવડશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

---

આજે ઈન્ટરનેશનલ રોક ડે

# ખડકો માનવ જાતના વિકાસ, અસ્તિત્વ અને સંસ્કૃતિ માટે મહત્વના

## ખડક કે પથ્થર એ એકથી વધુ ખનીજો કે મિનરલોઈડસનો કુદરતી રીતે બનતો નકકર સમૂહ : ખડકોનાં વૈજ્ઞાનિક અભ્યાસને ‘પેટ્રોલોજી’ કહે છે : ખડકોનું સમગ્ર ઈતિહાસમાં વિશેષ મહત્વ રહ્યુ છે, પથ્થર યુગથી તેનો શસ્ત્રો અને સાધન તરીકે ઉપયોગ કરાયો છે

**ખડકો કોઈને બહું મહત્વના ન લાગે, પણ માનવજાતના અસ્તિત્વ માટે તે જરૂરી : ત્રણ પ્રકારનાં ખડકોમાં અગ્નિકૃત, જળકૃત અને રૂપાંતરીત ખડકનો સમાવેશ થાય છે, તેણે પૃથ્વીના સૌથી પડકારરૂપ યુગમાં માનવજાતને મદદ કરી છે : આજના યુગમાં પણ પથ્થર પાયાનો પથ્થર બની ગયો છે**

આદીકાળથી માનવ જીવન સાથે ઘણી વસ્તુઓ જોડાયેલી છે, જેમાં પાણી-વૃક્ષો અને પહાડોનું વિશેષ મહત્વ છે. ગુફાવાસીના કાળથી આ ત્રણેય વસ્તુંઓ સથવારે માનવ વિકાસ કરતો આવ્યો છે. આદી માનવની સંસ્કૃતિનો ઉછેર આવી જગ્યાએ જ થયેલો છે, જ્યાં પાણી, વૃક્ષો, પક્ષીઓ અને પહાડો હોય છે. એ કાળમાં પથ્થરમાં વિવિધ હથિયારો બનાવીને ગુફાવાસી શિકાર કરીને પોતાનું પેટ ભરતો હતો. અગ્નિ પેટાવવા પણ તે બે પથ્થરોનું ઘર્ષણ કરીને અગ્નિ ઉત્પન કરતો હતો. ખડકો કોઈને બહુ મહત્વના ન લાગે, પણ માનવ જાતના વિકાસ, અસ્તિત્વ અને સંસ્કૃત્તિ માટે મહત્વના હતા. સ્વ.બચાવ માટે પણ આદી માનવ પથ્થરનો ઉપયોગ કરતો હતો. આજે ઈન્ટરનેશનલ રોક ડે ની ઉજવણી સમગ્ર વિશ્વમાં થઈ રહી છે ત્યારે, ભાવિ પેઢીને આ બાબતે જ્ઞાન આપવું દરેકની ફરજ બની જાય છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

ખડક કે નાના-મોટા પથ્થરો જીવન વિકાસ માટે આવશ્યક પદાર્થ છે. આ અંગેના અભ્યાસને ભૂસ્તર શાસ્ત્ર કહેવાય છે. આપણી પૃથ્વી પર ત્રણ પ્રકારનાં ખડકો જોવા મળે છે, જેમાં અગ્નિકૃત, જળકૃત અને રૂપાંતરિત ખડકનો સમાવેશ થાય છે. ગુફાવાસીથી શરૂ કરીને આજના યુગ સુધી તેનો માનવ ઉપયોગ કરતો આવ્યો છે. આજે દરિયાકાંઠેથી મળતા વિવિધ પથ્થરો સુશોભન તરીકે પણ ઉપયોગ કરે છે, તેજ રીતે પ્રાચિનયુગમાં પણ કલરફલ પથ્થરોની માળા બનાવીને આદી માનવ પહેરતો હતો.

મોટાભાગના ખડકોની રચના કુદરતી રીતે થયેલ છે. ખડક અને એક અથવા વધુ ખનીજોનો કુદરતી રીતે બનતો નક્કર સમુહ છે. માનવ જીવનનાં અસ્તિત્વ અને સંસ્કૃતિ સાથે પ્રારંભ કાળથી જોડાયેલા આ તત્વનો ઓળખવો જરૂરી છે. પર્યાવરણ મુજબ તેના રંગ-આકાર અને કદ જુદા-જુદા હોય શકે છે.


ખનીજોનો વિશાળ રફ સમુહ પથ્થર કે ખડકો છે. પૃથ્વીનો બાહ્ય પડ ખડકોનો બનેલો છે, જે આપણને પર્વતો જેવા દેખાય છે. સમગ્ર ઈતિહાસ પર નજર કરીએ તો તેનો વ્યાપક પ્રમાણે ઉપયોગ થયો છે. સાધન તરીકે કે વિવિધ હેતુંઓ માટે ઉપયોગ કરાય છે. જેમ કે માર્બલ, ગ્રેનાઈટનો ઉપયોગ ફ્લોરીંગ માટે અને નાના ખડકોનો ઉપયોગ ઈમારત બાંધવામાં, રસ્તા બનાવવામાં થાય છે. પૃથ્વી પર તે કુદરતી રીતે બન્યા હોવાથી તોડીને પછી તેમાંથી અંતિમ ઉત્પાદન મેળવવા પ્રક્રિયા થાય છે. આપણે હિરા, મોતી, રત્નો, માણેક ખરીદીએ છીએ. કારણ કે તેમાં હીલીંગ ગુણધર્મો હોવાથી તે વ્યક્તિને શાંતિ, આનંદ અને ખુશી આપે છે.

પુરાતત્વ ખાતું ખોદકામ કરીને વર્ષો પહેલાની સંસ્કૃતિનો અભ્યાસ કરે છે. અમુલ્ય ખજાનો બહાર કાઢવા, ખાણ કામ અને ઉત્ખનન પણ કરવામાં આવે છે. આદિ માનવ કે ગુફાવાસીથી શરૂ કરીને આજના યુગમાં પણ પથ્થર પાયાનો પથ્થર બની ગયો છે. પથ્થરમાંથી શિલ્પકાર મૂર્તિનું સર્જન કરે છે. અમૂક પથ્થરો તો એટલા બધા આકર્ષક હોવાથી તેની લાખેણી કિંમત અંકાઈ છે. કોલસો પણ એક જાતનો પથ્થર જ છે. પાણીના સતત ઘર્ષણ કે બહાવને કારણે વિવિધ આકારો જોવા મળે છે. જળકૃત ખડકોમાં શેલ, રેતીનો પથ્થર, ચાક અને ચુનાનો પથ્થર ગણાય છે. અમુક પિગળવા ખડકમાંથી અગ્નિકૃત ખડકો રચાય છે. જવાળામુખીમાંથી પૃથ્વીની સપાટી પર મેગ્મા ફાટી નીકળે છે. જેને લાવા પણ કહેવાય છે. તે સુકાતા ખડકોનું રૂપ ધારણ કરે છે. માનવની ઉત્ક્રાંતિ માટે ખડકો મૂળભૂત



રહ્યા છે. શિકારના પ્રારંભિક સાધનો અને શસ્ત્રો હતા. તેમાંથી ખડક રોસેટાસ્ટોન ૧૭૯૯ માં શોધાયેલ. આ પથ્થરે ભાષા શાસ્ત્રીઓને ભાષા સમજવા સક્ષમ બનાવ્યા હતા. અત્યાર સુધીમાં સૌથી મોટી શુધ્ધ સોનાની ગાંઠ ૧૮૬૯ માં ઓસ્ટ્રેલિયામાં મળી હતી. જેનું વજન ૧૫૬ બીએસ હતું. કોલસો હકિકતમાં એક જળકૃત ખડક છે, જે વનસ્પતિના પદાર્થો સંકુચિત સ્તરમાંથી રચાય છે.

ખડકો જ આપણો ગ્રહ બનાવે છે. યુગો-યુગોથી આપણે તેનો ઉપયોગ કરીને વિકાસ કરતાં આવ્યા છીએ. માનવ જાતને યોગ્ય રીતે આગળ વધારવામાં ખડકોનું મહત્વ વિશેષ છે, એટલે જ આપણે પથ્થર યુગ બોલીએ છીએ. ખડકો આપણા પર્યાવરણના રક્ષણ માટે મહત્વની ભૂમિકા અદા કરે છે, તે જમીનનું ધોવાણ પણ અટકાવે છે. ખડકોમાંથી મળી આવતા ખનીજો અને ધાતુઓ માનવ સંસ્કૃતિ માટે મહત્વના છે. માનવી જીવીત રહેવા કશુ જાણતો ન હતો ત્યારે પણ માનવતા માટે ખડકો હતા. તે એક અદ્રશ્ય વિશ્વનો ઈતિહાસ ધરાવે છે. ખડકોએ માનવતાને પૃથ્વીના સૌથી પડકારરૂપ યુગમાં મદદ કરી જયારે માનવ પાસે કશું ન હતું.



ખડકો મહાસાગરો વચ્ચેના અંતરને પૂરવામાં મદદ કરે છે. જો ખડકો ન હોત તો આપણે હજુ કાચો ખોરાક જ ખાતા હોત. તે માનવતાની શકિતનું પ્રતિનિધિત્વ કરે છે. દોષ રહિત ખડક કરતાં ખામી વાળો હીરો વધુ સારો હોય. ખડકોના માનવ જાત માટેના મહત્વ માટે ૧૯૩૧ થી સમગ્ર વિશ્વમાં તેનો દિવસ ઉજવાય છે. અવકાશમાંથી પણ એસ્ટરોઈડ ધરતી પર પડે છે, નાના અવકાશ ખડકો જે ઉલ્કા તરીકે ઓળખાય છે. ધરતીના પેટાળમાં પણ વિશાળ ખડકોમાં ફેરફાર થાય ત્યારે ભૂકંપ જેવી સમસ્યા આવતા ઘણીવાર નવા ખડકો પણ ધરતી પર આવી જાય છે.

---

## અબતક પંચાગ

### તા.૧૪-૭-૨૦૨૪ રવિવાર

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૦ શાલીવાહન શકિ: ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૪ |
| તિથી | અષાઢ શુદ આઠમ |
| નક્ષત્ર | ચિત્રા |
| યોગ | શિવ કરણ: બાલવ |
| સુર્યોદય | ૬.૧૩ સુર્યાસ્ત: ૭.૩૩ |
| ચંદ્ર રાશી | કન્યા સવારે ૮.૪૩ થી તુલા |
| રાશિ અક્ષર | પ.ઠ.ણ/ર.ત. |
| દિશાશૂળ | પશ્ચિમ દિશાતરફ |
| રાહુકાળ | સાંજે ૪.૩૦ થી ૬ |
| દિવસનાચોઘડીયા | ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ |
| રાત્રીનાચોઘડીયા | શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૬ થી ૧.૧૯ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

## સૂડોકુ -૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | ૩ | | | ૧ | |
| | ૫ | | | | | | | |
| ૧ | ૨ | | ૭ | | | | | ૮ |
| | ૯ | | | ૨ | | | | |
| ૮ | ૩ | | | | | ૬ | | |
| | | ૨ | | | ૯ | | ૩ | |
| ૨ | | | | ૮ | ૩ | | | ૯ |
| | ૪ | | ૯ | ૭ | | | | |
| | | | | ૧ | ૬ | ૭ | ૪ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૫૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૭ | ૬ | ૮ | ૩ | ૨ | ૪ | ૧ | ૫ |
| ૪ | ૫ | ૮ | ૬ | ૯ | ૧ | ૩ | ૨ | ૭ |
| ૧ | ૨ | ૩ | ૭ | ૫ | ૪ | ૯ | ૬ | ૮ |
| ૬ | ૯ | ૪ | ૩ | ૨ | ૮ | ૫ | ૭ | ૧ |
| ૮ | ૩ | ૫ | ૧ | ૪ | ૭ | ૬ | ૯ | ૨ |
| ૭ | ૧ | ૨ | ૫ | ૬ | ૯ | ૮ | ૩ | ૪ |
| ૨ | ૬ | ૭ | ૪ | ૮ | ૩ | ૧ | ૫ | ૯ |
| ૩ | ૪ | ૧ | ૯ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૫ | ૮ | ૯ | ૨ | ૧ | ૬ | ૭ | ૪ | ૩ |

---

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૧૩-૦૭-૨૦૨૪ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (પોલમ પોલ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેજીટેબલ બિરયાની)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.નિધિકુમાર પટેલ)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (આર યુ ઓકે)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (ડેન્ટલ સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (એક સોનેરી સવાર)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડ અપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કસુંબલ ડાયરો


**તારીખ ૧૪-૦૭-૨૦૨૪ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા(પૂ.દીપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશન સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હિરણ ને કાંઠે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશનલ સ્પીચ (પારસ પાધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બીરબલ કી સબ્જી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.મમતા તન્ના)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (રવિ ઠેસીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (હેર ફોલ સ્ટોર)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (સાહેબજી)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડ અપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૫-૦૭-૨૦૨૪ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા(પૂ.દીપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

---

## આજનું રાશિફળ

**તા.૧૩.૭.૨૦૨૪ શનિવાર, સંવંત ૨૦૮૦ અષાઢ સુદ સાતમ, હસ્ત નક્ષત્ર, શિવ યોગ, વિષ્ટિકરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે.**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.

**વૃષભ (બ,વ,ઉ) :** સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય.

**મિથુન (ક,છ,ઘ) :** તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.

**કર્ક (ડ,હ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.

**સિંહ (મ,ટ) :** તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસેથી કામ લઈ શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** તમારા ક્ષેત્રમાં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.

**તુલા (ર,ત) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યાએ નાણાં રોકી શકો .

**વૃશ્ચિક (ન,ય) :** વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય,ધંધા રોજગાર માં સારૂ રહે, પ્રગતિ થાય.

**મકર (ખ,જ) :** ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**કુંભ (ગ ,સ,શ) :** ભ્રમની સ્થિતિઓમાંથી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

# દક્ષિણ ગુજરાતમાં દે ધના ધનઃ સૌરાષ્ટ્રમાં મેઘરાજાની કરકસર

## સવારથી સુરત, નવસારી, નર્મદા, તાપી, ભરૂચ અને ડાંગ જીલ્લામાં મેઘાવી માહોલમાં અઢી ઈંચ સુધી વરસાદ

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આજથી પાંચ દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૬૮ તાલુકાઓમાં વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે સવારથી દક્ષિણ ગુજરાતમાં મેઘરાજા અનરાધાર હેત વરસાવી રહ્યા છે. અઢી ઈંચ સુધી વરસાદ વરસી ગયો છે. સવારથી ૩૬ તાલુકાઓમાં વરસાદ પડી રહ્યા છે.

આજે સવારે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૧૬૮ તાલુકાઓમાં વરસાદ પડયો છે. સૌથી વધુ વરસાદ વલસાડમાં સવા છ ઈંચ વરસાદ પડયો છે. આ ઉપરાંત ગણદેવીમાં ૧૩૩ મીમી, ખેરગામમાં ૧૩૧ મીમી, નવસારીમાં ૧૨૯ મીમી, પારડીમાઃ ૧૧૫ મીમી, ચિખલીમાં ૧૧૧ મીમી, જલાલપોરમાં ૧૦૬ મીમી, વાપીમાં ૧૦૩ મીમી, ઉમરગામમાં ૯૧ મીમી, વ્યારામાં ૮૮ મીમી, ધરમપુરમાં ૭૮ મીમી, સોનગઢમાં ૭૧ મીમી, મહુવામાં ૬૯ મીમી, મોરવા હરફમાં ૬૯ મીમી, ડોલવાણમાં ૬૮ મીમી, વાળોદમાં ૬૩ મીમી, વલ્લભપુરમાં ૬૨ મીમી, બારડોલીમાં ૬૨ મીમી, કવાંટમાં, વઘઈમાં ૫૬ મીમી, ડભોઈમાં ૫૪ મીમી, કપરાડામાં ૫૩ મીમી, ઉમરપાડામાં ૫૧ મીમી, ઉમરાળામાં ૪૯ મીમી, પાલસવા ૪૮ મીમી, ગોધરામાં ૪૮ મીમી, સુબીરમાં ૪૭ મીમી, ડાંગમાં ૪૭ મીમી, ઉચ્છાળમાં ૪૩ મીમી, વાંસદામાં ૪૨ મીમી, સુત્રાપાડામાં ૪૧ મીમી, નેત્રાંગમાં ૪૧ મીમી, વિસાવદર ૪૦ મીમી, હાલોલ ૪૦ મીમી, ખેડામાં ૩૫ મીમી, વાઘોડીયામાં ૩૪ મીમી, બાબરામાં ૩૧ મીમી, કુંકાવાવ-વડીયામાં ૩૧ મીમી, શનખેડામાં ૩૧ મીમી, જાંબુખેડામાં ૩૦ મીમી, બોડેલીમાં ૨૯ મીમી અને લીમખેડામાં ૨૯ મીમી વરસાદ વરસી ગયો છે.

આજે સવારથી રાજયના ૩૬ તાલુકાઓમાં વરસાદ વરસી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું વિશેષ હેત જોવા મળી રહ્યું છે. નવસારીના ગણદેવીમાં ૫૪ મીમી, નવસારી શહેરમાં ૪૩ મીમી, ચિખલીમાં ૨૩ મીમી, સહીત અન્ય તાલુકાઓમાં હળવા ઝાપટાથીલઈ પોણો ઈંચ વરસાદ પડયો હતો.

આજથી પાંચ દિવસ રાજયમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું જોર વધુ રહેશે સૌરાષ્ટ્રમાં પણ દરયિા કાંઠા વિસ્તારમાં વરસાદની સંભાવના આપવામાં આવી છે.

સૌરાષ્ટ્રમાં ઉમરાળામાં બે ઈંચ, સુત્રાપાડામાં ૪૧ મીમી, વિસાવદરમાં ૪૦ મીમી, બાબરામાં ૩૨ મીમી, કુંકાવાવમાં ૩૧ મીમી, મેંદરડામાં ૨૭ મીમી, ધારીમાં ૨૭ મીમી, સિંહોરમાં ૨૬ મીમી, બોટાદના બરવાળામાં ૨૪ મીમી, લીલીયામાં ૨૩ મીમી, લીંબડીમાં ૨૩ મીમી, તાલાલામાં ૨૧ મીમી, ગારિયાધારમાં ૨૧ મીમી, ભાવનગરમાં ૨૧ મીમી, અમરેલીમાં ૨૧ મીમી વરસાદ વરસી ગયો છે.

કચ્છમાં ૩૪.૯૧ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૮.૪૮ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૧૮.૭૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૩૭.૫૫ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૩૧.૮૮ ટકા વરસાદ પડયો છે. રાજ્યમાં આજ સુધીમાં સીઝનનો સરેરાશ ૨૮.૧૨ ટકા જેટલો વરસાદ વરસી ગયો છે.આજે સવારે ગણદેવીને જાણે આપ આરટીઓ હોય તેમ સવારે ચાર કલાકમાં સાંભળેલા તારે છ ઈંચ વરસાદ જતા સર્વત્ર જળબંબાકાર જેવી પરિસ્થિતિ સર્જાય જવા પામી હતી.

### નવસારીના ગણદેવીમાં સવારે ચાર કલાકમાં છ ઈંચ વરસાદથી સર્વત્ર જબંબાકાર

### ભાદર ડેમની જળ સપાટીમાં સતત ત્રીજા દિવસે વધારો

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં મેઘાનું જોર ઘટી રહ્યું છે. જેના કારણે જળાશયોમાં નવા નીરની આવકમાં ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૦ ડેમોમાં નવા નીરની આવક થવા પામી છે. ભાદર ડેમની જળ સપાટીમાં સતત ત્રીજા દિવસે વધારો નોંધાયો છે.

રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમ હસ્તકના રાજકોટ જીલ્લાના ભાદર ડેમમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૦.૩૩ ફુટ નવું પાણી આવ્યું છે. આ ઉપરાંત ફોફળમાં ૦.૬૬ ફુટ, આજી-૩ ડેમમાં ૦.૨૦ ફુટ, સુરવોમાં ૦.૬૬ ફુટ, કર્ણકીમાં ૧૦.૯૬ ફુટ, મોરબી જીલ્લાના મચ્છુ-૨ ડેમમાં ૦.૩૩ ફુટ, ડેમી-૧ ડેમમાં ૦.૧૦ ફુટ, બ્રાહ્મણી-૨ ડેમમાં ૦.૪૯ નવા નીરની આવક થવા પામી છે.

### બાબરામાં દોઢ ઈંચ વરસાદઃ ખેડૂતો ખુશખુશાલ

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

જિલ્લાના અમરેલી સહિત તમામ તાલુકાઓમાં વરસાદ સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે ત્યારે બાબરામાં બાબરા શહેર અને આસપાસના ગામડાઓમાં સવારના ૬ થી સાંજના છ સુધી ૩૨ મીમી એટલે કે દોઢ ઈંચ જેવો વરસાદ પડી ચૂક્યોછે, બાબરાના આજુબાજુ ગામડામાં લુણકી ભિલા ભીલડી ચિતલ કરીયાણા



ચરખા ઉટવડ કોટડા પીઠા સમગ્ર વિસ્તારમાં વરસાદ પડેલ મેલડી માતાના તળાવ અને રામપરા તળાવમાં નવા પાણીની આવક થઈ છે. તળાવમાં પાણીની આવક થવાથી ખેડૂતોમા ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# રાજ્ય સરકાર છેવાડાના વિસ્તારના લોકોને સુવિધા આપવા પ્રતિબદ્ધઃ મંત્રી બાવળિયા

### ધોરાજીના ચાપાતરમાં ૮૫ પરિવારોને મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે જમીનની સુધારા સનદ વિતરણ

### લાભાર્થીઓના જમીનના પ્રશ્નોનું સુખદ નિરાકરણ ધારાસભ્ય ડો.પાડલીયા

**અબતક, રમણિક ટોપીયા, ધોરાજી**

ધોરાજીના ચાપાથળ વિસ્તારના ૮૫ પરિવારોને જમીનના માલિકી હક્કની સનદનું પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે તથા ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાની વિશેષ ઉપસ્થિતિમાં વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે છેલ્લા ૨૧ વર્ષની જમીનના માલિકી હક્ક બાબતે સંઘર્ષ કરતા આશરે ૪૦૦થી વધુ લોકોની હાલાકીનો અંત આવ્યો છે. જમીનની સુધારેલી સનદ મળતા આ પરિવારોના ચહેરા પર આનંદ જોવા મળ્યો હતો.

આ તકે લોકોને સંબોધતા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩-૦૪માં ભાદર-૨ ડેમનું કામ પૂર્ણ થયા પછી, આ વિસ્તારમાં રહેતા લોકોના પુનઃ વસવાટ માટે જમીન ફાળવવામાં આવી હતી. આ જમીનની સનદમાં ભૂખી ગામ લખાયું હતું. પરંતુ આ વિસ્તાર ધોરાજી નગરપાલિકામાં આવતા, આ વિસ્તારના લોકોને પ્રાથમિક સુવિધાઓ મળતી નહોતી. તેમજ જમીનની સનદમાં સુધારા થતા નહોતા. આખરે વહીવટી તંત્ર, સિંચાઈ વિભાગ વગેરેની મહેનતને અંતે આ વિસ્તારના વિસ્થાપિતો માટે જમીનની સુધારા સનદ તૈયાર થઈ છે. આ ૮૫ પરિવારોને સુધારા



સનદ મળતા તેમના જમીનના હક્કો પ્રસ્થાપિત થાય છે.

ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ લોકોને સંબોધતા કહ્યું હતું કે, ''માનવી ત્યાં સુવિધા''એ ગુજરાત સરકારનું સૂત્ર રહ્યું છે. ચાપાતર વિસ્તારના લોકોના જમીનના પ્રશ્ન બાબતે મંત્રી કુંવરજીભાઈને રજુઆત કરતા તેમણે આ પ્રશ્ન તાત્કાલિક હાથમાં લીધો હતો અને તેનો સમયસર ઉકેલ લાવ્યા છે.આ તકે ગામલોકોએ ખૂબ જ ઉમંગ અને ઉત્સાહ સાથે મંત્રી કુંવરજીભાઈનું ફૂલહારથી સન્માન કરી આભારની લાગણી વ્યક્ત કરી હતી. રાજકોટ સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર ભાવિન ભીમજીયાણીએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ધોરાજી પ્રાંત અધિકારી જે.એન. લિખિયા, રાજકોટ સિંચાઈ વર્તુળના અધિક્ષક ઈજનેર પ્રેક્ષા ગોસ્વામી, સ્થાનિક અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### બેડી માર્કેટીંગ યાર્ડના ચેરમેનપદે

# જયેશ બોઘરાને અભિનંદન પાઠવતા જીલ્લા ભાજપના અગ્રણીઓ

**અબતક, રાજકોટ**

તાજેતરમાં યોજાયેલ રાજકોટ માર્કેટિંગયાર્ડ, બેડીની સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. જેમાં જયેશભાઈ બોઘરા ચેરમેન તરીકે તેમજ વાઈસ ચેરમેન તરીકે વિજયભાઈ કોરાટ ચુંટાઈ આવેલ, તેઓએ પોતાના અગાઉના કાર્યકાળ દરમ્યાન કરેલા ખેડૂત લક્ષી અને ખેડૂતોના હિતમાં માર્કેટિંગ યાર્ડની કામગીરી કરેલ અને જે અનુસંધાને ખુબ જ વિશ્વાસ હાસલ કરેલ.



કામ કરવાની કુનેહ અને યુવા નેતૃત્વ ફરી વખત રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં સત્તાનું સુકાન સંભાળતા રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયા ઈન્ચાર્જ રાજેશભાઈ ગોંડલીયા તેમજ સહ ઈન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકી, રાજકોટ તાલુકા ભાજપ પ્રમુખ જે.કે.પીપળીયા, રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય મંત્રી અલ્પેશભાઈ અગ્રાવત, વિવેક સાતા, કિશોર ચાવડા સહીતનાએ શુભેચ્છા અને અભિનંદન પાઠવેલ છે.તેમરાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાં જણાવે છે.

# ગ્રાન્ટ ઈન એડ કોલેજોમાં બી.એ. અને બી.કોમ.માં પ્રવેશ અવ્યવસ્થા

### કોંગ્રેસે વિદ્યાર્થીઓની સમસ્યા હલ કરવા મુખ્યમંત્રીને કરી રજુઆત

**અબતક, રાજકોટ**

રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સીટીમાં પ્રવેશ પ્રક્રિયા માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસ પોર્ટલ (જીસીએએસ)ની જોરશોર થી શિક્ષણ વિભાગ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. રાજ્ય સરકારના પૂરતા આયોજનના અભાવે સમગ્ર પ્રવેશ પ્રક્રિયામાં અવ્યવસ્થા ઉભી થઈ, વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ મોટા પાયે અટવાયા, પ્રવેશ પ્રક્રિયા અંગે માહિતીનો અભાવ, પુરતી માહિતી અને માર્ગદર્શન માટે સ્થાનિક હેલ્પ સેન્ટરનો અભાવના પરિણામે અનેક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને મજબુરી થી ખાનગી યુનિવર્સીટીમાં ઉંચી ફી ભરીને પ્રવેશ લેવા માટે ફરજ પડી જે ઘણી જ ગંભીર બાબત છે.

રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સીટીમાં અનામત વર્ગના વિદ્યાર્થીઓને પ્રવેશમાં તકલીફ પડી સાથો સાથ બિન અનામતના વિદ્યાર્થીઓને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો તે હકીકત છે.

શિક્ષણ વિભાગના અણઘડ આયોજન, પુરતી માહિતી માટે હેલ્પ સેન્ટરોનો અભાવ, જીસીએએસ પોર્ટલ પર પણ પુરતી માહિતીનો અભાવ, ફીના ધોરણો, બેઠકોની સંખ્યા, વિષયોની માહિતી જેવી મૂળભૂત બાબતો પણ ઉપલબ્ધ કરવામાં આવી નહોતી. જેનાથી ગુજરાતના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ભારે અસમંજસની સ્થિતિમાં અટવાઈ પડ્યા અને મોટા ભાગની યુનિવર્સીટીઓએ શરૂઆતમાં જ જીસીએએસમાંથી બહાર નીકળીને જાતે પ્રવેશ પ્રક્રિયા આરંભી દીધી હતી. શૈક્ષણિક સત્ર શરુ થવામાં વિલંબ થયો છે. પ્રવેશ પ્રક્રિયા કેટલો વખત ચાલશે તે ખુદ સત્તાધીશો જાણતા નથી અનેક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પ્રવેશ માટે એક કોલેજ થી બીજી કોલેજ અટવાઈ રહ્યા છે. સરકારી, ગ્રાન્ટઈનએડ કોલેજોમાં પણ ૧૫૦૦/- રૂ. ની સત્ર ફીથી અભ્યાસની તક હતી પણ પ્રવેશની પ્રક્રિયામાં ઉભી થયેલી અવ્યવસ્થાના કારણે બી.એ. બલ.કોમ અભ્યાસ ક્રમ માટે ખાનગી યુનીવર્સીટીમાં રૂ. ૫૦,૦૦૦/- થી રૂ. ૪,૦૦,૦૦૦/- જેટલી માતબર રકમ ફી પેટે વસુલી રહ્યા છે.

કોંગ્રેસે બેચરલ ઓફ આર્ટસ અને બેચરલ ઓફ કોમર્સ અભ્યાસક્રમ માટે સરકારી અને ગ્રાન્ટેડ કોલેજમાં વિશેષ વર્ગો શરુ કરવા જોઈએ ખાસ કરીને અંગ્રેજી માધ્યમ માટે બેચરલ ઓફ આર્ટસમાં ઘણી માર્યાદિત બેઠકો હોવાથી પરેશાની વધુ છે. ત્યારે પરવડે તેવી ફી માં ગુજરાતના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરવાની તક મળે તે જોવાની ફરજ રાજ્ય સરકારની છે.

### --------- પર્યાવરણ સંરક્ષણના હેતુ સાથે ---------

# જેડબલ્યુની નવી પહેલઃ અમદાવાદના પ્રહલાદનગરમાં વૃક્ષો વાવવાનો સંકલ્પ

### ૧૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરાશે

**અબતક, રાજકોટ**

આપણા શહેરને હરિયાળું અને આબોહવા સામેની લડાઈમાં મદદ માટેનું એક ઉમદા કાર્ય આ પહેલ કંપનીની નવી સીએસઆર શાખા જેડઅર્થ દ્વારા કરાય છે.

આ વનની અંદર વિવિધ સ્થાનિક પ્રજાતિઓ તેમજ આકારોના બે હજાર છોડનો સમાવેશ કરવામાં આવશે. ૨૦૦ વધુ મોટા વૃક્ષો હશે. જે છાયડો આપવા માટે ઉગાડવામાં આવશે.



૫૦૦ વધારે મધ્યમ કદના વૃક્ષો અને ૧૦૦૦ વધુ નાના છોડ ઝાડીઓનું આ વન બનશે. જે ત્રણ સ્તરનું હશે. અમારૂ લક્ષ્ય ઉપલબ્ધ જમીનના ૮૦% ભાગમાં ઘટાટોપ વન, જેમાં બાળકો માટેનો વિસ્તાર, લિલી તળાવ, શહેરી ખેતી, દરિયાઈ જગ્યાઓ, મધમાખી અને પતંગીયા વગેરેથી ઘેરાયેલું હશે. દરેક વૃક્ષને એક બાળક દ્વારા દત્તક લેવામાં આવશે. જેમાં તેના હાથની છાપ, નામ અને દત્તક લીધાની તારીખ કોતરવામાં આવશે.

જેડબ્લ્યુના એક્ઝીક્યુટીવ ડાયરેકટર શાંભવ ચૌહાણે જણાવ્યું હતું કે ''અમારો ધ્યેય સમૃદ્ધ ઈકોસિસ્ટમ બનાવવાનું છે. તેમજ પર્યાવરણ સંરક્ષણની પ્રેરણા આપવાનું છે.''ગયા વર્ષે જેડઅર્થ દ્વારા ગાંધીનગર પાસે ત્રણ તળાવોને પુનર્જીવીત કરવાની પહેલ કરી હતી અને ભૂર્ગભ જળ રીચાર્જ કરવા અને નિરાકરણ માટે ખભાળ કૂવો બનાવ્યો હતો. જેડઅર્થ પર્યાવરણીય મુદ્દાઓ તરફ કામ કરવામાં માટે સમર્પિત છે.

# વિઠ્ઠલભાઈ રાદડીયાની પાંચમી પુણ્યતિથિએ ૨૯મીએ જેતપુરમાં મેગા સર્વરોગ-નિદાન કેમ્પ

### સિટી કાઉન્સીલ, ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ એશો, સિનર્જી હોસ્પિટલના સહયોગથી યોજાનારા સેવાયજ્ઞનો લાભ લેવા જનતા જર્નાદનને પૂર્વ મંત્રી જયેશભાઈ રાદડીયાની હાંકલ

**અબતક, કરણ બારોટ, જેતપુર**

સમગ્ર સૌરાષ્ટ્ર પંથકના ખેડૂતો અને ગરીબ લોકોના ઉત્કર્ષ માટે આજીવન સેવાના ભેખધારી લોકનેતા અને પૂર્વ સાંસદ વિઠ્ઠલભાઈ રાદડીયાની પાંચમી વાર્ષિક પુણ્યતિથિ નિંમિતે શહેરની સેવાકીય સંસ્થા સીટી કાઉન્સીલ ઓફ જેતપુર તથા જેતપુર ડાંઈગ એન્ડ પ્રિન્ટીંગ એશોસીએશન દ્વારા તેમજ સિનર્જી હોસ્પીટલ,રાજકોટના સહયોગથી સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આગામી તા.૨૯-૦૭-૨૦૨૪, સોમવારના રોજ સવારે ૦૯/૦૦ કલાકે થી બપોરે ૦૧/૦૦ કલાક સુધી લેઉવા પટેલ સમાજ, ધોરાજી રોડ, જેતપુર મુકામે રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી અને વર્તમાન ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાના શુભ હસ્તે મેગા સર્વરોગ નિદાન કેમ્પનો શુભારંભ કરવામાં આવશે.





મેગા સર્વરોગ નિદાન કેમ્પમાં સિનર્જી હોસ્પીટલના નિષ્ણાત ડોકટરો જેવા ડો. કપિલભાઈ રાઠોડ - બીપી, ડાયાબીટીસ તથા ગંભીર રોગો માટે અને ડો. દિક્ષીત સવજીયાણી - હાડકા અને સાંધાના દર્દો માટે અને ડો. અરનબ ચટોપાધ્યાય - પેટ તથા આંતરડા ને લગતા રોગો માટે પોતાની દાક્તરી સેવાઓ આપશે. તેમજ ડો.શ્રુતિ ચોવટીયા - ગાયનેકોલોજીસ્ટ અને ડો. કેતન પરમાર - સ્ત્રી રોગ તથા આઈવીએફ નિષ્ણાત અને ડો. સુમીત ગાજીપરા - બાળ રોગ નિષ્ણાત તરીકે સંલગ્ન ક્ષત્રેમાં પોતાની દાક્તરી સેવાઓ આપશે. ડો. કેવીન અજુડીયા - જનરલ અને લેપ્રોસ્કોપીક સર્જન તરીકેના નિષ્ણાત ડોકટર તરીકે સેવા આપશે, જયારે ડો.જીસન વાઘેલા (રેડિયોલોજીસ્ટ) દ્વારા જરૂરીયાતવાળા દર્દીને એક્સ રે અને સોનોગ્રાફી કરી આપવામાં આવશે. ડો.ભાવેશભાઈ સોલંકી - આંખના સર્જન દ્વારા આંખોના વિવિધ રોગના નિદાન કરી આપશે. તેમજ ગોંડલની ખ્યાતનામ આંખની હોસ્પીટલ શ્રીમતિ શારદા જહાકીયા હોસ્પીટલ દ્વારા વિના મુલ્યે આંખોના ઓપરેશન કરી આપવામાં આવશે તથા ખુશી ઓપ્ટીકલ દ્વારા આંખના નંબર તપાસીને જરૂરિયાતવાળા લોકને વિના મુલ્યે ચશ્મા આપવામાં આવશે. સદર મેગા સર્વ રોગ નિદાન કેમ્પમાં બીપી,ડાયાબીટીસ, SPO2, ECG, BMI જેવા રિપોર્ટ વિનામુલ્યે કરી આપવામાં આવશે તેમજ દરેક દર્દીઓને જરૂરી દવાઓ પણ નિઃશુલ્ક આપવામાં આવશે.સીટી કાઉન્સીલ ઓફ જેતપુરના પ્રમુખ ચંદ્રેશભાઈ ધડુક, સેક્રેટરી વિનુભાઈ સિદ્ધપરા, પ્રોજેક્ટ ચેરમેન હેમતભાઈ ઢોલરીયા તેમજ જેતપુર ડાંઈગ એન્ડ પ્રિન્ટીંગ એશોસીએશનના પ્રમુખ જયંતીભાઈ રામોલિયા, ઉપપ્રમુખ સંજયભાઈ વેકરીયા, પ્રોજેક્ટ ચેરમેન મહેશભાઈ ગજેરા, સેક્રેટરી ચેતનભાઈ જોગી દ્વારા જેતપુર શહેર તથા ગ્રામ્ય વિસ્તારની જાહેર જનતાને મેગા સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે. આવા લોકસેવાના ઉમદા કર્યો થકી વિઠ્ઠલભાઈ રાદડીયાની પાંચમી પુણ્યતિથિ નિમિતે સ્વર્ગસ્થ જે સમગ્ર પંથકના જન-જનમાં હદયસ્થ છે એવા મહાન આત્માને શ્રધ્ધાંજલી આપવાનો સૌનો સહીયારો નમ્ર પ્રયાસ છે. અને જેતપુર પંથક માં સેવાકીય કાર્યો કરતી દરેક સંસ્થાને હર હંમેશા સદાય તત્પર એવા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાનું માર્ગદર્શન અને હૂંફ હંમેશા પ્રાપ્ત થાય છે.

**અટક બદલાવેલ છે**

આથી સર્વેને જાણ કરવામાં આવે છે કે મારૂ જુનુ નામ નંદલાલ રવજી બેરા પટેલ હતું. તેને બદલીને મારૂ નામ બેરા નંદલાલ રવજીભાઈ કરેલ છે તો હવેથી હું બેરા નંદલાલ રવજીભાઈ તરીકે ઓળખાઈશ. એડ્રેસ ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ, તુલસી હાઈટ્સ, રાજકોટ


**નામ બદલાવેલ છે**

મારુ નામ રામાણી કાજલ કમલેશ હતું તે બદલીને કાજલબેન રામાણી કરેલ છે

હવેથી હું મારા નવા નામ રામાણીકાજલબેન કમલેશભાઈ તરીકે ઓળખાઈશ

સહીઃK.K.RAMANI

સરનામું :- ગીતા નગર શંકર વાળી જેતપુર રોડ ગોંડલ ૩૬૦૩૧૧



૩૩મા વર્ષની પુર્ણાહુતી નિમિતે
(ગુજરાત વાસ્ક્યુલર સેન્ટર)
દેકીવાડીયા હોસ્પીટલ
દ્વારા લોહીની નસોનો નિદાન કેમ્પ
નીચે મુજબની તકલીફોવાળા દર્દીઓ માટે...
ચાલવા થી પગમા દુખાવો •
આંગળા ભૂરા પડવા •
ગેંગ્રીન •
ચક્કર આવવા •
પગમાં લાંબા સમય થી ના રૂઝાતું ચાંદુ •
પગની નસો ફૂલી જવી (વેરીકોઝ વેઇન) •
હાથ થાકી જવો અને હાથમા દુખાવો •
અચાનક પગ સોજી જવો (DVT) •
સ્થાપના ૨૧-૭-૧૯૯૧
તપાસ ફી ફક્ત રૂ. ૧૦૦/-
તા. : ૨૦-૭-૨૦૨૪, શનિવાર - સમય સવારે ૮ થી ૫
લાગુ પડતા દર્દીઓને એન્જીયોગ્રાફી/ઓપરેશન રાહત દરે કરી આપવામાંઆવશે
એપોઈન્ટમેન્ટ માટે: ફોન : ૦૨૮૧-૨૨૨૬૨૮૮ મો.: ૭૦૪૧૮ ૮૬૧૧૧
(ગુજરાત વાસ્ક્યુલર સેન્ટર)
સ્થળ: દેકીવાડિયા હોસ્પીટલ, બીઝનેસ સેન્ટર, કેનાલ રોડ, રાજકોટ
ADMEDIA

## તંત્રી લેખ

# હજુ ત્રણથી ચાર દાયકા ભારત માટે વસ્તી વધારાનો પ્રશ્ન યથાવત રહેશે

ગયા વર્ષે ભારત ચીનને પછાડીને વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બન્યો હતો. વિશ્વ વસ્તી દિવસ પર યુનાઈટેડ નેશન્સ દ્વારા બહાર પાડવામાં આવેલા એક રિપોર્ટ અનુસાર, ભારત ૨૦૬૦ના દાયકામાં વસ્તીના સૌથી ઊંચા શિખરે પહોંચી જશે. ત્યારે ભારતની વસ્તી લગભગ ૧૭૦ કરોડ થવાની સંભાવના છે. તે પછી ભારતની વસ્તી લગભગ ૧૨ ટકાના દરે ઘટશે. પરંતુ ૮૦ વર્ષ સુધી ભારત વસ્તીના મામલામાં ચીન કરતા આગળ રહેશે અને વર્ષ ૨૧૦૦ સુધી વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ રહેશે.

વ્લોબલ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૪ના રિપોર્ટ અનુસાર આગામી ૫૦ થી ૬૦ વર્ષ સુધી વિશ્વની વસ્તીમાં વધારો થવાની ધારણા છે. વિશ્વની વસ્તી સતત વધતી રહેશે અને ૨૦૮૪ સુધીમાં તેના ૧૦૩૦ કરોડના સર્વોચ્ચ સ્તરે પહોંચશે. ૨૦૨૪ માં વિશ્વની વસ્તી ૮૨૦ કરોડ છે. તેના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યા પછી, વૈશ્વિક વસ્તી ધીમે ધીમે ઘટવા લાગશે અને સદીના અંત સુધીમાં એટલે કે ૨૧૦૦ સુધીમાં, આ વસ્તી ઘટીને ૧૦૨૦ કરોડ થઈ જશે. રિપોર્ટ અનુસાર, ભારતની વસ્તી હાલમાં ૧૪૫ કરોડ હોવાનો અંદાજ છે અને ૨૦૫૪ સુધીમાં તે વધીને ૧૬૯ કરોડ થશે. ભારત ૨૧૦૦ સુધી સતત વિશ્વમાં ટોચ પર રહેશે. ભારતની વસ્તી ૨૧૦૦ ના અંત સુધીમાં ઘટીને ૧૫૦ કરોડ થઈ જશે. ભારતની વસ્તી વિશે વાત કરતા, યુએનના વરિષ્ઠ વસ્તી બાબતોના અધિકારી ક્લેર મેનોઝીએ જણાવ્યું હતું કે ભારત હાલમાં વસ્તીની દ્રષ્ટિએ વિશ્વનો સૌથી મોટો દેશ છે અને તે સદી દરમિયાન આમ જ રહેશે. એવું માનવામાં આવે છે કે તે ૨૦૬૦ ના દાયકામાં અથવા તેની આસપાસ તેની ટોચ પર પહોંચશે અને પછી થોડો ઘટાડો શરૂ કરશે. સદીના અંત સુધીમાં ભારતની વસ્તી આશરે ૧૫૦ કરોડ હોવાનો અંદાજ છે.

રિપોર્ટ અનુસાર, ચીનની વસ્તી, જે હાલમાં લગભગ ૧૪૧ કરોડ છે, તે ૨૦૫૪માં ઘટીને ૧૨૧ કરોડ થઈ જશે અને ૨૧૦૦ સુધીમાં તે વધુ ઘટીને ૬૩.૩ કરોડ થઈ જશે. આનો અર્થ એ છે કે ચીન તેની અડધાથી વધુ વસ્તી ગુમાવશે. વસ્તી નુકશાનની બાબતમાં ચીન સૌથી આગળ રહેશે. આના કારણે જાપાન પણ તેની લગભગ ૨.૧ કરોડ વસ્તી ગુમાવશે, સાથે જ રશિયાની વસ્તીમાં પણ લગભગ ૧ કરોડ ઘટાડો થશે. ચીનની ઘટતી વસ્તીના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે ચીનની વન ચાઈલ્ડ પોલિસીના કારણે આવું બન્યું છે, આજે ચીનમાં મોટાભાગની મહિલાઓ એક જ બાળક પેદા કરવાનું પસંદ કરી રહી છે, જેના કારણે ચીનની વસ્તીમાં ઘટાડો થશે. વિશ્વમાંથે જણાવ્યું હતું કે ઈમિગ્રન્ટ્સ વિના, કોઈપણ દેશને સ્થિર વસ્તી જાળવી રાખવા માટે લગભગ ૨.૧ ટકા પ્રજનન દરની જરૂર પડશે. જો પ્રજનન દર ૧.૮ અથવા ૧.૫ ની નીચે પહોંચે છે, તો તે લાંબા ગાળે વસ્તીમાં ઘટાડો લાવી શકે છે. ચીનની વસ્તીમાં ઘટાડાનું સૌથી મહત્ત્વનું કારણ એ છે કે તેમનો પ્રજનન દર પણ નીચો જવાની શક્યતા છે.

### પવિત્ર શ્રાવણ માસે

# સોમનાથ મહાદેવની ઓનલાઇન બિલ્વપૂજાનો કરવાનો 'શિવભકતો'ને મળશે લ્હાવો

## ભકતોને માત્ર રૂ.૨૫ના બિલ્વપૂજાના પ્રસાદમાં રૂદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ ભેટ

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

પવિત્ર શ્રાવણ માસના શિવ ભક્તો માટે વર્ષના મોટા ઉત્સવ એવા શ્રાવણ માસ પ્રથમ જ્યોતિર્લીંગ મહાદેવની ઘરે બેઠા ઓનલાઈન બિલ્વ પૂજા કરવા માટે માત્ર રૂ. ૨૫માં નોંધાવી શકશે.

શિવ ભક્તો માટે વર્ષના સૌથી મોટા ઉત્સવ એવા શ્રાવણ રૂપી ૩૦ દિવસિય શિવોત્સવ દરમિયાન શ્રી સોમનાથ મહાદેવ પર પ્રતિદિન લાખો બિલ્વપત્રો અર્પણ કરવામાં આવનાર છે. ક્યુઆર તથા ટ્રસ્ટ ની વેબસાઈટ પરથી ભક્તો બિલ્વ પૂજા ઘરેબેઠા નોંધાવી શકશે, અને આ બિલ્વાર્ચન સોમનાથ મહાદેવ ને પૂજારી દ્વારા કરવામાં આવશે. ત્યારે પ્રત્યેક ભક્ત પ્રથમ જ્યોતિર્લીંગ સોમનાથ મહાદેવ ને કરવામાં આવતી બિલ્વ પૂજાનો લાભ લઈ પુણ્ય પ્રાપ્ત કરી શકે તેના માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ ફરી એકવાર પ્રારંભ કરી રહ્યુ છે ''માત્ર રૂ. ૨૫ બિલ્વ પૂજા સેવા''.

અગાઉ સોમનાથ ટ્રસ્ટ દ્વારા મહાશિવરાત્રી ૨૦૨૩, શ્રાવણ ૨૦૨૩, અને મહાશિવરાત્રી ૨૦૨૪ પર ભક્તો માટે આ વિશેષ બિલ્વપૂજા સેવા'' શરૂ કરવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં ભક્તો તરફથી સોમનાથ મહાદેવને બિલ્વપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. આ પૂજનને ભક્તોનો વિક્રમ પ્રતિસાદ મળ્યો હતો. ત્રણે ઉત્સવોમાં ૩ લાખ જેટલા પરિવારોએ આ પૂજા નોંધાવી હતી અને આ પૂજાના પ્રસાદ સ્વરૂપે રુદ્રાક્ષ, ભસ્મ



અને બિલ્વપત્ર પોસ્ટ મારફત દેશભરમાં ભક્તોએ નોંધાવેલ સરનામા પર મોકલવામાં આવ્યા હતા.

શિવજીને ત્રણ પર્ણ વાળું બીલીપત્ર અર્પણ કરવાથી ત્રણ જન્મોના પાપો નાશ પામે છે. ત્યારે પવિત્ર શ્રાવણ માસમાં પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવને માત્ર ૨૫રૂ. ની ન્યોછાવર રાશિ થી બીલીપત્ર પૂજનના પુણ્યઅર્જનની સાથે-સાથે સોમનાથ ટ્રસ્ટ ભક્તોના આપેલા એડ્રેસ પર બિલ્વપૂજાના બીલીપત્ર, રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ સ્વરૂપે મોકલશે.

ગત શ્રાવણ માસમાં આ બિલ્વપૂજા પ્રારંભ કરવામાં આવી હતી જેને ભાવિકોનો વિક્રમજનક પ્રતિસાદ મળ્યો હતો. તમામ અપેક્ષાથી ઉપર જઈને દેશ ભરમાંથી ૨.૫૦ લાખ થી વધુ ભક્તોએ આ બિલ્વપૂજાઓ નોંધાવી હતી. અને શ્રી સોમનાથ ટ્રસ્ટે તમામ ભક્તોની બિલ્વપૂજાના યુટ્યુબ અને ફેસબુકના માધ્યમથી ભક્તોને લાઈવ દર્શન કરાવ્યા હતા. સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભાવિકોના સરનામે મોકલવામાં આવેલ રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ મેળવીને મોટી માત્રામાં ભાવિકોએ આભાર વ્યક્ત કર્યો હતો. એટલુજ નહિ ભાવિકોને કોઈ કારણસર પ્રસાદ ન મળ્યો હોય તેમને ફરી પોસ્ટ કરીને અથવા મંદિર કાર્યાલયેથી રુદ્રાક્ષ અને ભસ્મ પ્રસાદ આપવામાં આવ્યા હતા. જેથી યાત્રીઓ આ પૂજા સેવાથી અત્ય પ્રસન્ન બન્યા હતા.

ત્યારે શ્રાવણ ૨૦૨૪ પર સોમામથ ટ્રસ્ટની આ આઇકોનિક માત્ર ૨૫રૂ બિલ્વપૂજામાં લાભ લેવા માટે ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે આ અદ્દભુત બિલ્વ પૂજનનો લાભ લેવા માટે સોમનાથ ટ્રસ્ટની અધિકારીક વેબસાઈટ https://somnath.org/BilvaPooja/ બુક થઈ શકશે.

# ધોરાજીઃ અપૂર્વા શાળાના વિદ્યાર્થીઓનું પ્રમાણિકતાનું ઉમદુ ઉદાહરણ

**અબતક, રમણિકભાઈ ટોપીયા, ધોરાજી**

ધોરાજી ની અપૂર્વા સ્કૂલથી ત્રણેય વિદ્યાર્થીઓ ઘરે જતા હોય ત્યારે રોડ પરથી એક પાકીટ મળતા જેમાં રૂપિયા ૯૦૦/- રોકડા તથા અન્ય જરૂરી ડોક્યુમેન્ટ હતા.

ત્રણે વિદ્યાર્થીઓ અમાન પરવેશભાઈ બલોચ તથા અમન ઈદરીશભાઈ નિયાતર તથા રેહાન જાફરભાઈ જામ રાધા નગરમાં રહે છે તેઓ અપૂર્વા સ્કૂલ થી ઘરે જતા હોય જેમાં ત્રણેયને રોડ પરથી એક પાકીટ મળતા જેમાં રૂપિયા ૯૦૦/- રોકડા તથા અન્ય જરૂરી ડોક્યુમેન્ટ હતા જે પાકીટ લઈ ધોરાજી સીટી પોલીસ સ્ટેશનમાં આવતા પી.આઈ આરજે ગોધમ તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ કિશોરભાઈ લુણસિયા તથા અશોકભાઈ ગોહિલ તથા મહિલા પોલીસ હેડ કોન્સ્ટેબલ આરતીબેન ચાવડાએ જહેમત ઉઠાવી પાકીટના માલિક તીર્થ ધર્મેશભાઈ દઢાણીયા રહે ઈન્દ્રા તાલુકો માણાવદર જિલ્લો




જુનાગઢ વાળા નો સંપર્ક કરી તેઓને ધોરાજી સીટી પોલીસ સ્ટેશનને બોલાવી પાકીટ પરત કરેલ છે અને આ પાકીટ પરત કરનાર ત્રણેય વિદ્યાર્થીઓની પ્રમાણિકતાને બિરદાવેલ છે.

# ધારીઃ ઉનાના ભાચા ગામે કુવામાં પડેલી દિપડીનું કરાયું રેસ્કયુ

**અબતક, નિકુંજ મહેતા, ધારી**

ગીર અને બૃહદ ગીરમાં વન્યજીવોની સુરક્ષા સલામતીની સઘન વ્યવસ્થાથી આકસ્મીત આફતોમાં સપડાયેલા સિંહ દિપડી સહીતના વન જીવોના જીવ બચી જાય છે. ગીર (પૂર્વ) વન વિભાગ ધારી હેઠળ જસાધાર રાઉન્ડની ધોકડવા બીટના ઉના તાલુકાના ભાચા ગામે આવેલ દાનાભાઈ બીજલભાઈ વંશની વાડીના કુવામાં દિપડી પડેલ હોવાની તા. ૧૨-૭ ના વ્હેલી સવારના ૬ કલાકે વન વિભાગને જાણ થતાં રાજદિપસિંહ ઝાલા, નાયબ વન સંરક્ષક ધારી તથા એમ.આર. ઓડેદરા મદદનીશ વન



સંરક્ષક ઉનાના સીધા માર્ગદર્શન હેઠળ એલ.બી. ભરવાડ, રેન્જ ફોરેસ્ટ ઓફીસર જસાધાર તથા જસાધાર રાઉન્ડના સ્થાનીક સ્ટાફ તથા ટ્રેકર્સ ટીમ સાથે તાત્કાલીક સ્થળ પર પહોંચી સ્થળ ચકાસણી કરતા દિપડી કુવામાં પડેલ હોવાનું ધ્યાને આવતા પળનોય વિલંબ કર્યા કુવામાં પાંજરુ ઉતારી દિપડીનું જીવંત સલામત રીતે કુવામાંથી બહાર કાઢેલ અને હાલ આ દિપડી માદા-૧ ને જસાધાર તથા વન્યપ્રાણી સારવાર કેન્દ્ર ખાતે ઓબર્ઝેવેશન માટે ખસેડવામાં આવેલ છે.

# ધ્રાંગધ્રાઃ શિક્ષણ વિભાગની કર્મચારી મંડળીના પ્રમુખપદે બળદેવ ખટાણાની સર્વાનુમતે વરણી



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા** : ધ્રાંગધ્રા શિક્ષણ ખાતાના કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળી ધ્રાંગધ્રાના પ્રમુખ તરીકે કંકાવટી પ્રાથમિક શાળાના આચાર્ય બળદેવભાઈ ડી ખટાણાની બિનહરીફ વરણી કરવામાં આવી અને ઉપપ્રમુખ તરીકે સર અજીતસિંહજી હાઈસ્કુલના શિક્ષક પ્રકાશભાઈ સરાવાડીયાની વરણી કરવામાં આવી જેમાં તમામ કારોબારી સભ્યોની હાજરીમાં હરદેવસિંહ રાણા સહીત મોટી સંખ્યામાં શિક્ષકો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. હમેશા લોક ઉપયોગી કામગીરી કરતા બળદેવભાઈ ખટાણા અને પ્રકાશભાઈ સરાવાડીયાની વરણી કરાતા આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

# અમરેલીઃ અનુસુચિત જાતિના યુવક યુવતિઓ માટે યોગાસન તાલીમ શિબિર

## જિલ્લાના પ્રત્યેક તાલુકામાં ૪૫ વ્યકિતઓ માટે ચાર દિવસનું આયોજન

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા સંચાલિત રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષના અનુસૂચિત જાતિના યુવકો અને યુવતીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારે તાલુકાકક્ષાએ વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિરનું આયોજન, અમરેલી જિલ્લાનાં તમામ તાલુકામાં થશે. અમરેલી જિલ્લાનાં પ્રત્યેક તાલુકામાં યુવક-યુવતીઓ માટે નિયત કરવામાં આવેલા સ્થળે ૦૪ દિવસ માટે ૪૫ યુવક યુવતીઓ માટે વ્યક્તિત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર ઓગષ્ટ મહિનામાં યોજાશે.

આ શિબિર દરમિયાન શિબિરાર્થીઓના વ્યક્તિગત વિકાસ માટે યુવક મંડળની સ્થાપના, રચનાની કાર્ય પદ્ધતિ, પંચાયતી માળખાનો ખ્યાલ, નેતૃત્વ અંગેના ગુણોની ચર્ચા, સામાજિક દૂષણો સામે વિરોધ, રાષ્ટ્રીય એકતા તેમજ યુવક યુવતીઓની શક્તિઓને રચનાત્મક માર્ગે વાળવા અંગે તજજ્ઞો દ્વારા વિવિધ માર્ગદર્શન આપવામાં આવશે. શિબિરાર્થીઓના શારીરિક-માનસિક તેમજ આધ્યાત્મિક વિકાસ માટે યોગ શિક્ષકો દ્વારા વિવિધ પ્રકારનો આસનો દ્વારા સમજ આપવામાં આવશે. શિબિરાર્થીઓને આવવા-જવાના પ્રવાસ, ભોજન તેમજ નિવાસ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે.

આ શિબિરનો લાભ લેવા ઈચ્છુક હોય તેવા અનુસૂચિત જાતિના અમરેલી જિલ્લાનાં યુવક-યુવતીઓએ તાલીમ શિબિરમાં જોડાવા માટેનું ફોર્મ, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, બ્લોક સી, પ્રથમ માળ, રુમ નં.૧૧૦-૧૧૧ અમરેલી પરથી મેળવી તા.૨૨ જુલાઇ, ૨૦૨૪ સુધીમાં મોકલી આપવા અપીલ કરવામાં આવી છે.

# ધ્રાંગધ્રાઃ વાદીપરા નજીક આયુર્વેદ હોસ્પિટલનું લોકાર્પણ

## સાંસદ ચંદુભાઇ સિંહોરા સહિતના આગેવાનો રહ્યા હાજર

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રામાં રાજપર રોડ વાદીપરા નજીક ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર અને નિયામક આયુષ ની કચેરી ગાંધીનગર અંતર્ગત સરકારી



આયુર્વેદ હોસ્પિટલ ધ્રાંગધ્રા રાજપર રોડ વાદીપરા નજીક નવ નિર્મીત સંકુલ નુ લોકાર્પણ કાર્યક્રમ યોજાઇ ગયો. આ કાર્યમ મા સાંસદ ચંદુભાઇ સિહોરા ધારસભ્ય પ્રકાસભાઈ વરમોરા, જિલ્લા કલેકટર,પ્રાંત અધિકારી, મામલતદાર ધ્રાંગધ્રા નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા, , શહેર ભાજપ પ્રમુખ કિરિટસિંહ જાડેજા અને સાથે વિવિધ પદાધીકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધ્રાંગધ્રાઃ સી.એન. જ્વેલર્સને ૭૫ વર્ષ પુરા થતા ત્રણ દિવસીય ભવ્ય એક્ઝિબીશન

## આવતીકાલ સુધી શો-રૂમમાં અવનવી જ્વેલરી જોવા મળશે



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા** : ધ્રાંગધ્રામાં ૧૨-૦૭ શુક્રવારના રોજ સી. એન જ્વેલર્સ ૭૫ વર્ષે પુરા થતા ૧૨,૧૩,૧૪ ૩ દિવસ રાખેલ એકઝીબીશન માં ઉદઘાટન. આઈ. કે જાડેજા પૂર્વ કેબિનેટ મંત્રી ના હસ્તે કરવામાં આવેલ ત્યારે ઉપસ્થિત રહ્યા હતા તેમાં એપીએમસી ના ચેરમેન કનકસિહ ઝાલા સંગઠન પ્રમુખ કિરીટસિંહ જાડેજા,, નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા સહીત મોટી સંખ્યામાં આગેવાનો વેપારીઓ અને શહેરી જનો ઉપસ્થિત રહ્યા હતા ત્યારે એકઝીબીશન મા સોના ચાંદી હીરાની અવનવી ડીઝાઈન સાથેથી જ્વેલરી રાખવામાં આવી છે ત્યારે કીરીટભાઈ સોની રાણપુરા પરીવાર દ્વારા જહેમત ઉઠાવામા આવી હતી ત્યારે ત્રણ દિવસ ના એકઝીબીશન નો લોકોને લાભ લેવા જણાવામા આવ્યુ છે.

# ગાંધીધામઃ લાયન્સ કલબ દ્વારા સામાજીક આગેવાનના જન્મદિવસે સેવાકાર્યો દિપ્યા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

લાયન્સ કલબ ઓફ ગાંધીધામ દ્વારા આદિપુરના સાઈબાબા મંદિરમાં એક જ દિવસમાં ત્રણ સેવાકીય કાર્ય કરવામાં આવ્યા હતા. લાયન્સ કલબ



ઓફ ગાંધીધામ અને સીયુબી ક્લબ ઓફ ગાંધીધામ દ્વારા નવઘા દુનેજાના જન્મદિવસ નિમિત્તે સાંઈબાબા મંદિર, રામવાડી, આદિપુર ખાતે હંગર પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે. ૫૦૦ વ્યક્તિઓએ પ્રસાદનો લાભ લીધો હતો. લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામના શિષ્યવૃત્તિ પ્રોજેક્ટ તરીકે, તેજાભાઈ મેમાભાઈ આહીર અને સુરાભાઈ દેવાભાઈ આહીર મહિલા કોલેજના બી.એ.ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીનીની ૬૧૦૦/રુ ફી ચૂકવી હતી. આ પ્રોજેક્ટના સ્પોન્સર - અક્ષય શેટ્ટી અને પ્રોજેક્ટ ચેરપર્સન સુભદ્રા શેટ્ટી રહ્યા હતા. લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામના સ્કોલરશીપ પ્રોજેક્ટમાં શ્રી માતૃછાયા પ્રાથમીક શાળાના ધોરણ ૫ ના ,વિદ્યાર્થીની ૩૫૦૦ ફી ચૂકવી. સ્પોન્સર - એમ.જે.એફ. એલ વી મહેતા અને પ્રોજેક્ટ ચેરપર્સન રેખા શાહ રહ્યા હતા. આ તમામ સેવાકીય કાર્યમાં લાયન્સ ક્લબના પ્રમુખ પમન દુનેજા, સેક્રેટરી રવિ પમવાની, ટ્રેઝરર સુભદ્રા શેટ્ટી, મનોજ અજવાની, સાક્ષી પમવાની, ધીરેન મહેતા, હીરાલાલ ચાવલા અને ટીમના સમગ્ર સભ્યો હાજર રહ્યા હતા.

# બાબરાની સહકારી કોલજમાં કરાય વિશ્વ વસ્તી દિવસની ઉજવણી

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ બાબરા ખાતે કોલેજના આચાર્ય ડો. મેહુલ પંડ્યાના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ અને એન.એસ.એસ.ના સંયુક્ત ઉપક્રમે ''વિશ્વ વસ્તી દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના



એન.એસ.એસ વિભાગના કો-ઓર્ડિનેટર ડો.હિંમત મકવાણા દ્વારા વસ્તી વધારાને ભારતની સૌથી મોટી સમસ્યા ગણાવી હતી. આ તબક્કે તેઓએ વિશ્વના અલગ અલગ દેશોની વસ્તી અને ભારતની ખૂબ જ વધી ગયેલી વસ્તી વચ્ચેનો જમીન આસમાનનો ફરક ઉજાગર કર્યો હતો અને ત્યારબાદ સમાજશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપિકા ડો.રાધિકા વ્યાસ દ્વારા આધુનિક સમયમાં નવયુવાનોને આધુનિક આરોગ્ય લક્ષી જાતીય શિક્ષણ આપી યુવા જાગૃતિ લાવવાની હિમાયત કરી હતી. અંતમાં કોલેજના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને ભારતની યુવા શક્તિને કાર્ય કુશળ બનાવવા અને નાના કુટુંબની ભાવનાને સાકાર કરવા અનુરોધ કર્યો હતો. અંતે આ કાર્યક્રમ આયોજિત કરવા બદલ સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડો. હાર્દિક જોશી દ્વારા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં તમામ સ્ટાફગણ અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજર રહીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# બગસરાઃ આપાગીગા મંદિરના કોઠારી હરિબાપના ૫૮માં જન્મદિવસની ઉજવણી સેવાકાર્ય થકી કરાશે

**અબતક, સમીર વિરાણી, બગસરા**



આપાગીગા ગાદી મંદિર મહંત પૂ.જેરામબાપુના સાનિધ્યમાં આ મંદિર ની સેવામાં સતત જહેમત ઊઠાવી રહેલ કોઠારી હારિબાપુના જન્મ દિવસ નિમિતે ધાર્મિક પ્રસંગોની ઉજવણી તેમજ સામાજિક કાર્યક્રમો જેવાકે બંને સમયનું ભોજન તે પણ કોય પણ પ્રકારના જ્ઞાતિ જાતિના ભેદભાવ કર્યા વિના એક બેઠકે આપવામાં આવે છે તેમજ હાલમાં નવ નિર્માણ પામી રહેલ ભવ્ય મંદિરમાં પૂ.જેરામબાપુના સંકલ્પને સિદ્ધ કરી સતત સેવામાં જહેમત ઊઠાવી રહેલ આ મંદિર ના કોઠારી હરિબાપૂ નો ૫૮વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. આ તકે તમામ ભકતો તેમજ સ્નેહીઓ અને ગીગેવ ગ્રુપ તથા ગીગેવ રાસ મંડળ તેમજ પૂ.જેરામબાપુએ જન્મ દિવસ નિમિતે આશિર્વાદ આપી દીર્ઘાયુ માટે ઈશ્વર પાસે પ્રાર્થના કરેલ છે.

# અમરેલી જીલ્લામાં મેઘો મહેરબાન

## જળાશયોમાં નવાં નીરની આવકથી ખેડુતો ખુશખુશાલ

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લામા વાવણીનુ કામ મહદઅંશે પુર્ણ થઈ ગયુ છે. અને વાવણી પર સારા વરસાદની જરૂર હતી તેવા સમયે જ જિલ્લામા સાર્વત્રિક મેઘમહેર થઈ રહી છે. જિલ્લાના જુદાજુદા વિસ્તારમા અડધાથી લઇ ચાર ઈંચ સુધી વરસાદ ખાબકી જતા જગતનો તાત હરખાઈ ઉઠ્યો છે. વરસાદના આ રાઉન્ડથી જળાશયોમા નવા નીરની આવક થઈ રહી છે. મેઘરાજા ઓળઘોળ છે. મેઘરાજાએ ગ્રામ્ય વિસ્તારમા જમાવટ કરતા ત્રણથી ચાર ઈંચ વરસાદ વરસાવી દીધો હતો. રાણપર, નડાળા, ઈસાપર સહિતના ઉપરવાસમા ભારે વરસાદ પડતા થોરખાણ ગામની સરજુ નદીમા ઘોડાપુર જોવા મળ્યાં હતા. ઈશ્વરીયા, ખાખરીયા, ચરખા, ઉંટવડ, ચમારડી, દરેડ, જામબરવાળા, કિડી વિગેરે ગામમા ત્રણથી ચાર ઈંચ વરસાદ પડી જતા સ્થાનિક નદીઓમા ભારે પુર આવ્યા હતા. આ તમામ નદીઓ પરના ચેકડેમો છલકાઈ ગયા છે. અમરેલી શહેરમા ગઈકાલે દોઢ ઈંચ વરસાદ પડી ગયા બાદ આજે વધુ પોણો ઈંચ વરસાદ પડી ગયો હતો. બપોરના સમયે અહી ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. જયારે લીલીયા તથા આસપાસના વિસ્તારમા એક ઈંચ વરસાદ થયો હતો. સલડી, જાત્રોડા, ગોઢાવદર, પુંજાપાદર, અંટાળીયા, આંબા વિગેરે ગામોમા બપોરના સમયે એકથી દોઢ ઈંચ મેઘમહેર થઈ હતી. ધારી પંથક પર પણ મેહુલીયાની કૃપા દ્રષ્ટિ વરસતા એક ઈંચ કરતા વધુ વરસાદ થયો છે. આ ઉપરાંત વડીયા પંથકમા



૧૫, લાઠીમા ૧૨, લીલીયામા ૯, અમરેલીમા ૮, બગસરામા સાડા દસ, તથા રાજુલામા ૧૧ ઈંચ વરસાદ થયો છે.તો લીલીયા પંથકના વરસાદને પગલે લીલીયા શહેરની વચ્ચેથી પસાર થતી નાવલી નદીમા ભારે પુર આવ્યું હતુ. આ નાવલી નદી નાવલી બજારમાથી પસાર થતી હોય પુર વખતે વેપારીઓના વેપાર ધંધા અટકી ગયા હતા.

### દારૂની બદીને ડામવા નવા કાયદાના શસ્ત્રનો ઉપયોગ

# બુટલેગરો પર લગામ કસવા હવે ઓર્ગેનાઈઝડ ક્રાઈમ હેઠળ કાર્યવાહી : પહેલો ગુનો દાખલ

## એસએમસીએ ગોધરા-લુણાવાડા હાઈવે પરથી ક્રેટા કારમાંથી ઝડપેલા દારૂ પ્રકરણમાં ખેપ મારનાર અને મોકલનાર વિરૂદ્ધ ગુનો દાખલ

**અબતક, રાજકોટ**

દારૂબંદી વાળા ગુજરાતમે બેફામ શરાબનો કાળો કારોબાર કરવામાં આવે છે. અન્ય પ્રાંતમાંથી દારૂનો જથ્થો લઈ આવે ઉંચા ભાવે વેચાણ કરવામાં આવે છે. પોલીસ દ્વારા અવાર નવાર રેડ કરીને દારૂના જથ્થા સાથે ખેપ મારનારને પણ ઝડપી પાડવામાં આવતો હોય છે પણ અગાઉના કાયદામાં પ્રોહીબીશન એક્ટમાં લાંબી સજાની જોગવાઈ નહિ હોવાથી બુટલેગરો જેલમાંથી બહાર આવીને ફરીવાર કાળા કારોબારમાં લાગી જતાં હતા પણ ભારતીય ન્યાય સંહિતામાં કરવામાં આવેલી જોગવાઈ હેઠળ હવે બુટલેગરો ઉપર પણ ઓર્ગેનાઈઝડ ક્રાઈમની કલમો હેઠળ ગુનો નોંધી શકાતો હોય સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા રાજ્યમાં પ્રથમવાર બુટલેગરો વિરુદ્ધ ઓર્ગેનાઈઝડ ક્રાઈમની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય બાબત છે કે, ઓર્ગેનાઈઝડ ક્રાઈમની કલમો હેઠળ આજીવન કેદની જોગવાઈ છે.

ગુજરાતમાં પહેલીવાર બુટલેગર સહિત ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ ઓર્ગેનાઈઝડ ક્રાઈમનો ગુનો નોંધવામાં આવ્યો છે. અગાઉ આઈપીસી (ઈન્ડિયન પિનલ કોડ)માં બુટલેગરો સામે આવી કાર્યવાહીની કોઈ જોગવાઈ જ નહોતી. જો કે, ૧ જુલાઈએ અમલમાં આવેલા બીએનએસ (ભારતીય ન્યાય સંહિતા) હેઠળ સ્ટેટ મોનિટરિંગ સેલે આ કાર્યવાહી કરી છે. એસએમસીએ લુણાવાડા-ગોધરા હાઈવે પરથી દારૂ ભરેલી ક્રેટા કાર સાથે એક વ્યક્તિને ઝડપી પાડી હતી.

જે અગાઉ પણ અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂના જથ્થા સાથે પકડાયો હોય પોલીસે નવા કાયદા હેઠળ દારૂની ખેપ મારનારા અને દારૂ મોકલનારા રાજસ્થાનના બુટલેગર વિરુદ્ધ ઓર્ગેનાઈઝડ ક્રાઈમની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. જેના પગલે હવે ગેંગસ્ટરની જેમ બુટલેગરો અને તેમના સાગરીતોને પણ આજીવન જેલમાં ધકેલી શકાશે. સ્ટેટ મોનિટરીંગ સેલના પી.આઈ આર.જી ખાંટ અને ટીમે બુધવારે લૂણાવાડા હાઈવે પર બાતમી આધારે એક ક્રેટા કાર રોકી તેમાંથી ૧.૯૭ લાખની કિંમતનો દારૂ સાથે મુકેશ ડાંગી (રહે. ઉદેપુર, રાજસ્થાન)ની ધરપકડ કરી હતી. પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું હતુ કે, દારૂનો જથ્થો બૂટલેગર રાહુલ જૈન ઉર્ફ મેક્સે મોકલ્યો હતો અને હાલોલ-કાલોલ ખાતે કોઈ જગ્યાએ પહોંચાડવાનો હતો.

ઉપરાંત પકડાયેલો મુકેશ ડાંગી અગાઉ પણ ગાંધીનગર જિલ્લાના અડાલજ પોલીસ સ્ટેશનમાં દારૂના જથ્થા સાથે પકડાયો હોય પોલીસે બીએનસીની કલમ ૧૧૧ હેઠળ ઓર્ગેનાઝ્ડ ક્રાઈમનો ગુનો નોંધ્યો હતો.

સ્ટેટ મોનિટરિંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાયે આ મામલે જણાવ્યું હતું કે, અગાઉ ઈન્ડિયન પિનલ કોડમાં આવી કોઈ જોગવાઈ નહોતી. બીએનએસમાં નવી કલમ હેઠળ કાર્યવાહી થતા હવે બૂટલેગરોને પણ ગેંગસ્ટરની જેમ આજીવન જેલમાં ધકેલી શકાશે. કાયદા પ્રમાણે પ્રતિબંધિત વસ્તુની હેરાફેરીમાં દસ વર્ષની અંદર એક કરતા વધારે ચાર્જશીટ થઈ હોય છતાં આરોપી તે જ કૃત્ય ફરી કરે તો ઓર્ગેનાઈઝડ ક્રાઈમ હેઠળ કાર્યવાહીનો નવો કાયદો પરવાનગી આપે છે. જેનો આ કેસમાં ઉપયોગ કરવામાં આવ્યો છે.

### 'તને ડ્રગ્સના કેસમાં ફિટ કરી દેવો છે' તેવી ધમકી આપી

# રૂપ સુંદરીએ ગોંડલના યુવાનને પડધરી બોલાવી બે શખ્સો સાથે મળી રૂ. ૧.૦૭ લાખ પડાવી લીધા

## ખજૂરડી ગામની અવાવરૂ સ્થળે લઈ જઈ રોકડ, સોનાનો ચેઈન અને મોબાઈલ ફોન પણ લઈ લેવાયો

**અબતક, રાજકોટ**

ગોંડલના દૈયા ગામના યુવકનો રૂપ સુંદરી યુવતીએ વોટ્સઅપ કોલ મારફત સંપર્ક કરીને પડધરીના ખજૂરડી ગામની અવાવરું જગ્યાએ બોલાવી અન્ય બે શખ્સો સાથે મળીને કાવતરું ઘડી રૂ. ૧.૦૭ લાખની મતા પડાવી લેનાર એક યુવતી સહીત ત્રણ શખ્સો વિરુદ્ધ પડધરી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. નિતેશકુમાર ખીમજીભાઈ રાઠોડ નામના ૪૦ વર્ષીય વેપારી યુવાને પડધરી પોલીસ મથકના નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, એક અજાણી યુવતીએ વોટ્સઅપ કોલ મારફત સંપર્ક કરીને પોતે સેવાભાવનું કામ કરીએ છે તેવું જણાવ્યું હતું. તેમજ ફરિયાદીને મળવા બોલાવ્યો હતો. જે બાદ ભોગ બનનાર યુવક આ યુવતીને મળવા પડધરી તાલુકાના ખજૂરડી ગામે મળવા પહોંચ્યો હતો.

ખજૂરડી ગામે મળવા પહોંચતા યુવતી યુવકને અવાવરું જગ્યાએ લઈ ગઈ હતી. જ્યાં અગાઉથી જ બે શખ્સો હાજર હતા. જે અજાણ્યા શખ્સોએ યુવતીને ત્યાંથી બીજે મોકલી દઈ ભોગ બનનારને તેની ગાડીમાં બેસાડી આ યુવતી ડ્રગ્સનો ધંધો કરે છે અને તું એની સાથે આવેલ છે જેથી તને પણ ડ્રગ્સના કેસમાં ફસાવી દેવાનો છે તેવો ભય બતાવી એક શખ્સે પોતાની પાસે છરી હોવાનું જણાવી મારી નાખવાની ધમકી આપી ભોગ બનનાર પાસેથી રોકડ રૂ. ૪૨ હજાર તેમજ ગળામાં પહેરેલા ચેઈન કિંમત રૂ. ૧૨ હજાર તથા ફરિયાદી લના સંબંધીઓ પાસેથી ગુગલ પે મારફત રૂપિયા ૩૫ હજાર ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ ઉપરાંત ભોગ બનનાર યુવકનો ઓપો કંપનીનો ફોનની કિંમત રૂ. ૧૮,૯૯૯ પણ પડાવી લઈ આમ કુલ રૂ. ૧,૦૭,૯૯૯ની મતા પડાવી લીધી હતી.

હાલ પડધરી પોલીસે એક યુવતી સહીત ત્રણ શખ્સો વિરુદ્ધ બીએનએસની કલમ ૩૦૮(૫), ૬૧(૨)(ક) હેઠળ ગુનો દાખલ ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# જામસખપર ગામે મકાનમાંથી રૂ.૫.૭૦ લાખનો વિદેશી દારૂ પકડાયો

## જામજોધપુર પોલીસે દરોડો પાડી ૧૧૪૦ બોટલ શરાબ પકડાયોઃ ત્રણ ભાઈ ફરાર

**અબતક, ભરત ગોહેલ**
**જામજોધપુર**



જામજોધપુર તાલુકાના જામસખપર ગામે મકાનમાં સ્થાનિક પોલીસે દરોડો પાડી રૂ.૫.૭૦ લાખની કિંમતનો વિદેશી દારૂ સાથે રાણાવાવ પંથકના શખ્સને ઝડપી લીધો છે. દરોડા દરમિયાન નાશી છૂટેલા મકાન માલિક સહિત ત્રણની શોધખોળ હાથધરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જામજોધપુર તાલુકાના જામસખપર ગામે રહેતા ભાવેશ નારણ મોરી નામના શખ્સના મકાનમાં વિદેશીદારૂનો જથ્થો છૂપાવ્યો હોવાની સ્થાનિક પોલીસને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી મકાનમાંથી રૂા.૫.૭૦ લાખની કિંમતનો ૧૧૪૦ બોટલ દારૂ સાથે રાણાવાવ તાલુકાના મોટા રબારીપરાનો ભાવેશ નારણ મોરીની ધરપકડ કરી છે.

દરોડા દરમિયાન નાશી છૂટેલા મકાન માલિક ભાવેશ નારણ મોરી, રાજુ નારણ અને સુરેશ નારણ મોરી નાશી છૂટતા તેની શોધખોળ હાથધરી છે.

# ધ્રાંગધ્રાઃ ગુજરવદી ગામે જુગાર રમતા પાંચ શખ્સની ધરપકડ

## તાલુકા પોલીસે દરોડો પાડી રૂ. ૨૦ હજારનો મુદામાલ કબ્જે

**અબતક, સલીમ ઘાંચી**
**ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના ગુજરવદી ગામની સીમમાં મોટા અંકેવાળીયા જવાના માર્ગે જુગાર રમાતા તાલુકા પોલીસ પાચ જુગારીઓને રોકડ રકમ રૂપિયા ૧૦.૦૨૦, તથા બે નંગ મોબાઈલ સહીત ૨૦,૦૨૦ મુદ્દામાલ સાથે ઝડપી જુગારધારા મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી..

ધ્રાંગધ્રા તાલુકા પોલીસની ટીમને પેટ્રોલિંગ દરમીયાન ગુજરવદી ગામની સીમમાં મોટા અંકેવાળીયા જવાના માર્ગે જુગાર રમાતા હોવાની બાતમી મળતા



તાલુકા પોલીસ ઈન્ચાર્જ પીઆઈ એન એચ ચુડાસમા, અનિરુદ્ધસિંહ, ગેલેશભાઈ સ્ટાફ સહિતએ મોટા અંકેવાળીયા જવાના માર્ગે દરોડો કર્યો હતો દરોડા દરમિયાન આરોપી હસમુખભાઈ ચંદુભાઈ, ઈલિયાસભાઈ બાબુભાઈ, રાજેશભાઈ ભુપતભાઈ, ધીરુભાઈ હમીરભાઈ અને ભરતભાઈ દેવજીભાઈ તમામ રહે. ગુજરવદી સહિતનાઓ ઝડપી પાડી રોકડ રૂપિયા ૧૦,૦૨૦, બે નંગ મોબાઈલ એમ કુલ મળી ૨૦,૦૨૦ રૂપિયા જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુન્હો જુગારધારા મુજબનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ચુલી ગામે વરલીના જુગાર રમતો શખ્સ ઝડપાયો

ચુલી ગામ બસ સ્ટેન્ડ પાસે વરલી મટકાનો જુગાર રમતા આરોપી વાસુદેવભાઈ સોંડાભાઈ ડાભી , રહે ચુલી વાળાને પકડી તલાસી લેતા તેની પાસેથી વરલી મટકા ની આંકડા ની ચીઠીઓ મળી આવી હતી અને રોકડા રૂપિયા ૮૦૦ મળી કુલ મુદ્દામલ કબજે કરી આરોપી વિરુદ્ધ વરલી મટકાનો જુગાર ધારા મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરતી ધ્રાંગધ્રા તાલુકા પોલીસ.

# ભચાઉઃ બાઈક પર સ્ટંટ કરી રીલ બનાવનાર બેલડી ઝડપાય

## જોખમી ડ્રાઈવીંગનો વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો

**અબકત, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ભચાઉ ખારોઈ હાઈવે પર ભયજનક રીતે વાહન હંકાવી રીલ બનાવનાર ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે. ખારોઈ ભચાઉ હાઈવે ઉપર ભયજનક રીતે મોટરસાયકલ હંકારી રીલ બનાવતા બે યુવાનોને ભચાઉ પોલીસે ઝડપી પાડ્યા હતા. હાઈવે ઉપર ભયજનક રીતે મોટર સાયકલ હંકારી રીલ બનાવનાર પ્રકાશ ભીખાભાઈ કોલી અને ભાવેશ વાઘાભાઈ લાલાણીની મોટર સાયકલ સાથે ભચાઉ પોલીસે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી બંને વિરુદ્ધ કાયદેસરનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને મોટરસાયકલ ડિટેઈન કરવામાં આવી છે.

આ કામગીરી ભચાઉ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર તથા ભચાઉ પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

આ ઉપરાંત જાહેર અપીલ કરવામાં આવી કે સોસીયલ મીડીયામાં જાહેર રોડ તથા જાહેર જગ્યાઓ પર ભયજનક રીતે વાહનો હંકારી વિડીયો બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ કરી લોકોને ભયમાં મુકી ભયજનક વાતાવરણ ઉભું કરનાર ઈસમો ઉપર પુર્વ કચ્છ ગાંધીધામ પોલીસ દ્વારા સતત વોચ રાખવામાં આવે છે.જેથી લોકોમાં ભયનું વાતાવરણ ઉભું થાય તેવી રીતે જાહેર રોડ તથા જાહેર જગ્યાઓ પર વાહન હંકારી વિડીયો બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ કરવામાં આવશે તો પુર્વ કચ્છ ગાંધીધામ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# સાબરકાંઠાઃ દેશી બંદૂક સાથે એકને ઝડપાયો

## બે વોન્ટેડ આરોપીઓને ઝડપી લેવામાં એસ.ઓ.જી.ને સફળતા મળી

**અબતક, સંજય દિક્ષિત**
**ઈડર**

સાબરકાંઠા જિલ્લા એસઓજીની ટીમે વિજયનગર તાલુકાના ગામમાં ઘરમાંથી દેશી બંદૂક સાથે એક ઈસમને ઝડપી લીધો હતો જ્યારે હિંમતનગરના આરટીઓ સર્કલથી ત્રણ અલગ અલગ ગુનામાં સંડોવાયેલા આરોપીને ઝડપી લીધો છે વિજાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લઈને પોલીસ સ્ટેશન સોંપવામાં આવ્યા છે. વિજયનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એટીએસ ચાર્ટરની કામગીરીને લઈને એસઓજી ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલ બાતમી આધારે વિજયનગર તાલુકાના વદરી ડુંગરની તળેટી અસારી ફળિયામાં રહેતા આશિષ લક્ષ્મણભાઈ અસારીના બંદુક અને કેપ નંગ-૩ મળી આવતા આરોપી વિરુદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં આર્મસ એક્ટ મુજબ ગુનો નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

હિંમતનગર આરટીઓ સર્કલ પાસે રોડ પરથી ત્રણ ગુનામાં નાસતા ફરતા મહેસાણાના વિજાપુરમાં આવેલ સરકારી પશુ દવાખાના પાછળ રહેતા હનીફ જુમ્માભાઈ ડફેરને ઝડપી લીધો છે. જ્યારે અન્ય એક આરોપી હિંમતનગર આરટીઓ સર્કલ પાસેથી વિજાપુર પોલીસ સ્ટેશનમાં રાયોટ અને મારામારીના ગુનામાં નાસતા ફરતા આરોપી વિજાપુરમાં સરકારી પશુ દવાખાનાના પાછળ રહેતા મોબિન રમજાનભાઈ સિંધીને ઝડપી લઈને હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં સોંપ્યો હતો.

# ધ્રોલ : આર્થિક ભીંસથી કંટાળી યુવકે ઝેર પીધું

## સુરેન્દ્રનગરના યુવાનનો દેણુ વધી જતાં સંબંધીના ઘરે આપઘાતનો પ્રયાસ

**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર શહેરમાં ગણપતિ ફાટક પાસે અંકુર પાર્કની પાછળ મફતીયા પરામાં રહેતા યુવાને ધ્રોલ તાલુકાના લતીપર ગામે રહેતા સંબંધીના ઘરે ઝેર પી આપઘાતનો પ્રયાસ કર્યો છે.પોલીસ તપાસમાં યુવાને પૈસાનું દેણું વધી જતા ચિંતામાં પગલું ભર્યું છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ,સુરેન્દ્રનગર શહેરમાં ગણપતિ ફાટક પાસે અંકુર પાર્કની પાછળ મફતિયાપરામાં રહેતા પ્રવીણભાઈ જેમાભાઈ રાવળદેવ (ઉં.વ.૩૯) નામના યુવાને પોતે ધ્રોલના લતીપર ગામે હતા ત્યારે ઝેરી દવા પી જતા તેઓને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.પોલીસની પ્રાથમિક તપાસમાં યુવાને પૈસાનું દેણું વધી જતા ચિંતામાં પગલું ભર્યું હોવાનું માલુમ પડ્યું છે.યુવક ધ્રોલના લતીપર ગામે સંબંધીના ઘરે ગયો હતો ત્યારે તેણે ઝેરી દવા પી લીધી હતી.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધ્રોલ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી તપાસ હાથ ધરી છે.પ્રવીણભાઈ ડ્રાઈવિંગ કામ કરી છે.તેઓને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે.બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથધરી છે.

### ગુંદાસરામાં સગીરાએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ તાલુકા નાં ગુંદાસરા ગામે રહેતી સગીરાએ કોઈ અગમ્ય કારણોસર પોતાનાં ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરતા તાલુકા પોલીસે તપાસ હાથ ધરીછે. પ્રાપ્ત વિગત મુજબ ગુંદાસરા રહેતા નરશીભાઈ કાનજીભાઈ સમેજાની સોળ વર્ષની પુત્રી નેહાએ પોતાના ઘરે રુમમાં ગળાફાંસો ખાઈ લીધો હતો.સવારે તેની માતા અન્ય રુમમાં હતી.ત્યારે નેહા બીજા રુમમાં પોતા કરતી હતી.વાર લાગતા તેની માતાએ રુમમાં જઈ નજર કરતા નેહા ગળાફાંસો ખાધેલી હાલતમાં જોવા મળતા હતપ્રત બની ગયા હતા.બાદમાં પરીવારને જાણ કરી હતી.બનાવની જાણ થતા તાલુકા પોલીસનાં જીતુભાઈ વાળા દોડી આવી સગીરાનાં મૃતદેહને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો.નરશીભાઈ નો પરીવાર ગુંદાસરા નજીક આવેલાં કારખાનાં કામ કરેછે.અને કારખાનાની ઓરડીઓ માં રહેછે.સંતાન માં બે દિકરા વચ્ચે નેહા એક માત્ર દીકરી હતી.

# પાળીયાદ : ટિફિન લાવવામાં મોડું થતાં પતિએ પત્નીને દાંતરડું ઝીંકયું

**અબતક,રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલામાં મફતીયા પરામાં રહેતા યુવકને તેના સગીર મિત્રોએ જૂનાગઢથી પરત આવતી વેળાએ નાની મોલડી ગામે નજીવી બાબતે માર મારતા ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.મિત્રો રીક્ષા લઈને જુનાગઢથી પરત આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં મોટી મોલડી નજીક મારા મારી મા ઘવાયેલા યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યારે બોટાદ જિલ્લાના નાના છૈડા ગામે રહેતા પરિણીતાને ભાથું લઈને આવતા મોડું થઈ જતાં પતિએ દાતરડું છૂટું મારતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

### જુનાગઢ ફરવા ગયેલા મિત્રો મોટી મોલડી ગામે નજીવી બાબતે બાખડયા ,યુવક ઘાયલ

પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર,સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલામાં મફતીયા પરામાં રહેતા ઉદયભાઈ ભુપતભાઈ ઝરવરીયા (ઉં.વ.૧૯) નામના યુવકને ગત તા.૮ ના રાત્રિના નવેક વાગ્યાની આસપાસ પોતે મોટી મોલડી ગામે હતા ત્યારે કાનો (ઉં.વ.૧૫)અને અન્ય પાંચ શખ્સોએ યુવકને માર મારતા ઈજાગ્રસ્ત હાલતમાં તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.પોલીસની પ્રાથમિક તપાસમાં યુવક તેના નાના ભાઈ કરણ (ઉં.વ.૧૬) અને સાથી મિત્રો સાથે જૂનાગઢથી ચોટીલા પરત આવી રહ્યો હોય,દરમિયાન મોટી મોલડી ગામે યુવકના નાના ભાઈ કરણને તેના મિત્ર કાના સાથે બોલાચાલી થતા મિત્રો વચ્ચે બોલચાલ થતાં બધા મિત્રો અંદરો અંદરી બાખડી પડયા હતા,જેમાં યુવકને વધુ ઈજા પહોંચતા તેને સારવાર રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે નાની મોલડી પોલીસ મથકને જાણ કરતા પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથધરી છે.યુવક અને તેના મિત્રો સાથે કારખાનામાં કામ કરે છે.

જ્યારે બોટાદ જિલ્લાના નાના છૈડા ગામે રહેતા ચંદ્રિકાબેન જેઠાભાઈ રાઠોડ (ઉં.વ.૩૫)નામના પરિણીતાને ભાથુ લઈને જવાના મોડું થઈ જતાં પતિએ દાતરડાનો છૂટો ઘા ઝીંક્યા બાદ ઘરે આવી ઢીકા પાટુંનો માર મારતા તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. દંપતી ના લગ્નને સાત વર્ષનો સમયગાળો પૂર્ણ થયો છે અને તેઓને સંતાનમાં બે પુત્રો છે. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પાળીયાદ પોલીસને જાણ કરતા પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

### તું માતાજીના માંડવાના ફાળાના પૈસા ખાઈ ગયો છો તેમ કહી

# જેતપુરના થાણા ગાલોલ ગામે યુવાનની કરપીણ હત્યા

## સવા વર્ષ પહેલા ધાર્મિક પ્રસંગનો હિસાબ બાબતે ચાલતા વિવાદનો કરૂણ અંજામઃ હત્યારાની શોધખોળ

**અબતક, રાજકોટ**

જેતપુર તાલુકાના થાણા ગાલોલ ગામે સવા વર્ષ પહેલા સમસ્ત કોળી સમાજ વેલનાથ મંદિરે સવા વર્ષે પહેલા મંદિરે માતાજીના માંડવામાં થયેલા ખર્ચ બાબતે અવાર-નવાર હિસાબ મામલે થયેલી માથાકૂટમાં કમીટી મેમ્બરનું ઢીમ ઢાળી દઈ નાશી છૂટેલા હત્યારાને ઝડપી લેવા તાલુકા પોલીસ મથકના સ્ટાફે દોડધામ આદરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જેતપુર નજીક થાણા ગાલોલ ગામે રહેતા રણજીતભાઈ મગનભાઈ મકવાણા નામના યુવાનની ગત રાત્રે અશોક વજુ મકવાણા નામના શખ્સે તિક્ષ્ણ હથિયાર વડે મોતને ઘાટ ઉતાર્યાની તાલુકા પોલીસ મથકમાં મૃતકના ભાઈ મિલનભાઈ મગનભાઈ મકવાણાએ ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે થાણા ગાલોલ ગામે સમસ્ત કોળી સમાજ વેલનાથ મંદિરે માંડવો કરવાનું આયોજન કરવામાં આવ્યો હતો. જે માંડવાના ખર્ચ બાબતે એક કમિટીની રચના કરવામાં આવી હતી. જેમાં ૧૫ થી ૨૦ સભ્યો હતા. જે માંડવામાં થયેલા ખર્ચનો વહિવટ ફરિયાદીના ભાઈ રણજીતભાઈ પાસે અને અશોક વજુભાઈ મકવાણા અવાર-નવાર માંડવામાં થયેલા ખર્ચ બાબતે હિસાબ માંગતો હોય અને કહેતો હોય કે તું માતાજીના માંડવામાં થયેલા ફાળાના પૈસા ખાઈ ગયેલો છો. જેથી મારે પત્રકારોને બોલાવવા છે. તેમ કહી મારા ભાઈ સાથે ઝઘડો કરતો હોય બાદ ગત રાત્રે ફરી રણજીત અને અશોક મકવાણા વચ્ચે થયેલી બોલચાલીમાં ઉશ્કેરાયેલા અશોકે રણજીત મકવાણા ઉપર તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરતા લોહી લુહાણ હાલતમાં જેતપુરની ખાનગી અને ત્યાંથી વધુ સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પોલીસને જાણ કરતા દોડી આવી હતી. પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી નાશી છૂટેલા હત્યારા અશોકને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

# કોડીનાર : દંપતી વચ્ચે ઝઘડો થતા યુવકનો આપઘાત

## વેલણ ગામના માછીમારે ઝેર પી જીવન ટૂંકાવ્યું

**અબતક, રાજકોટ**

કોડીનારના વેલણ ગામે યુવકે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.જ્યાં ચાલુ સારવારમાં મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ વેલણ ગામે રહેતા અને ઓખા બંદરે માછીમારી કરતા કરસનભાઈ કાળાભાઈ વંશ (ઉ.વ.૪૦) નામના યુવકે પોતાના ઘરે ઝેરી દવા પી લેતા સારવાર માટે પ્રથમ કોડીનાર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવતા તેનું ચાલુ સારવારમાં મોત નિપજ્યું છે.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે કોડીનાર પોલીસને જાણ કરી હતી, યુવક બે ભાઈ બે બહેનમાં ત્રીજા નંબરે છે, સંતાનમાં એક દીકરો ત્રણ દીકરી છે. દંપતી વચ્ચે ઝગડો થતા વાડી જઈ ઝેરી દવા પી લીધી હતી. વધુ તપાસ કોડીનાર પોલીસે હાથ ધરી છે.

# યુવકને મરવા મજબુર કરનાર યુવતી સહિત ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

## સ્પા પાર્લરમાં નોકરી કરી સેક્સ રેકેટ ચલાવતી યુવતી પોલીસકર્મી અને કોયલીના એક શખ્સનો સ્યુસાઇડ નોટમાં ઉલ્લેખ

**અબતક, ઋષિ મહેતા મોરબી**

મોરબીમાં ટુર્સ એન્ડ ટ્રાવેલ્સમાં ડ્રાઈવિંગ કરતા ટંકારના લજાઈ ગામના યુવકે મોરબી સમાકાંઠા વિસ્તારમાં આવેલ સીરામીક સીટી એપાર્ટમેન્ટ ખાતે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે મૃતક યુવાને સ્યુસાઈડ નોટ લખેલ એક ચિઠ્ઠીમાં પોતાને મરવા મજબૂર કરનાર સ્પા પાર્લરમાં કામ કરતી મિજોરમની યુવતી, તથા અમદાવાદ થલતેજ પોલીસ મથકમાં આઈએસઆઈ તરીકે ફરજ બજાવતા પોલીસકર્મી તથા મોરબી નજીક આવેલ કોયલી ગામના એક શખ્સનું નામ લખેલ હોય . ત્યારે હાલ મોરબી બી ડિવિઝન પોલીસે નીચી માંડલ ગામ નજીક આવેલ પાર્લરમાં નોકરી કરતી મિજોરમ રાજ્યની મારીયા નામની યુવતીની ધરપકડ કરી લેવામાં આવી છે, જ્યારે અન્ય બંને આરોપીઓને પકડવા માટે તપાસની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ટંકારના લજાઈ ગામે રહેતા મુકુંદભાઈ નટવરલાલ મકવાણા ઉવ.૨૭ એ મોરબી બી ડિવિઝનમાં આરોપી તરીકે લાલમોનપુઇ ઉર્ફે મારીયા વનલાલમાવીઆઅપેના ઉવ.૨૭ ધંધો સ્પામાં નોકરી રહે.ઝાબ આઈ૫ એપાર્ટમેન્ટ નં.૨૦૨ સીરામીક સીટી મોરબી-૨ મુળગામ કુઈપુઈ બારી મિજોરમ, અમદાવાદ થલતેજ પોલીસ મથકના પોલીસકર્મી લાલજી ભરવાડ તથા વિશાલ બોરીચા રહે.કોયલી તથા તપાસમા ખુલે તેની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરીયાદિ મુકુંદભાઈના નાનાભાઇ મૃતક ધ્રુવભાઇને આરોપી મારીયાબેન (લાલમોનપુઇ) સાથે પ્રેમ સબંધ હોય અને તેમની સાથે સીરામીક સીટી એપાર્ટમેન્ટમાં ભાડે રહેતા હોય ત્યારે આરોપી મારીયાએ અમદાવાદ ખાતે મૃતક ધ્રુવ ઉપર ખોટા આક્ષેપો કરેલ કે ધ્રુવભાઈએ અમદાવાદ એરપોર્ટ ખાતેથી બળજબરીથી અપહરણ કર્યું અને બળજબરી કરે છે તેવા ખોટા આક્ષેપ કરી અમદાવાદ થલતેજ પોલીસ મથકમાં ફરજ બજાવતા આઈએસઆઈ લાલજીભાઈ ભરવાડ સાથે મળી ધ્રુવભાઈ પાસેથી પૈસા પડાવેલ હોય અને આરોપી વિષસ્ક બોરીચાએ ધ્રુવભાઈની ગાડી ગીરવે રાખેલ હોય જેના પૈસા બાબતે ધ્રુવભાઈને જાતી પ્રત્યે હડધુત કરી ધાક ધમકીઓ આપી હતી ત્યારે ધ્રુવભાઈને મરી જવા માટે મજબુર કરેલ હોય જેના કારણે મરણ જનારે ગળેટુપો ખાઈ આત્મહત્યા કરી લીધાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. ત્યારે બી ડિવિઝન પોલીસે ત્રણેય આરોપીઓ સામે એટ્રોસિટી તથા મરવા મજબુર કરવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપી મિજોરમની મારીયાની અટક કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે મૃતક ધ્રુવભાઈએ પોતાની સાથે થયેલ તમામ બાબતનું સ્યુસાઈડ નોટમાં આરોપીઓના નામજોગ ઉલ્લેખ કરી પોતાની આપવીતી સંક્ષિપ્તમાં વર્ણવી હતી.

# હળવદઃ યુવતીની છેડતી કરતા બે લુખ્ખાઓ સામે કાર્યવાહી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદના ગ્રામ્ય વિસ્તારના એક ગામમાં ૧૮ વર્ષીય યુવતી ભેંસો ચરાવીને ઘરે જઈ રહી હોય ત્યારે બે રોમિયોટાઈપ લુખ્ખાએ યુવતીની શારીરિક છેડતી કરી હોવાની ફરિયાદ ભોગ બનનાર યુવતી દ્વારા હળવદ પોલીસ મથકમાં નોંધાવવામાં આવતા પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર હળવદ તાલુકાના એક ગામમાં રહેતી ૧૮ વર્ષીય યુવતીએ આરોપી રામજીભાઈ વેલાભાઈ કુણપરા રહે.હળવદ તાલુકાના માલણિયાદ ગામ તથા એક અજાણ્યા ઈસમ એમ બે આરોપીઓ સામે હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે ગત તા. ૧૧/૦૭ના રોજ સાંજના સુમારે ફરીયાદી યુવતી ભેંસો લઈ ગામમાં કેનાલ રોડ પર થઈને ઘરે આવવા નિકળેલ ત્યારે કેનાલમાં બંને આરોપીઓ નાહતાં હતાં. ત્યારે યુવતીને જોઈ આ બન્ને રોમિયોછાપ લુખ્ખાઓએ તાળી પાડેલ પરંતુ યુવતીએ કોઈ ધ્યાન આપેલ નહી.અને યુવતી ઘર તરફ ચાલવા લાગેલ જ્યાંથી થોડે દુર યુવતી પહોંચી હશે ત્યારે તાળી પાડનાર બન્ને આરોપીઓએ મોટર સાઈકલ લઈ યુવતીનો પિછો કરી ચાલતાં મોટરસાઈકલે યુવતીની શારીરિક છેડતી કરી હતી. ત્યારે યુવતી સાથે બનેલ બનાવથી હતપ્રત થઈ ગયેલ યુવતી દ્વારા બંને આરોપીઓ સામે હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# બીમારી સબબ હોસ્પિટલ લઇ જતી વેળા રસ્તામાં આધેડનું મૃત્યુ

**અબતક, ઋષિ મહેત મોરબી**

મોરબી સામાકાંઠા વિસ્તારમાં માળીયા વનાળીયા સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય યુવકને કોઈ બીમારી અન્વયે ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા બાદ વધુ સારવારમાં મોરબી સિવિલ હોસ્પિટલ જતી વખતે હોસ્પિટલે પહોંચે તે પહેલાં આધેડનું રસ્તામાં જ પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર મોરબી-૨ માળીયા વનાળીયા સોસાયટીમાં રહેતા ભરતભાઇ દિલીપભાઇ સોલંકી ઉવ.૪૦ ગત તા.૧૨/૦૭ ના રોજ પોતાના ઘરે હતા ત્યારે સવારના ૦૭ વાગ્યાની આસપાસ કોઈ બીમારી સબબ મોરબીની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ મોરબી સરકારી હોસ્પિટલ લઈ જતા હોય ત્યારે રસ્તામા જ દિલીપભાઈ મુત્યુ પામતા મ્રુત હાલતમા મોરબી સરકારી હિસ્પિટલ ખાતે પી એમ માટે ડેડબોડી લાવવામાં આવી હતી. ત્યારે હાલ સીટી બી ડિવિઝન પોલીસે મૃતદેહનું ઈન્કવેસ્ટ પંચનામું કરી પીએમ સહિતની કામગીરી માટે લાશને સોંપી આપેલ છે.

# બહેનને ભગાડી જવાનો ખાર રાખી યુવકના ઘરમાં આગ ચાંપી

## યુવતીના ભાઈ સહિતના પરિવારજનોએ ઘર સળગાવતા ઘર વખરી બળીને ખાખ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીમાં સમાકાંઠા વિસ્તારમાં આવેલ રામકૃષ્ણનગરમાં રહેતો યુવક આઠેક દિવસ પહેલા વાંકાનેર રહેતી યુવતીને ભગાડીને લઈ ગયો હોય જે બાદ ચાર દિવસ પૂર્વે બંને યુવક-યુવતી સામેથી વાંકાનેર સીટી પોલીસ મથકમાં હાજર થયાની જાણ થતા યુવકના માતાપિતા સહિતનો પરિવાર ઘરને તાળું મારી વાંકાનેર પોલીસ મથકમાં ગયા હોય ત્યારે યુવતીના ભાઈ સહિતના પરિવારજનોને બંધ ઘરને આગ ચાંપી દેતા ઘરમાં રહેલ તમામ ઘરવખરી બળીને ખાક થઈ ગયી હતી. ત્યારે યુવકના પિતા દ્વારા આરોપી બે મહિલા સહિત ચાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ ગોપાલ સોસાયટીની સામે રામકૃષ્ણનગર એફ-જમાં રહેતા રાજેશભાઈ ડાયાલાલ ચાવડા ઉવ.૫૧ એ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી રોહીતભાઈ કોળી તથા તેની સાથે આવેલ અજાણ્યો એક માણસો તથા બે બૈરાઓ રહે.વાંકાનેર સામે ફરિયાદ નોંધાવી કે ઉપરોક્ત ચારેય આરોપીઓએ રાજેશભાઈનું ઘર સળગાવી નાખતા બી ડિવિઝન પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ફરી છે. ત્યારે ફરિયાદી રાજેશભાઈએ પોતાની ફરિયાદ લખવતા જાહેર કર્યું કે તેમનો દિકરો કાનજી આરોપી રોહિતભાઈની બહેન ગાયત્રીને ભગાડી લઈ ગયેલ બાદ પાછા પરત વાંકાનેર પોલીસ સ્ટેશન ખાતે હાજર થયેલ હોય જેથી રાજેશભાઈ પોતાના પરીવાર સાથે વાંકાનેર પોલીસ સ્ટેશન ગયેલ હોય ત્યારે આ આરોપીની બહેન પોતાના પરીવાર સાથે પાછી તેના ઘરે જતી રહેલ હોય તેમ છતા જેનક ખાર રાખી ચારેય આરોપીઓએ મોરબી આવી રાજેશભાઈના ઘરમાં આગ ચાંપી દઈ ઘરમાં રાખેલ ફ્રિજ, ટીવી, કબાટ, સેટી પલંગ ગાદલાગોદળા તથા ઘરવખરીનો તમામ સરસમાન સળગાવી આશરે રૂ.૬૦,૦૦૦/- નુકસાની કર્યું હતું . તેમજ ત્યારબાદ રાજેશભાઈના મોબાઈલમાં કોલ કરી ફોન ઉપર આખા પરીવારને સળગાવી દેવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી.

# ખનીજ માફિયાઓની માહિતી સરકારી તંત્રમાંથી લીક થયાની રાવ

## માહિતી આપનાર ભારતીય થલ સેનાના હેડ ક્લાર્ક સૈનિક અને તેના પરિવાર ઉપર જીવનું જોખમ ઉભું થયાનો અગ્ર સચિવ રજુઆત

**અબતક, ઋષિ મહેતા મોરબી**

મોરબી શહેરમાં રહેતા અને ભારતીય થલસેનામાં ફરજ બજાવતા પ્રવિણસિંહ ઝાલાએ ભુમાફિયા તથા ખનીજ માફિયા વિરુદ્ધ નામજોગ અરજી મોરબી જીલ્લા કલેક્ટર, મોરબી ભૂસ્તર શાસ્ત્રી તેમજ વાંકાનેર પ્રાંત અધિકારી કચેરીમાં ઈમેલ મારફત મોકલી હતી. જે અરજી કર્યાને માત્ર ૧૬ કલાકમાં આ સમગ્ર માહિતી લીક થઈ ગઈ હતી જેથી માહિતી માહિતી આપનાર અને તેના પરિવાર ઉપર જીવનું જોખમ ઉભું કરનાર તમામ વિરુદ્ધ ગાંધીનગર રેવન્યુ વિભાગના અગ્ર સચિવને લેખિત રજુઆત કરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે મોરબીના સમાકાંઠા વિસ્તારમાં રહેતા અને જમ્મુ ખાતે ભારતીય થલસેનામાં હેડ ક્લાર્ક તરીકે ફરજ બજાવતા પ્રવિણસિંહ બહાદુર સિંહ ઝાલા દ્વારા મોરબી જીલ્લા કલેકટર, મોરબી જીલ્લા ભૂસ્તર શાસ્ત્રી તથા વાંકાનેર પ્રાંત અધિકારીને ભૂમાફીયા વિરૂદ્ધ નામજોગ અરજી કર્યાના માત્ર ૧૬ કલાકમા જ અરજી ભૂમાફીયાઓ સુધી પહોંચી ગયાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્યારે મોરબી જીલ્લાના કલેકટર, વાંકાનેર પ્રાંત તથા મોરબી જીલ્લા પ્રાંત વિરૂદ્ધમાં અગ્ર સચિવમાં લેખિત રજુઆત કરી ઉચ્ચતર તપાસની માંગ કરવામાં આવી છે.

# વાંકાનેર નજીક મચ્છુ-૧ ડેમમાંથી અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો

**અબતક, ઋષિ મહેતા મોરબી**

વાંકાનેર તાલુકાના રૂપાવટી ગામ નજીક મચ્છુ-૧ ડેમના પાણીમાં અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારે બિનવારસી હાલતમાં મળી આવેલ આશરે ૪૦ વર્ષ થઈ ૪૫ વર્ષ ઉંમરના અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવતા વાંકાનેર તાલુકાના રૂપાવટી ગામના ભવાનભાઈ ઘોઘાભાઈ રાઠોડની ફરિયાદને આધારે વાંકાનેર તાલુકા પોલીસે હાલ અ.મોતની નોંધ કરી અજાણ્યા પુરુષના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડવાની કામગીરી હાથ ધરી આગળની તપાસ ચલાવી છે.

# ફેક્ટરીમાં રમતા રમતા માટીના કૂવામાં પડી ગયેલા ૪ વર્ષીય માસૂમ બાળકીનું મોત

**અબતક, ઋષિ મહેતા મોરબી**

મળતી વિગત અનુસાર મૂળ મધ્યપ્રદેશના રહેદડા ગામના વતની અને હાલ રંગપર ગામે આવેલ નોટો સીરામીકમાં કામ કરતા અને હાલ કારખાનાની લેબર કોલોનીમાં રહેતા શ્રમિક પરિવારની ૪ વર્ષીય દીકરી મિનાક્ષીબેન કાળુભાઈ ભુરસીંગભાઈ બામનીયા નોટો સીરામીકના માટી ખાતામાં રમતી હોય ત્યારે અકસ્માતે માટી ભરેલ કૂવામાં પડી જતા માસૂમ બાળકીનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ મોરબી તાલુકા પોલીસે ૪ વર્ષીય બાળકીના અકાળે મૃત્યુ અંગે અ. મોતની નોંધ કરી ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારાના હડમતીયા ગામે ત્રણ જુગારી પોલીસની ઝપટે ચડ્યા

**અબતક, ઋષિ મહેતા મોરબી**

ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે મળેલ બાતમીને આધારે હડમતીયા ગામે દરોડો પાડતા હડમતીયા પ્લોટ વિસ્તારની નિશાળની બાજુમાં આવેલ ખુલ્લા પટ્ટમાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તિના જુગારની મજા માણતા આરોપી રાહુલભાઈ દલપતભાઈ ચાવડા ઉવ.૩૨ રહે.હડમતીયા ગામ, લખમણભાઈ અમુભાઈ જાદવ ઉવ.૩૫ રહે.સજનપર તા.ટંકારા, નાથાભાઈ હમીરભાઈ ચાવડા ઉવ.૩૫ રહે.હડમતીયા તા.ટંકારાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. જ્યારે પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧૩,૨૦૦/-કબ્જે કર્યા હતા. ત્યારે તમામ પકડાયેક આરોપીઓ સને જુગરધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના દરબારગઢ નજીકથી ઘર પાસે પાર્ક કરેલા બાઇકની ઉઠાંતરી

**અબતક, ઋષિ મહેતા મોરબી**

મોરબીના દરબારગઢ નજીક આવેલ એસબીઆઈ બેંકની બાજુમાં ભાડે રહેતા યુવકે પોતાના ઘર પાસે પાર્ક કરેલ બાઇક કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ અત્રેના એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધવાઈ છે.

બાઈક ચોરીની મળતી માહિતી મુજબ જુનાગઢ જીલ્લાના હાંડલા ગામના વતની ખેતાભાઈ વાલાભાઈ મહિડા ઉવ.૪૫ એ અજાણ્યા બાઈક ચોર ઈસમ વિરુદ્ધ સીટી એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવી કે ખેતાભાઈના નામે હીરો હોન્ડા સ્પ્લેન્ડર રજી.નં. જીજે-૧૧-સીબી-૧૧૭૩ હોય તે બાઈક મોરબી ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરતા ખેતાભાઈનો પુત્ર કુલદીપભાઈ ઉપયોગ કરે છે. ત્યારે ગત તા. ૦૮/૦૭ ના રોજ કુલદીપભાઈએ પોતાના નિત્યક્રમ અનુસાર ફાઈનાન્સ કંપનીની નોકરીએથી પરત આવી ઉપરોક્ત સ્પ્લેન્ડર પ્લસ બાઈક ભાડેના મકાન પાસે પાર્ક કર્યુ હતું જે બાઈક બીજા દિવસે સવારના તા. ૦૯/૦૭ ના રોજ પાર્ક કારેલ જગ્યાએથી કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હોય, ત્યારે બાઈક ચોરી અંગે ખેતાભાઈએ પ્રથમ ઈ-એફઆઈઆર બાદ એ ડિવિઝન પોલીસ મથકમાં રૂબરૂ ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે આરોપી અજાણ્યા બાઈક ચોર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ટંકારાઃ ધારાસભ્ય દુર્લભજીભાઇ દેથરિયાની ઉપસ્થિતિમાં યોજાયો કેન્સર સ્ક્રીનીંગ કેમ્પ

## તપાસ દરમિયાન ૨૪૭ વ્યક્તિઓનું સ્ક્રીનીંગ કરી રોગ અંગે માર્ગદર્શન અપાયું




**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ તથા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી કવિતાબેન દવેના સીધા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં વિવિધ સ્થળોએ કેન્સર સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યુ છે. ત્યારે ટંકારા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાની ઉપસ્થિતિમાં કેન્સર રોગ અંગેના સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. દુર્લભજીભાઈ દેથરીયાએ પ્રસંગને અનુરૂપ પોતાનાં હકારાત્મક વિચારો રજૂ કરી લોકોને બહોળી માત્રામાં આ કેમ્પનો લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો.

આ કેમ્પમાં ગુજરાત કેન્સર રિચર્સ ઈન્સ્ટીટ્યુટ અમદાવાદ તથા સૌરાષ્ટ્ર કેન્સર કેર રાજકોટ ખાતેથી કેન્સર રોગનાં નિષ્ણાંત ડોક્ટર્સ હાજર રહ્યા હતા. આ સ્ક્રીનીંગ કેમ્પમાં ટંકારા તેમજ આજુબાજુનાં ગામડામાંથી આવેલા કુલ ૨૪૭ વ્યક્તિઓનું નિષ્ણાંત ડોકટર્સની ટીમ દ્વારા સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ઓરલ કેન્સર માટે ૭૬, બ્રેસ્ટ કેન્સર માટે ૧૫ તેમજ સર્વાઈકલ કેન્સર માટે ૧૫૬ લોકોનું સ્ક્રીનીંગ કરી રોગ અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. જે દર્દીઓમાં શંકાસ્પદ લક્ષણો દેખાયા હતા તેમના સેમ્પલ કલેકટ કરી આગળની તપાસ તથા સારવાર માટે રાજકોટ અને અમદાવાદ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

આ કેમ્પમાં આરોગ્ય શાખાના અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ડો. મહેતા, ટંકારા તાલુકા હેલ્થ ઓફિસર ડો.બાવરવા, એન. ટી.સી.પી.સોશ્યલ વર્કર, ટંકારા તાલુકા સુપરવાઈઝર, અગ્રણી જયંતિભાઈ ભાડેસિયા તથા અન્ય આરોગ્ય કર્મચારીઓ અને તપાસ માટે આવેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# હળવદઃ દિઘડિયા ગામે જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ તાલુકાના દિઘડિયા ગામે દરોડો પાડી રઘાભાઈ નાથાભાઈના મકાનની બાજુમાં આવેલ ખુલ્લી શેરીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે પૈસાની હારજીતનો ગંજીપત્તા વડે તીનપત્તીનો જુગાર રમી રહેલ આરોપી ધીરાભાઈ અવચરભાઈ રાપુસા ઉવ.૪૦, દેવરાજભાઈ ગોવિંદભાઈ આધારા ઉવ.૪૦, કિશનભાઈ રાણાભાઈ કુંઢીયા ઉવ.૩૨, હકાભાઈ ગાંડુભાઈ આઘ્રો જીયા ઉવ.૩૧ તમામ રહે. દિઘડીયા તા.હળવદ જી.મોરબીને ઝડપી લઈ રોકડા રૂ.૨૮,૨૦૦/-કબ્જે લઈ તમામ ચારેય આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# આંદરણા ગામે દેશી-વિદેશી દારૂ સાથે હોટલ સંચાલક ઝડપાયો

## એલ.સી.બી.એ દરોડા પાડી બાવળની કાંટમાં છુપાવેલો દેશી-વિદેશી દારૂ કબ્જે કર્યો

**અબતક, ઋષિ મહેતા મોરબી**

મોરબી તાલુકાના આંદરણા ગામ નજીક સમરાથલ હોટલમાં મોરબી એલસીબી પોલીસ ટીમે દરોડો પાડી જોતાલ પાછળની બાવળની કાંટમાં છુપાવી રાખેલ ૧૦ લીટર દેશી દારૂ તથા વિદેશી દારૂની ૪ બોટલ સાથે આરોપી રાજસ્થાની હોટલ સંચાલકને ઝડપી લેવામાં આવ્યો હતો.

મોરબી એલસીબી પોલીસ ટીમને બાતમી મળી હતી કે તાલુકા આંદરણા ગામની સીમમાં હળવદ રોડ ઉપર આવેલ સમરાથલ હોટલમાં દેશી તથા વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ થતું હોવાની પૂર્વ બાતમીને આધારે મળેલ બાતમીના સ્થળે દરોડો પાડતા સમરાથલ હોટલની પાછળ બાવળની કાંટમાંથી દેશી દારૂની ૪૦ કોથળી જેમાં આશરે ૧૦ લીટર દેશીદારૂ તથા વિદેશી દારૂની મેકડોવેલ્સ વ્હિસ્કીની ૪ બોટલ માલી આવેલ હતી. આ સાથે સમરાથલ હોટલ સંચાલક રાજેશભાઈ ગોરધનરામ સારણ બિશ્નોઇ ઉવ.૨૫ રહે.સમરાથલ હોટલમાં મુળરહે. બિશ્નોઇ કી ઢાણી બેરૂ ગામ તા જી જોધપુર રાજસ્થાનવાળાની સ્થળ ઉપરથી ધરપકડ કરી મોરબી તાલુકા પોલીસ મથકમાં પ્રોહી. હેઠળ ગુનો દાખલ કરાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સરકારી મેડિકલ કોલેજમાં કરાવેલો ફી વધારો પાછો ખેંચવા કોંગ્રેસની રજુઆત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



મોરબીઃમેડીકલ શિક્ષણમાં જીએમઈઆરએલ કોલેજોમાં થયેલ ફી વધારો પરત ખેંચવા આરોગ્ય મંત્રીને રજુઆત મોરબી સહિત રાજ્યમાં મેડિકલ જીએમઈઆરએલ કોલેજોમાં કરેલ એકાએક આશરે ૬૭ ટકાથી ૮૭ ટકા સુધીના ધરખમ ફી વધારો ખાસ કરીને મેનેજમેન્ટ ક્વોટામાં કરેલ કમરતોડ ફી વધારો પરત ખેંચવાની ઉગ્ર માંગ સાથે મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા દ્વારા રાજ્યના આરોગ્યમંત્રીને લેખિત રજુઆત કરવામાં આવી છે.

મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા લેખિત રજુઆતમાં જણાવ્યા અનુસાર ગુજરાત રાજ્ય સંચાલીત મેડીકલ શિક્ષણની જીએમઈઆરએલ કોલેજોમાં ચાલુ વર્ષે થયેલો ફી વધારો રૂા.૩.૩૦ લાખમાંથી રૂા.૫.૫૦ લાખ તેમજ મેનેજમેન્ટ ક્વોટામાં રૂા.૯.૦૭ લાખ માંથી રૂા.૧૭ લાખ મધ્યમ અને નિમ્ન વર્ગ માટે કમરતોડ ફી વધારો છે. જે તદ્દન વિદ્યાર્થીઓના વાલીઓ ઉપર વધારાના બોજ સમાન છે. નિમ્ન અને મધ્યમ વર્ગના તેજસ્વી યુવાનોના અરમાનો અને તેના પરીવારો ઉપર ફી વધારાનો આર્થિક બોજ અનેક ગણો વધી જવાના કારણે તેમજ મંદી, મોંઘવારી, ગરીબીની પરિસ્થિતિમાં તદ્દન અસહનિય છે.આવા પરીવારોની આવક ખુબ જ સામાન્ય હોય છે. જે આવક મર્યાદાની નીચે હોય છે. આવા વાલીઓ રૂા.૫.૫૦ દર વર્ષે મેડીકલ શિક્ષણની ફી ભરે પછી પરીવારના ગુજરાન તેમજ વિદ્યાર્થીઓના અન્ય ખર્ચાઓનું શું ? તેમજ વાલીઓ તેના બીજા સંતાનોને કેમ કરી ઉચ્ચ અભ્યાસ કરાવી શકે ? આવો વિચાર સરકારમાં બેઠેલ કોઈ અધિકારી કે પદાધિકારીઓને કેમ આવતો નથી ?અંતમાં આ ફી વધારાનો બોજ તદ્દન અમાનવિય હોય, રાજ્યની પ્રજાના હિતમાં અને ખરેખર એક સંવેદનશીલ સરકાર હોવાનું માનતી હોય તો આ ફી વધારો પાછો ખેંચીને ભવિષ્યમાં પણ ફી વધારો નહી કરવાની ખાત્રી આપવી જોઈએ. આ બાબતે મેડીકલ કોલેજોમાં કરવામાં આવેલ ફી વધારો તાત્કાલીક અસરથી પાછો ખેંચવાની માંગણી સાથે રજુઆત કરી છે.

## એબીવીપી દ્વારા મેડિકલ કોલેજની ફી વધારાનો વિરોધમાં અપાયું આવેદન

એબીવીપી મોરબી શાખા દ્વારા જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ખાતે મેડિકલ કોલેજ ફી માં થયેલા ધરખમ વધારા ને લઈને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓને સાથે લઈને વિરોધ દર્શાવી આવેદન પત્ર આપવામાં આવ્યું.અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ ૯ જુલાઈ ૧૯૪૯ થી વિદ્યાર્થી હિત અને રાષ્ટ્રહિત ના કાર્યો કરતું વિશ્વ નું સૌથી મોટું વિદ્યાર્થીઓ નું સંગઠન છે.અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ મોરબી દ્વારા જીએમઈઆરએસ મેડિકલ કોલેજ માં ફી વધારાના વિષય ને લઈને તારીખ ૧૨/૦૭/૨૦૨૪ શુક્રવારે ના રોજ મેડિકલ કોલેજ ખાતે વિરોધ પ્રદર્શન કરી આવેદન પત્ર આપવામાં આવ્યું.આ પહેલા પણ ૨૦૨૩ માં મેડિકલ કોલેજ માં ફી વધારો કરવામાં આવ્યો હતો જેનો એબીવીપી દ્વારા ઉગ્ર વિરોધ કર્યો હતો અને એ રજૂઆત સફળ રહી જેને લઈને ફી વધારો પાછો ખેંચવામાં આવ્યો હતો આ વર્ષે પણ ફી વધારાનો એબીવીપી દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો. જેમાં મોરબી ખાતે એબીવીપી રાજકોટ વિભાગ સંયોજક તથા મોરબી જિલ્લા સંયોજક ની હાજરી રહી હતી.

# એબીવીપીની કારોબારીની રચના કરાય

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી એબીવીપી શાખા દ્વારા વિદ્યાર્થી પરિષદના સ્થાપના દિવસ અંતર્ગત ઓમ શાંતિ વિદ્યાલય ખાતે મોરબી કારોબારીની રચના કરવામાં આવી છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદએ ૯ જુલાઈ ૧૯૪૯થી વિદ્યાર્થી હિત અને રાષ્ટ્રહિતના કાર્યો કરતું વિશ્વનું સૌથી મોટું વિદ્યાર્થીઓનું સંગઠન છે. મોરબી એબીવીપી દ્વારા કારોબારી રચનામાં નગર અધ્યક્ષ તરીકે મનહરભાઈ શુધ્ધા, નગરમંત્રી મુગ્ધરાજ સિંહ ઝાલા, નગર ઉપાધ્યક્ષ મુક્તાબેન સોલંકી, સહમંત્રી પાર્થભાઈ મિયાત્રા, પૂર્વજીતસિંહ જાડેજા, ઉર્મીબેન જોષી, મંત્રી હર્ષલભાઈ ડાભી, સહમંત્રી ક્રિષ્નાભાઈ સનુરા સહિતના સભ્યોને જવાબદારી સોંપવામાં આવી છે.

# હળવદનો બ્રાહ્મણી-૨ ૯૦ ટકા ભરાઇ જતા હેઠવાસના ગામોને કરાયા એલર્ટ

**અબતક, ઋષિ મહેતા મોરબી**

હળવદ વિસ્તારમાં આવેલ શક્તિ સાગર જળ સંપત્તિ સંચય યોજનાનો બ્રાહ્મણી-૨ ડેમ ૯૦ ટકા ભરાઈ ગયો હોવાથી ડેમના હેઠવાસમાં આવતા ૦૯ ગામોને સાવચેત કરવામાં આવ્યા છે.

હળવદ તાલુકાના સુસવાવ ગામ પાસે આવેલ બ્રાહ્મણી-૦૨ ડેમમાં ઉપરવાસમાં થયેલા સારા વરસાદને કારણે ડેમની ક્ષમતાનો રૂલ લેવલ મુજબ બ્રાહ્મણી-૨ ૯૦ ટકા ભરાઈ ગયો છે.હાલ ડેમમાં ૩૩૫ ક્યુસેકની આવક અને ૮૦ ક્યુસેકની જાવક નોંધાઈ છે ત્યારે ડેમમાં પાણીની આવક વધતા ડેમના દરવાજા ગમે ત્યારે ખોલવામાં આવશે જેથી બ્રાહ્મણી-૨ ડેમના નીચવાસમાં આવતા ગામો સુસવાવ, કેદારિયા, ધનાળા, રાયસંગપુર, મયુરનગર, મિયાળી, ચાડધ્રા, ટિકર અને માનગઢ સહિતના ગામોના લોકોને સતર્ક રહેવા અને નદીના પટ્ટમાં અવરજવર ન કરવાની સૂચના આપવામાં આવી છે.

# ભારતના પ્રથમ ટ્રાન્સશિપમેન્ટ વિન્જમ પોર્ટે સૌ પ્રથમ કન્ટેનરશિપ હાંસલ કર્યુ

## કેરળના મુખ્યમંત્રી પિનરાઇ વિજયનની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો

**અબતક, રાજકોટ**

અદાણી પોર્ટ્સ અને સ્પેશ્યલ ઈકોનમિક ઝોને વિઝીન્જમ પોર્ટ ખાતે તેના સૌ પ્રથમ 'મધર શિપ'ના આજે આગમનની ઘોષણા કરી છે. વૈશ્વિક ટ્રાન્સશિપમેન્ટમાં ભારતના પ્રવેશને ચિહ્નિત કરતી આ એક સીમાચિહ્નરૂપ ઘટના ભારતના દરિયાઈ ઈતિહાસમાં એક નવા યુગમાં મંગલાચરણનો આરંભ કરવા સાથે વિઝિંજમને આંતરરાષ્ટ્રીય વેપારના માર્ગોમાં નિર્ણાયક ખેલાડી તરીકે સ્થાપિત કરે છે.

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયનના હસ્તે આ સમારંભ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. કેરળના બંદર મંત્રી વી.એન. વસાવાના અધ્યક્ષપદે યોજાયેલા આ સમારોહમાં કેન્દ્રના બંદર, શિપિંગ અને જળ માર્ગોના મંત્રી સર્બાનંદ સોનોવાલે મુખ્ય મહેમાનપદે હાજરી આપી હતી.




અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓથી સજ્જ ભારતના પ્રથમ સ્વચાલિત બંદરની આ સાથે શરૂઆત પણ થઈ છે, જે આધુનિક કન્ટેનર હેન્ડલિંગ સાધનો અને વિશ્વ-કક્ષાના ઓટોમેશન અને આઈટી સિસ્ટમ્સ સાથે મોટા જહાજોનું સંચાલન કરવા માટે સમર્થ છે. ૮,૦૦૦-૯,૦૦૦ (વીસ-ફૂટ સમકક્ષ એકમો) ની ક્ષમતા સાથેનું સાન ફર્નાન્ડો મર્સ્ક દ્વારા સંચાલિત ૩૦૦-મીટર-લાંબા કન્ટેનર જહાજ તેમજ લગભગ ૨,૦૦૦ કન્ટેનરને ખાલી કરવા અને ૪૦૦ કન્ટેનરની અંદરની હિલચાલ માટે આ બંદર ઉપરની ઉપલબ્ધ સેવાઓથી લાભાન્વિત થશે.

અદાણી પોર્ટ્સ એન્ડ સેઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણીએ વિઝિંજમના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે અમારા બંદર પર સાન ફર્નાન્ડોનું આગમન એ ભારતની સામુદ્રિક તવારીખમાં એક નવી ગૌરવશાળી સિદ્ધિનું પ્રતીક છે ભારતના પ્રથમ ટ્રાન્સશિપમેન્ટ ટર્મિનલ અને સૌથી મોટા ડીપ વોટર પોર્ટે વ્યાપારી કામગીરીનો આરંભ કર્યો છે તેનાથી વિશ્વને અવગત કરવા આ એક સંદેશવાહક છે.એમ તેમણે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશે વાત કરતાં ઉમેર્યું હતું. ભારતના મુન્દ્રા પોર્ટ સહિત અન્ય કોઈ પોર્ટ આપણી પોતાની અત્યાધુનિક આ ટેક્નોલોજીઓ ધરાવતું નથી. તેમણે કહ્યું હતું કે અમે અહીં પહેલેથી જ જે સુવિધા પ્રસ્થાપિત કરી છે તે દક્ષિણ એશિયાની સૌથી અદ્યતન કન્ટેનર હેન્ડલિંગ ટેક્નોલોજી છે. અને એકવાર અમે ઓટોમેશન અને વેસલ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ સંપૂર્ણ સજ્જ થશે ત્યારે વિઝિંજમ તકનીકી દ્રષ્ટીએ વિશ્વના સૌથી વધુ અત્યાધુનિક ટ્રાન્સશિપમેન્ટ બંદરો પૈકીના એક તરીકે તેની પોતાની શ્રેણીમાં ઉભરી આવશે.

કેરળ સરકાર દ્વારા પબ્લિક પ્રાયવેટ પાર્ટનરશિપ ધોરણે પ્રમોટ કરાયેલ વિઝિંજમ ઈન્ટરનેશનલ સીપોર્ટ એ એક મહત્વપૂર્ણ આર્થિક માળખાકીય પ્રોજેક્ટ છે. કેરળમાં ખાનગી ક્ષેત્રનું આ સૌથી મોટું રોકાણ છે.બિડ જીત્યા બાદ અદાણી પોર્ટ્સ એન્ડ લોજિસ્ટિક્સે આ પ્રકલ્પ વિકસાવવા માટે અદાણી વિઝિંજમ પોર્ટ પ્રા. લિ.ના નામે સ્પેશિયલ પર્પઝ વ્હીકલની રચના કરી. ૧૭ ઓગસ્ટ ૨૦૧૫ના રોજ કેરળ સરકારના બંદર વિભાગ સાથે વિઝિંજમ આંતરરાષ્ટ્રીય બંદરના વિકાસ અને સંચાલન માટે કન્સેશન કરાર કર્યા હતા. બહુવિધ પડકારોને પાર કરીને આ બંદર હવે સ્પર્ધાના અદ્યતન તબક્કામાં છે.

# ગોંડલઃ ખોડીયારનગરમાં રેલવેના નાલા નીચે પાણી ભરાતા લોકો હેરાન-પરેશાન



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

શહેરનાં ખોડીયાર નગર માં લોકોની મોટી આવન જાવન ધરાવતા રેલ્વે નાં નાલા નીચે પાણી ભરાતા રાહદારીઓ પરેશાન બન્યા હતા.નાલા નીચે મોટા ખાડા પડ્યા હોય તેમા પાણી ભરાતા બાઈક ચાલકો સહિત અનેક લોકો લપટી ને પટકાયા હતા.

હાડકાતોડ ખાડા માં વારંવાર ગબડી પડતા રાહદારીઓ ને લઈ ને લોકો રોષે ભરાયા હતા.

દરમિયાન નગરપાલિકા સદસ્યા અર્પણાબેન આચાર્ય એ પાલીકા પ્રમુખ મનીષભાઈ ચનીયારા કારોબારી અધ્યક્ષ રાજેન્દ્રસિંહ જાડેજાનું તાકીદે ધ્યાન દોરતા બન્ને ખોડીયાર નગર દોડી જઈ નાલા નું સમારકામ શરુ કરાવ્યું હતું.લોકોનાં કહેવા મુજબ બાજુમાં બુગદો હોય નાલાનું પાણી બુગદા માં જવા માટે નંખાયેલો પાઈપ અણઘડ રીતે નંખાયો હોય અને સમસ્યા સર્જાય છે.ખોડીયાર નગર માંથી એક માર્ગ નેશનલ હાઈવે યાર્ડ પાસે થી ગામ તરફ જવાઈ છે.જ્યારે બીજો માર્ગ રેલ્વે નાલા નીચે થઈ ગુંદાળારોડ બસસ્ટેન્ડ તરફ જવાય છે.મોટાભાગ નાં લતાવાસીઓ આ ટુંકા માર્ગ ને પસંદ કરેછે.ત્યારે ફુટ દોઢ ફુટ નાં ખાડા લોકો માટે જોખમી બની રહ્યા છે.

# વિસાવદર કોર્ટમાં ન્યાયધીશોએ કર્યુ વૃક્ષોનું વાવેતર

## બાર એસોસીએશનના સભ્યો તથા સ્ટાફ સભ્યોની ઉપસ્થિતિ

**અબતક, ગીજુ વિકમા, વિસાવદર**

વિસાવદર કોર્ટમાં એડિશનલ સેસન્સ જજ જે.એલ.શ્રીમાળી તથા વિસાવદર સિવિલ કોર્ટના પ્રિન્સીપાલ સિવિલ જજ એસ.એસ.ત્રિવેદી દ્વારા વૃક્ષારોપણ તથા રોપાવિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં બાર એસોસિ.ના પ્રમુખ રમેશભાઈ ધાધલ તથા સિનિયર એડવોકેટ ડી.એમ. શાહ, રાજુભાઈ દવે, સીરાજભાઈ માડકીયા, એ.બી. દુધરેજીયા, યુ.બી. દાહીમા, હરેશભાઈ સાવલીયા, નયનભાઈ જોશી અને વિસાવદર કોર્ટના રજીસ્ટાર એસ.જે લકકડ ,પી.પી.પાણેરી તથા તાલુકા કાનૂની સેવા સમિતિના સેક્રેટરી ચંદુભાઈ ભટ્ટી તથા તમામ કોર્ટ સ્ટાફ દ્વારા પણ હાજર રહી વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. કાર્યક્રમને સફળ



બનાવવા આર.એફ.ઓ. બી.જી.વિકમાં તથા વિસાવદર ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓએ પણ હાજર રહી સહકાર આપેલ હતો. આ તકે વિસાવદર મુખ્ય ન્યાયાધીશ શ્રી ત્રિવેદી સાહેબ દ્વારા વૃક્ષારોપણ શા માટે જરૂરી છે અને વૃક્ષનું આપણા જીવનમાં શુ મહત્વ હોય છે તેના વિશે વિસ્તુત માહિતી આપી જણાવેલ કે,આજના દિવસે માત્ર વૃક્ષારોપણ કરવાથી આપણી જવાબદારી પુરી થઈ જતી નથી જેમ આપણે આપણા બાળકની કાળજી લઈએ તે રીતે આપણે આ વૃક્ષો ની કાળજી લઈ માવજત કરવી જોઈએ અને દેશના લોકોએ પણ વધુમાં વધુ વૃક્ષો વાવી તેનો ઉછેર કરવો જોઈએ અને વૃક્ષ આપણા જીવનમાં એક છત્રછાયા સમાન હોવાની માહિતી આપેલ હતી અને આ સમગ્ર કાર્યક્રમ ભારે ઉત્સાહ સાથે યોજવામાં આવેલ હતો.

# જૂનાગઢ કૃષિ યુનિ.લેબમાં ઘુસેલા દિપડાને બેભાન કરી પાંજરે પુરાયો

## સવારે ૮ વાગ્યામાં જ દિપડો આવી ચડતા વિદ્યાર્થીઓમાં મચી અફડાતફરી

**અબતક, ચિરાગ રાજયગુરુ, જુનાગઢ**

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની બાયો એનર્જી લેબોરેટરીમાં દીપડો ઘૂસ્યું, વન વિભાગની વેટનરી અને રેસ્ક્યુ ટીમે ટ્રેનક્યુંલાઈઝર આપી બેભાન કરી દિપડાનું કર્યું દિલ ધડક રેસ્ક્યુ, કૃષિ યુનિવર્સિટીના ડીને વન વિભાગની કામગીરીને બિરદાવી..



જૂનાગઢના ગિરનાર જંગલમાં સિંહ તથા દીપડાનો વસવાટ છે ત્યારે ઘણી વખત આ હિંસક પ્રાણીઓ જંગલ વિસ્તાર છોડી રેવન્યુ વિસ્તારમાં આવી જતા હોય છે. ત્યારે કૃષિ યુનિવર્સિટીની બાયો એનર્જી લેબોરેટરીમાં દિપડો ઘુસ્યો હતો. લેબોરેટરીમાં દીપડો ઘુસતા લેબોરેટરીમાં પ્રેક્ટીકલ કરવા ગયેલ વિદ્યાર્થીઓમાં અપરાધપુરી નો માહોલ સર્જાયો હતો. ત્યારે લેબોરેટરીમાં દીપડો ઘુસિયાની જાણ કૃષિ યુનિવર્સિટીના આચાર્ય દ્વારા વન વિભાગને કરવામાં આવી હતી. જેને લઈ વન વિભાગની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. જ્યાં એક કલાકની જહેમત બાદ લેબોરેટરીમાં ઘૂસેલ દીપડાને ટ્રેન્ક્યુલાઈસર આપી બેભાન કરી રિસ્ક્યુ કરાયો હતો.

જુનાગઢ વન વિભાગના અધિકારી અરવિંદ ભાલીયા એ જણાવ્યું હતું કે ગઈકાલે સવારે ૮ વાગ્યાની આસપાસ કૃષિ યુનિવર્સિટીના પ્રોફેસર નો ફોન આવ્યો હતો કે કૃષિ યુનિવર્સિટીના લેબોરેટરી વિભાગમાં દીપડો આવી ચડ્યો છે. આ બાબતે તાત્કાલિક વન વિભાગના ડીસીએફનો સંપર્ક કરી તેની સૂચનાથી વન વિભાગની રેસ્ક્યું ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ત્યારબાદ આ દીપડાને પકડવા કામગીરી હાથ ધરવામાં આવી હતી. લેબોરેટરી માં આવી ચડેલ દીપડાને બેભાન કરી તેનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

કૃષિ યુનિવર્સિટીના બીન વી.પી ચોવટીયા એ જણાવ્યું હતું કે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના લેબોરેટરી વિભાગમાં સવારના જ્યારે વિદ્યાર્થીઓ લેબોરેટરીમાં પેટ્રિકલ માટે ગયા ત્યારે વિદ્યાર્થીઓને ત્યાં દીપડો હોવાની જાણ થઈ હતી.

આ પરિસ્થિતિને જોઈ તાત્કાલિક વિદ્યાર્થીઓ લેબોરેટરી માંથી બહાર નીકળ્યા હતા અને જે લેબોરેટરીમાં દીપડો હતો તે લેબોરેટરીને બહારથી બંધ કરી દેવામાં આવી હતી. જે મામલે વન વિભાગ તંત્રને જાણ કરવામાં આવી હતી. વન વિભાગની રેસક્યુ ટીમ દ્વારા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી દીપડાનું રેસક્યું કરવામાં આવ્યું હતું.

આ દિપડો લેબોરેટરીમાં એવી જગ્યાએ સંતાયેલ હતો કે જ્યાં રિસ્ક્યુબ કરવું પણ મુશ્કેલ હતું. છતાં પણ વન વિભાગની ટીમ દ્વારા ભારે સહમતથી આ દીપડાને ટ્રેન્ક્યુંલાઈઝર આપી દીપડાને બેભાન કરી રિસ્ક્યુ કરેલ હતો. ત્યારે દિપડો હુમલો કરી કોઈ જાનહાની કરે કે ઈજા પહોંચાડે તે પહેલા જો વન વિભાગની સતર્કતા ના કારણે આ દીપડો પકડાયેલ છે.

# જુનાગઢઃ જીએમઈઆરએસ મેડિકલ કોલેજની ફી વધારા મુદ્દે વિદ્યાર્થી સંગઠનનો નવતર વિરોધ

## એબીવીપી એનએસયુઆઈએ ડીનને ખોટી નોટો આપી ફી વધારાનો કાર્યો વિરોધ

**અબતક, ચિરાગ રાજયગુરૂ, જુનાગઢ**

જીએમઈઆરએસ જ મેડિકલ કોલેજમાં ફી વધારા મામલે એબીવીપી અને એનએસયુઆઈ વિદ્યાર્થીઓના સમર્થનમાં,ગજબઈ એ મેડિકલ કોલેજના ડીનને ખોટી ચલણી નોટો આપી વિરોધ નોંધાવ્યો...

ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી દ્વારા ફી વધતા મામલે નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યની ૧૩ જીએમઈઆરએસ કોલેજોમાં ફી વધારો કરવામાં આવ્યો છે .જેને લઈ જુનાગઢ જીએમઈઆરએસ મેડિકલ કોલેજ ખાતે એબીવીપી અને એનએસયુઆઈ દ્વારા વિદ્યાર્થીઓના સમર્થનમાં ફી વધારાનો વિરોધ કરવામાં આવ્યો હતો. એન.એસ.યુ.આઈ. દ્વારા મેડિકલ કોલેજના ડીનને ખોટી ચલણી નોટો આપી વિરોધ નોંધાવ્યો હતો.ત્યારે એબીવીપી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સરકારી કોટામાં ૬૬.૬૬ % અને મેનેજમેન્ટ કોટામાં ૮૮.૮૮% નો ધરખમ ફી વધારો કરવામાં આવ્યો છે. ત્યારે આવનાર સમયમાં આ ધરખમ ફી વધારો પરત ખેંચવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન થશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.




ક્રિષા નિર્મલે જણાવ્યું હતું કે મે આ વર્ષે એનઈઈટી ની પરીક્ષા આપેલ છે. જેમાં મને ૫૭૩ સ્કોર આવેલ છે ત્યારબાદ મે ડ્રોપ લીધેલ હતું અને આ ડ્રોપ લેવાનું કારણ હતું કે મને સરકારી કોલેજ કે જીએમઈઆરએસ કોલેજમાં એડમિશન મળી શકે. પરંતુ આ વર્ષે કોલેજમાં ફી વધારો કરવામાં આવ્યો છે. એવું લાગે છે કે આ ફી વધારા સામે પ્રાઈવેટ કોલેજોમાં ફી ઓછી છે. ત્યારે વિદ્યાર્થીઓને સરકાર પાસે આશા હોય છે કે સરકારી કોલેજમાં ભણી સારી નોકરી મળી શકે. પરંતુ કોલેજોમાં આટલો ફી વધારો વ્યાજબી નથી. મેં પહેલીવાર સરકારને મત આપ્યો છે કે અમારો ફાયદો થાય. પરંતુ આટલો ફી વધારો કરી અમારા ભરોસાનો ડગમગાવ્યો છે. ત્યારે સરકાર વહેલી તકે આ ફી વધારો પરત લે તેવી અમારી માંગ છે.

જુનાગઢ જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ પ્રથમ આહિરે જણાવ્યું હતું કે આજે જીએબીઆરએસ મેડિકલ કોલેજ ખાતે કોલેજમાં અસહ્ય ફી વધારા મામલે રજૂઆત કરવામાં આવી છે. જે મામલે આજે મેડિકલ કોલેજના ડીનને ખોટી ચલણી નોટો આપી ઓફિસનો ઘેરાવ કર્યો હતો. રજૂઆત કરવામાં આવી હતી કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા રહેલી તકે આ ફી વધારો પરત ખેંચવામાં આવે. અને જો આ ફી વધારો પરત ખેંચવામાં નહીં આવે તો એનએસયુઆઈ દ્વારા આગામી સમયમાં વિધાનસભાનો ઘેરાવ કરવામાં આવશે. અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદના જુનાગઢ જિલ્લા સંયોજક અમિત ભટ્ટી એ જણાવ્યું હતું કે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ છેલ્લા ૭૫ વર્ષથી વિદ્યાર્થીઓના હિતમાં કાર્ય કરે છે. આજે ૨૬/૬/ ૨૦૨૪ ના મેડિકલ કોલેજોમાં રાતોરાતથી વધારો કરવામાં આવ્યો હતો. જેમાં સરકારી કોટામાં ૬૬.૬૬ % અને મેનેજમેન્ટ કોટામાં ૮૮.૮૮% જેટલો વધારો કરાયો છે. ત્યારે આ ફી વધારાના કારણે મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ મેડિકલ કોલેજમાં અભ્યાસ કરી શકે તેમ નથી.

# ભાણવડઃ સામાજીક વનીકરણ અંતર્ગત ભરતપુર ગામે કરાયું વૃક્ષારોપણ

**અબતક, આનંદ પોપટ, ભાણવડ**

ભાણવડના સામાજીક વનીકરણ રેન્જ દ્વારા ભરતપુર ગામે વૃક્ષા રોપણ કાર્યકમ યોજવાના આવ્યો. સામાજીક વનીકરણ એટલે લોકો માટે,લોકો વડે થતુ વનીકરણ સામાજીક વનીકરણ વિભાગ



દેવભૂમિ દ્વારાના ડી.સી.એફ સર અરુણકુમારના માર્ગદર્શન હેઠળ સામાજીક વનીકરણ રેન્જ ભાણવડ દ્વારા આર.એફ.ઓ કે.એચ.પટેલ દ્વારા ભરતપુર ગામે સરકારની નવી યોજના પંચરત્ન અંતર્ગત વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજવામા આવ્યો જેમાં ભરતપુર ગામના સરપંચ સુરેશભાઈ આંબલિયા.તલાટી સરવૈયા ગામના આગેવાનો, ગ્રામજનો તેમજ સ્કૂલના આચાર્ય સાહેબ અને વિદ્યાર્થીઓ તેમજ રેન્જ સ્ટાફ વન રક્ષક એસ.આર વકાતર અને શ્રમયોગી દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

# મોરબીઃ ઘુંટુ ગામે કેનાલમાં ડૂબી જતાં પ્રૌઢનું મૃત્યુ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના ઘુંટુ ગામ નજીક પસાર થતી કેનાલમાંથી ફાયર ટીમ દ્વારા રેસ્કયુ કરી ડૂબેલ પ્રૌઢના મૃતદેહને શોધી મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

મોરબી જીલ્લા ફાયર વિભાગમાંથી મળતી માહિતી અનુસાર ફાયર વિભાગમાં સવારના ૧૦ વાગ્યે ટેલિફોનિક જાણ કરાઈ કે ઘુંટુ ગામે કેનાલમાં એક વ્યક્તિ ડૂબેલ હોય ત્યારે તાત્કાલિક ફાયર વિભાગની રેસ્ક્યુ ટીમ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી હતી, ત્યારે કલાકોની જહેમત બાદ કેનાલના પાણીમાંથી ૫૬ વર્ષીય મનસુખભાઈ માનસંગભાઈનો મૃતદેહ બહાર કાઢવામાં આવી પીએમ સહિતની કામગીરી માટે મોરબી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે.

# માંગરોળના ખાણ નજીકનો રસ્તો ધસી જતા રાહદારીઓને હાલાકી



**અબતક, નીતીન પરમાર, માંગરોળ**

માંગરોળ ના કરારપા વિસ્તારમાં મંજુરીથી ચાલતી ખાણ નજીકનો રસ્તો ખાણમાં ધસી પડતા ખેડુતોને ભારે મુશ્કેલી પડી રહી છે.

રસ્તાને અડીને ખોદાણ કામ થતું હોવાથી રસ્તા કાંઠે આવેલા ૧૧ કે.વી. નો વીજ પોલ તુટી પડતા સમગ્ર વિસ્તારમાં અંધારપટ છવાયો હતો. ખાણમા ધસી ગયેલ રસ્તા મામલે ખેડુતોએ મામલતદારને આવેદન પત્ર પાઠવી રસ્તો દુરસ્ત કરાવવા માંગ કરી છે.

# ઉનાઃ ચોરાઉ મોબાઈલ સાથે શખ્સ ઝડપાયો



**અબતક, ઉના**

ઉના ગામે ઘાંચીવાડમાં આવેલા ગણેશ મંદિરની સામે રહેતા અભિષેકભાઈ હરેશભાઈ મોડીસાયાનો મોબાઈલ તેના ઘરની બારીમાંથી તા. ૧૧-૭-૨૪ના રોજ ચોરી થતાં ઉના પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. પોલીસે બાતમીના આધારે એક જ દિવસમાં ઉનામાં આરબવાડા કોર્ટે વિસ્તારમાં રહેતો મહમદનવાઝ મુસ્તાકબાપુ બહારુની નામના શખ્સનો ચોરાઉ મોબાઈલ સાથે ઉના પી.આઈ. એમ.એન. રાણા અને એએસઆઈ જગદીશભાઈ વાઘેલા સહીતના સ્ટાફે ધરપકડ કરી છે.

# ભાયાવદરઃ પાલિકાની બેદરકારીથી સવા બે કરોડના ખર્ચે બનેલો ફિલ્ટર પ્લાન્ટ શોભાના ગાંઠીયા સમાન

## ટૂંક સમયમાં ફિલ્ટર પ્લાન્ટ ચાલુ કરવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી આપતા પૂર્વ પાલીકા પ્રમુખ જીવાણી

**અબતક, વિજય કુનતિયા, ભાયાવદર**

ભાયાવદર શહેરની આશરે પચ્ચીસ હજારની વસ્તીને શુધ્ધ અને ફિલ્ટર વાળું પિવાનું પાણી મળી રહે તેવા ઉમદા હેતુથી સરકારમાં રજૂઆત કરીને ભાયાવદર નગરપાલિકાને મળતી ગ્રાન્ટમાંથી નહી અને વધારાની ગ્રાન્ટ જે-તે સમયની નગરપાલિકાની બોડીએ સરકારમાં રજૂઆત કરતાં સરકારએ ભાયાવદર નગરપાલિકાને આશરે દોઢ કરોડ રૂપિયા મંજુર કરેલ સાથે નગરપાલિકાએ ૧૪ માં નાણાપંચની ગ્રાન્ટમાંથી ૭૩ લાખ રૂપિયા સંપ માટે એમ મળી કુલ સવા બે કરોડ માતબર રકમ ખર્ચ કરીને ભાયાવદર શહેરની જનતાનું જન આરોગ્ય સુખાકારી રહે તે હેતુથી ફિલ્ટર પ્લાન્ટ બનાવેલ છે. આ ફિલ્ટર પ્લાન્ટનું કામ ટેન્ડરના નિયમ મુજબ આ ફિલ્ટર પ્લાન્ટ ત્રણ વર્ષ સુધી ફિલ્ટર વાળુ શુધ્ધ પાણી શહેરની જનતાને પુરુ પાડવાની જવાબદારી આ એજન્સીની થાય છે. આ ફિલ્ટર પ્લાન્ટ ત્રણ એમ.એલ.ડી નો છે. એટલે કે શહેરની વસ્તી ત્રીસ હજારની થાય ત્યાં સુધી ફિલ્ટર થઈ શકે તેવો ફિલ્ટર પ્લાન્ટ હોવા છતાં ભાયાવદર શહેરની જનતાને ફિલ્ટર વગરનું અશુધ્ધ પાણી પિવાની ફરજ પડે છે. ત્યારે આ બાબતે વારંવાર નગરપાલિકાના અધિકારીઓ તેમજ કમિશનર તેમજ મુખ્યમંત્રીને પણ લેખીત ફરિયાદ કરેલ હોવા છતાં આજ દિવસ સુધી આ એજન્સી કે નગરપાલિકાના અધિકારીઓ દ્વારા કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવેલ નથી. જો ટૂંક સમયની અંદર આ ફિલ્ટર પ્લાન્ટ યોગ્ય રીતે ચાલુ કરવામાં નહી આવે અને શહેરની જનતાને ફિલ્ટર વગરનું ગંદુ પાણી પિવાનું થાશે તો શહેરની જનતાને સાથે રાખી ગાંધી ચિન્ધયા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે. તેવી ચિમકી ભાયાવદર પાલિકાના પુર્વ પ્રમુખ નયનભાઈ જીવાણીએ આપેલી છે.

# ભારતના કરદાતા પ્રમાણિકતાને કેમ પ્રાધાન્ય નથી આપતા?

## અપ્રમાણિક કરદાતાના પગલે સરકારને કરની આવકમાં પહોંચે છે મોટી નુકસાની

**અબતક, નવીદિલ્હી**

પ્રામાણિકતા શ્રેષ્ઠ નીતિ હોઈ શકે છે, પરંતુ જ્યારે તે કરની વાત આવે ત્યારે નહીં. પાછલા સમાહની સંપત્તિ દર્શાવે છે કે કરદાતાઓનો મોટો હિસ્સો તેમના કરનો બોજ ઘટાડવા માટે થોડા અપ્રમાણિક બનવા તૈયાર છે. તેઓ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સને ટાળવા માટે નકલી બિલ સબમિટ કરવા, આવક છુપાવવી અથવા ઈન્વોઈસ વિના સ્ટૂલ ખરીદવા સહિત કેટલીક શંકાસ્પદ યુક્તિઓ અપનાવવા તૈયાર છે. ટેક્સ ડિપાર્ટમેન્ટ પણ ખૂબ ઊંડાણપૂર્વક તપાસ કરતું નથી કારણ કે વ્યક્તિગત સ્તરે ટેક્સ લિકેજ ખૂબ જ ઓછું છે. ટેક્સ લિકેજને ઠીક કરવાનો ખર્ચ કેટલીકવાર વસૂલ કરેલી રકમ કરતાં વધી જાય છે.

જ્યારે મોટી છૂટની વાત આવે છે ત્યારે ટેક્સ વિભાગ એટલું ક્ષમાશીલ નથી. ત્રણ મહિના પહેલા, વિભાગને લગભગ ૧૦,૦૦૦ વ્યક્તિઓ દ્વારા મોટી ચોરી શોધી કાઢવામાં આવી હતી જેમણે મકાન ભાડા ભથ્થા મુક્તિનો દાવો કર્યો હતો જ્યારે તેઓ ભાડા પર રહેતા ન હતા. કરદાતાઓની માહિતીને લિંક કરવા માટે કર સત્તાવાળાઓ દ્વારા ટેક્નોલોજી અને ઓટોમેશન પ્રક્રિયાઓના વધતા ઉપયોગ સાથે, કપટપૂર્ણ દાવાઓનો આશરો લેનારાઓને જોવાનું વધુ જોખમ રહેલું છે,'' કુમાર ચેતવણી આપે છે. આવા ઈરાદાપૂર્વકના ઉલ્લંઘન માટે દંડ કરચોરીની રકમના ૩૦૦% સુધી હોઈ શકે છે. જો રકમ ૨૫ લાખ રૂપિયાથી વધુ હોય તો કરદાતાને જેલ પણ થઈ શકે છે. તેથી, આવકવેરા રિટર્નમાં મુક્તિનો દાવો કરતી વખતે કરદાતાઓએ સાવચેત રહેવાની જરૂર છે.

સામાન્ય કાયદાનું પાલન કરતા નાગરિકો આ ખતરનાક રસ્તો કેમ અપનાવે છે જે તેમને કાયદાની ખોટી બાજુએ મૂકી શકે છે? કૌશિક કહે છે, ''કરદાતાઓને લાગે છે કે તેઓ જે ટેક્સ ચૂકવે છે તેના બદલામાં તેઓને કંઈ મળતું નથી. તેઓ આ ધારણાનો ઉપયોગ કરચોરી માટેના સમર્થન તરીકે કરે છે,'' કૌશિક કહે છે. અમારા સર્વેમાં ત્રણમાંથી બે ઉત્તરદાતાઓ માનતા હતા કે પ્રામાણિક લોકો વધુ કર ચૂકવે છે, જ્યારે પાંચમાંથી એક ઉત્તરદાતાનું માનવું છે કે કર અધિકારીઓ અપ્રમાણિક લોકો પ્રત્યે હળવાશ અનુભવે છે. વચગાળાના બજેટમાં કરદાતા દીઠ ₹૧ લાખ સુધીની તમામ ટેક્સ ડિમાન્ડ નોટિસને સંપૂર્ણપણે માફ કરવાની જાહેરાત દ્વારા આની પુષ્ટિ થઈ હતી.



### કરદાતાઓની પણ બેદરકારી

હાલ ભારતમાં જે કરની સિસ્ટમ છે તે પછી આવકવેરાની હોય કે જીએસટીની હોય તેમાં મહત્વનું એ પણ છે કે કરદાતાઓની બેદરકારી પણ એટલી જ કારણભૂત છે કરચોરી માટે. કારણકે હાલ જે કરચોરી થતી હોય તેનું સૌથી મોટું કારણ એ છે કે અત્યારે જે કરદાતા છે તે મહત્તમ લાભ લેવા માંગે છે અને જ્યારે કોઈ ડિમાન્ડ નોટિસ આવે અથવા તો રિકવરી થાય તે સમયે સેટલમેન્ટ કરી લેવાનો જે હાલ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

તેનાથી લોકો એટલે કે કરદાતાઓ નીસફિકર બન્યા છે. કારણકે કરદાતાઓને ખ્યાલ છે કે અધિકારીઓ સાથે કરવામાં આવેલું સેટલમેન્ટ તેમના માટે ઉપયોગી નિવડશે જેથી પેક ચોરી કરવામાં તે સહેજ પણ અચકાતા નથી અને પરિણામ સ્વરૂપે સરકારને ખૂબ મોટી નુકસાની પણ થાય છે.

### શું બધા કરતા બેઈમાન છે?

હાલ જે રીતે કરચોરીનું પ્રમાણ અને સેન્ટ્રલ જીએસટી હોય કે પછી આવકવેરા વિભાગ દ્વારા જે તવાઈ બોલાવવામાં આવે છે તે વાતને ધ્યાને લઈ ઘણા ખરા કરદાતાઓ બેઇમાની તરફ આગળ વધ્યા છે. હાલ વિભાગ દ્વારા જે કડક પગલાં લેવામાં આવે છે તેનાથી ૧૦% લોકો જેડા છે તેનો લાભ લે છે અને ગેરરીતી આચરે છે. ત્યારે જરૂરી એ છે કે આવકવેરા વિભાગ હોય કે જીએસટી વિભાગ આ તમામે બેઇમાની ઉપર કઈ રીતે અંકુશ લાદી શકાય ના પ્રકારના કરદાતાઓને કઈ રીતે દંડિત કરી શકાય તે માટેની પ્રક્રિયા હાથ ધરવી જોઈ નહીં કે કોઈ એવા પગલાં લેવામાં આવે કે જેનાથી જે પ્રામાણિક કરદાતાઓ છે તેમને કોઈ તકલીફ પડે. આ તો સ્પષ્ટ છે કે બધા કરતા બેઈમાન હોતા નથી પરંતુ હાલની સ્થિતિને ધ્યાને લઈ કે જે રીતે કરચોરીનું પ્રમાણ સામે આવી રહ્યું છે તે જોતા એ વાત તો સ્પષ્ટ છે કે બેઈમાની તો થાય જ છે.

### શું બધા કરદાતા ચોર છે?

હાલ દેશમાં આવકવેરા વિભાગની ચોરી હોય કે જીએસટી વિભાગની ચોરી હોય મહત્વનું તો એ છે કે શું બધા કરતા ચોર છે તો જવાબ આવે ના કારણ કે દરેક કરદાતા એવું જીતતા હોય કે તે કોઈ પણ પ્રકારના લીટીગેશનમાં ન ફસાય અને તેમના પર એક પણ પ્રકારની નોટિસો ન આવે. તું જે ભ્રષ્ટ કરદાતાઓ છે કે જે સેટિંગ કરીને જ આગળ વધે છે તેના પરિણામ સ્વરૂપે હવે જે પ્રમાણિત કરદાતાઓ છે તેને ઘણી તકલીફો વેઠવી પડે છે. બીજી તરફ ઓનલાઈન થઈ જતા જે પણ પરદાતા કર ચોરી કરતા હોય તેની સંપૂર્ણ માહિતી વિભાગ પાસે હોય છે અને તેના પરથી તે આકરા પગલાં પણ લે છે. પગલા લેવાથી પ્રામાણિક કરતાઓને પણ ઘણી તકલીફ થાય છે એટલે કહી શકાય કે સૂકા પાછળ લીલું પણ બળે. પ્રમાણિક કરદાતાઓ ભારતમાં ૬૫% થી વધુ છે કે જે નિયમિત તેનો કર અથવા તો રિટર્ન ફાઈલ કરવાની પ્રક્રિયા હોય તે પરિપૂર્ણ કરે છે.

### પોલીસીમાં કયા મુદ્દે બદલાવ લાવવો જોઈએ

પોલીસીમાં પણ સરકારે બદલાવ કરવો જરૂરી છે કારણ કે હાલ જે જીએસટી અને આવકવેરા વિભાગમાં જે અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે તેઓ સહેજ પણ જવાબદારી લેવા માટે તૈયાર થતા નથી તેમના દ્વારા જે કેસ ડ્રોપઆઉટ થઈ શકતો હોય તે પ્રકારના કેસોને પણ અપીલમાં લઈ જવા માટે કરદાતાઓને આગ્રહ કરતાં હોય છે જે ખરા અર્થમાં કરદાતાઓ ને હેરાન કરવાની વૃત્તિ છે. જો અધિકારીઓની જવાબદારી ફિક્સ કરવામાં આવે તો જે બર્ડન ઉભું થઈ રહ્યું છે તે પણ ઘટશે. બીજી તરફ સ્ટેટ જીએસટી હોય સેન્ટ્રલ જીએસટી હોય કે આવકવેરા વિભાગ હોય આ તમામ કરદાતાઓને જે રીતે શોપોઝ નોટિસની બજવણી કરે છે તેનાથી ખરા અર્થમાં હેરાનગતિ કરદાતાઓએ વેઠવી પડે છે અને સરકારી આવકને પણ ખાંસી એવી નુકસાની પહોંચે છે. ટેક્સ તજજ્ઞોનું માનવું છે કે હાલ આ સેન્ટ્રલ અને સ્ટેટ એજન્સીમાં જેથી કાર્યો ફરજ બજાવી રહ્યા છે તેમની પાસે પૂરતી ટ્રેનિંગ ન હોવાના કારણે જટિલ કિસ્સામાં કઈ રીતે નિર્ણય લેવો તે તેમને ખ્યાલ હોતો નથી અને એ તમામ કાર્યો અધુરતાલ રહે છે.

### કરદાતાઓને પણ સતત હેરાનગતિનો કરવો પડે છે સામનો

આવકવેરા વિભાગ અને જીએસટી વિભાગ એ પણ તકેદારી રાખવાની જરૂરિયાત છે જ્યારે તેમના દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવતા હોય તો કરદાતાઓને જે રીતે પૂછપરછ થવી જોઈએ તે થતી નથી ઊલટું તેમની સાથેનો જે વ્યવહારો હોય તે આરોપી જેવો કરવામાં આવે છે જે ખરા અર્થમાં ખોટું છે. આવકવેરા વિભાગ હોય કે જીએસટી વિભાગ હોય તેના એક પણ મેન્યુઅલમાં એ પ્રકારની વાત નથી કે જે સર્ચ ઓપરેશન દરમિયાન કરદાતાઓને હેરાન કરવામાં આવે. સાથો સાથ અધિકારીઓ પાસે પૂરતી માહિતી ન હોવાથી પણ લોકો એનકેન પ્રકારે હેરાન થતા હોય છે. અમે ઘણા ખરા એવા કેસ ઊભા કરવામાં આવે છે કે જેનો નિકાલ તો આવવો ખાસો દૂર હોય અને સામે તેઓને ધંધામાં પણ ભારે નુકસાની વેઠવી પડતી હોય. આ તમામ મુદ્દાઓ પર ગંભીરતાથી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો પણ કરદાતાઓની સંખ્યા વધી શકે અને સરકારને જે આવકમાં નુકસાની થઈ રહી છે તેની પણ ભરપાઈ થાય.

# પાંભર ઈટાળા ગામે જૂની બોલાચાલીનો ખાર રાખી યુવક પર છરી વડે હુમલો

## દિનેશ અને તુષાલ રાઠોડને શોધવા મેટોડા પોલીસની ટીમો દોડતી થઈ

**અબતક, રાજકોટ**

પાંભર ઈટાળા ગામે અગાઉ કૌટુંબિક ભાઈ-ભાભી સાથે થયેલ બોલાચાલીનો ખાર રાખી યુવક પર બે શખ્સો દ્વારા છરી વડે હુમલાની ઘટના બનવા પામી છે. મામલામાં મેટોડા પોલીસે બંને હુમલાખોર વિરુદ્ધ ગુનો દાખલ કરી શોધખોળ હાથ ધરી છે.

લોધીકા તાલુકાના પાંભર ઈટાળા ગામે રહેતા સને મજૂરી કામ કરતા સુનિલ હિતેષભાઈ રાઠોડ નામના ૨૪ વર્ષીય યુવકે મેટોડા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં પાંભર ઈટાળાના જ કેતન દિનેશ રાઠોડ અને તુષાલ દિનેશ રાઠોડના નામ આપ્યા હતા. યુવકે જણાવ્યુ છે કે, તે ડોંડી ચેકડેમ ખાતે એકલો બેઠો હતો ત્યારે આરોપી કેતન દિનેશ રાઠોડ અને તુષાલ દિનેશ રાઠોડ મોટરસાયકલ લઈને ધસી આવ્યા હતા અને અગાઉ યુવકના કૌટુંબિક ભાઈ-ભાભી મુકેશભાઈ અને ઈલાબેન સાથે થયેલ બોલાચાલી સમયનો ખાર રાખી યુવકને બેફામ ગાળો આપવા લાગેલ હતા.

ત્યારબાદ કેતન રાઠોડે યુવકને ડાબી બાજુના પડખામાં છરી મારી દીધી હતી.

હુમલો કરી બંને શખ્સો બનાવ સ્થળેથી નાસી ગયાં હતા.

# લોધિકાના ખારા ગામેથી જુગારધામ ઝડપાયું, મહિલા સહિત નવ શખ્સોની ધરપકડ

## ૨.૭૧ લાખ રોકડા, આઠ મોબાઈલ, કાર અને ત્રણ મોબાઈલ મળી ૫.૪૩ લાખનો મુદ્દામાલ કબજે, વાડી માલિક સહિત ત્રણ શખ્સ ફરાર

**અબતક રાજકોટ**

લોધીકા તાલુકાના ખારા ગામે વાડીમાં ધમધમતી જુગાર કલબ પર એલસીડીએ દરોડો પાડી નવ શખ્સની ધરપકડ કરી રોકડ,વાહન અને મોબાઈલ મળી રૂપિયા ૫.૪૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. દરોડા દરમિયાન નાસી છૂટેલા ત્રણ શખ્સની શોધ ખોળ હાથ ધરી છે.

પોલીસ પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ જિલ્લામાં દારૂ અને જુગારની બદી ડામી દેવા જિલ્લા પોલીસ વડાએ આપેલી સૂચનાને પગલે એલસીબીના પીઆઇ વી.વી.રબારી અને પી.એસ.આઇ એચ.સી.ગોહિલ સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે લોધિકા તાલુકાના ખારા ગામે અરે



તો એક જ મિનિટ સુરેશ સવજી સાકરીયા ની વાડીમાં જુગાર રમતો હોવાની મળેલી વાત વિના આધારે સ્ટાફેદ રોડ પાડી જુગાર રમતા ચીભડા ગામનો ધીરુ ચકુ ટીંબડીયા વિશાલ મનસુખ વાઘેલા, જગદીશભાઈ બાબુભાઈ દુધાત્રા જગદીશ બાબુ દુધાત્રા, પૂજાબેન વિશાલ વાઘેલા ,મોટા વડાગામનો દશરથસિંહ બહાદુર સિંહ જાડેજા, ત્રાકુડા ગામનો ગોપાલ ઉર્ફે રવિ રમેશ સાકર વાડીયા ચુડા ગામનો જગદીશ જગદીશ ઉર્ફે જગો બટુકભાઈ કાલીયા રાજકોટ શહેરના શીતલ પાર્ક રમેશ ધનજીભાઈ બોખાણી, રામાપીર ચોકડી પાસે રહેતો આનંદ રણછોડ પરમારની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા ૨,૭૧,૦૦૦ ૮ મોબાઈલ અને ,કાર અને ૩ બાઈક મળી રૂપિયા ૫.૪૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. દરોડા દરમિયાન નાસી જનાર ચંદુ રત્નાભાઈ રાદડિયા, સુરેશ રામજીભાઈ વાઘેલા અને વાડી માલિક સુરેશ સવજી સાકરીયા ની શોધખોળ હાથ ધરી છે

# બગસરા પાલિકાના વેરા વધારામાં માત્ર ૧૫% રાહતની જાહેરાત




**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા પાલિકા દ્વારા પાણી વેરો ૬૦૦ ના ૯૦૦ કરવામાં આવ્યા સફાઈ વેરો ૧૫ ના ૧૦૦ કરવામાં આવ્યો અને લાઈટ વેરો જે હતો જ નહિ તે નવા વેરા ના રૂપ માં ૫૦ અને ભૂગર્ભ ગટર નો પણ નવો વેરો તરીકે ૨૫૦ લેવા નો નિર્ણય કરવામાં આવ્યો હતો જ્યારે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સખત વિરોધ કરવામાં આવ્યો હતો પરંતુ પાલિકા દ્વારા આ વિરોધને ઘોળીને પી ગઈ પાલીકાએ કાલની બોર્ડની મિટિંગ માં નિર્ણય લીધો હતો અને લોકો ને ઊંધા ચશ્મા પહેરાવતા હોય તેમ ૧૫% રીબેટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જે કરદાતા આવતા વર્ષે ૧ એપ્રિલ થી ૩૦ જૂન સુધીમાં વેરો ભરશે તેને ૧૫% રીબેટ આપવામાં આવશે. જ્યારે પાલિકા આ નિયત સમય મર્યાદામાં વેરો ભરે તેને પહેલેથીજ ૧૦% રિબેટ આપતી જ હતી. જ્યારે પાલિકા શહેરના લોકો ને સારી સુવિધા આપવા માટે આ વેરો વધારો કરેલ છે જ્યારે અનેક સંસ્થાના આગેવાનો દ્વારા કહેવામાં આવેલ કે અનેક વિસ્તાર માં સફાઈ કામદારો ફરકતા પણ નથી તો અનેક વિસ્તાર માં ગટરોનું ગંદુ પાણી રોડ ઉપર ફરી વળે છે તો આવી પરિસ્થિતિમાં વેરો વધારવાનો નિર્ણય કેટલા અંશે વ્યાજબી કહેવાય.

### (પહેલા પાનાનું ચાલું)

### બજેટ સત્ર...

ભાજપની ''ઈમરજન્સી સ્ટ્રાઈક'' માટે તખ્તો ગોઠવ્યો હતો, જે લોકસભાની ચૂંટણીમાં વિપક્ષના નિવેદનની કેન્દ્રીય થીમ હતી. વિપક્ષી દળોએ દાવો કર્યો હતો કે વડા પ્રધાન મોદીના ''અબકી બાર, ૪૦૦ પાર''ના ચૂંટણી સૂત્રનો ઉદ્દેશ્ય બંધારણને બદલવા અને અનામતનો અંત લાવવાનો હતો. ચૂંટણીઓ પછી, ભાજપના ઘણા નેતાઓએ સ્વીકાર્યું કે ભગવા પક્ષની ચૂંટણીની સંભાવનાઓને કારણે સ્ટોરીલાઈનને નુકસાન થયું છે.

૧૮મી લોકસભાના પ્રથમ સત્રના પ્રથમ દિવસે ભારતીય બ્લોકના સાંસદોએ એકસાથે ગૃહ તરફ કૂચ કરી, ચૂંટણીઓ પછી બંધારણ અંગેની અથડામણ ચાલુ રહી. તેમના હાથમાં બંધારણની નકલો પકડીને, તેઓએ ''સંવિધાન દીર્ઘાયુષ્ય રાખો'', ''આપણે બંધારણ બચાવીશું'', ''આપણે લોકશાહી બચાવીશું'' જેવા નારા લગાવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધતા વિપક્ષના હુમલાનો જવાબ આપ્યો, જ્યારે બંધારણને ''નાબૂદ'' કરવામાં આવ્યું ત્યારે ઈમરજન્સીને લોકશાહી પર ''બ્લેક સ્પોટ'' ગણાવી. વડાપ્રધાને કહ્યું હતું કે નવી પેઢી એ દિવસને ક્યારેય ભૂલી શકશે નહીં જ્યારે લોકશાહીને દબાવીને ભારતના બંધારણને સંપૂર્ણપણે નકારી કાઢવામાં આવ્યું હતું અને દેશને જેલમાં ફેરવી દેવામાં આવ્યો હતો.

ત્યારબાદ, ભાજપ અને તેના સાથીઓએ ૧૯૭૫માં કટોકટી જાહેર કરનાર કોંગ્રેસ અને ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને નિશાન બનાવીને ઈમરજન્સી સામે જોરદાર અને સતત ઝુંબેશ શરૂ કરી. ત્યારબાદ લોકસભાએ ઈમરજન્સીની નિંદા કરતો ઠરાવ પસાર કર્યો હતો. સ્પીકર ઓમ બિરલાએ આ કૃત્યની નિંદા કરતો ઠરાવ વાંચ્યો અને કહ્યું કે ૨૫ જૂન, ૧૯૭૫ ભારતના ઈતિહાસમાં હંમેશા એક કાળો અધ્યાય તરીકે ઓળખાશે. બિરલાએ કહ્યું, ''આ ગૃહ ૧૯૭૫માં દેશમાં કટોકટી લાદવાના નિર્ણયની સખત નિંદા કરે છે. તે જ સમયે, અમે તે તમામ લોકોના નિશ્ચયની પ્રશંસા કરીએ છીએ જેમણે કટોકટીનો સખત વિરોધ કર્યો, અભૂતપૂર્વ રીતે લડ્યા અને ભારતના લોકતંત્રની સુરક્ષાની જવાબદારી લીધી.'' ''ઈમરજન્સીએ લોકોના જીવનને બરબાદ કર્યું હતું તેના પર ભાર મૂકતા, બિરલાએ કહ્યું, ''અમે ભારતના કર્તવ્યનિષ્ઠ અને દેશભક્ત નાગરિકોની યાદમાં બે મિનિટનું મૌન પાળીએ છીએ જેમણે ઈમરજન્સીના તે અંધકારમય સમયગાળા દરમિયાન તાનાશાહી કોંગ્રેસ સરકાર સામે લડ્યા હતા.'' ૨૫ જૂનને ''બંધારણ મર્ડર ડે'' તરીકે મનાવવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય મણિપુર પર વિપક્ષના હુમલા અને નિટ વિવાદ જેવા અન્ય મુદ્દાઓનો સામનો કરવા માટે ''ઈમરજન્સી'' નેરેટિવનો ઉપયોગ કરવાના ભાજપના સંકલ્પને મજબૂત કરે છે.

જો સરકારના ઈમરજન્સી હુમલાનો ઈરાદો કોંગ્રેસને વિપક્ષની છાવણીમાં અલગ પાડવાનો હોત તો કદાચ તે કામ ન કરી શક્યો હોત. કટોકટી દરમિયાન ભારતમાં અનેક પક્ષોને અતિરેકનો ભોગ બનવું પડ્યું હતું. જો કે, તેમના માટે આ ઈતિહાસનું એક પાનું છે જેના માટે જનતાએ કોંગ્રેસ અને તેના નેતા ઈન્દિરા ગાંધીને સજા આપી હતી. વિરોધ પક્ષોએ ભાજપ સરકાર પર છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં અઘોષિત કટોકટી લાદવાનો આરોપ લગાવ્યો છે.

### પાલીતાણા...

નીતિઓ દ્વારા ગુજરાતમાં શાકાહાર તરફનું પરિવર્તન ઊંડા સાંસ્કૃતિક અને ધાર્મિક મૂળને પ્રતિબિંબિત કરે છે. તેમ છતાં, રાજ્યની વિકસતી ગતિશીલતા કેટરિંગ પ્રેક્ટિસ, પરંપરાને સંતુલિત કરવા અને વપરાશ પેટર્નમાં ફેરફાર સાથે જટિલ સંબંધ દર્શાવે છે. જેમ જેમ ગુજરાત પ્રદેશમાં નેવિગેટ કરે છે તેમ, મહાત્મા ગાંધી અને સમકાલીન ધોરણો જેવી ઐતિહાસિક વ્યક્તિઓનો પ્રભાવ તેના રાંધણ લેન્ડસ્કેપને આકાર આપવાનું ચાલુ રાખે છે, જેમાં પાલીતાણા માંસાહારી ખોરાક પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ શહેર બન્યું છે.

માંસાહારી ખાદ્યપદાર્થોના વેચાણને નિયંત્રિત કરતી ઓર્ડરની શ્રેણી રાજકોટથી શરૂ થઈ છે. આ આદેશોમાં જાહેર સ્થળોએ માંસાહારી ખોરાક બનાવવા અને પ્રદર્શિત કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વડોદરાએ ટૂંક સમયમાં તેનું અનુસરણ કર્યું, જૂનાગઢ અને અમદાવાદે પણ સમાન નિયમોનો અમલ કર્યો. માંસાહારી ખોરાકના વિરોધીઓએ દલીલ કરી હતી કે માંસનું પ્રદર્શન તેમની સંવેદનાઓને ઠેસ પહોંચાડે છે અને લોકો પર, ખાસ કરીને બાળકો પર નકારાત્મક અસર કરે છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ નિયમોને ટ્રાફિકની ભીડ ઘટાડવા સાથે જોડ્યા હતા.

### જીએસટી...

આવ્યા છે જ્યારે બાકી બે ને જોઈન્ટ કમિશનર તરીકે પદભાર સોંપવામાં આવ્યો છે. રાજકોટ શહેરની તો વાત કરવામાં આવે તો ગિરીશભાઈ ગોહિલ, ભગવાનજીભાઈ કુંભારવાડીયા, નયનાબેન ઘાડીયા, ચીમનભાઈ ગમારા, આરતીબેન ભેસડદિયા, મેઘાબેન વડુકીયા, મહેન્દ્રભાઈ ચૌહાણ તથા હસમુખભાઈ ધંધુકિયાના ઓર્ડર નીકળ્યા છે.

### બદલી...

મામલતદાર એમ.ડી.દવેની જસદણ મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટ જિલ્લાના નાયબ મામલતદાર શામજીભાઈ ગીણોયાને મામલતદારના પ્રમોશન સાથે રાજકોટ કલેકટર કચેરીમાં પીઆરઓ તરીકે મુકવામાં આવ્યા છે.

અગાઉ ગત વર્ષે ઑક્ટોબર મહિનામાં મહેસૂલ વિભાગ દ્વારા એકસાથે ૫૫ મામલતદારોની બદલી કરવામાં આવી હતી. આ સાથે જ ૧૬૨ નાયબ મામલતદારોને પ્રમોશન આપવામાં આવ્યું હતું.

### (છેલ્લા પાનાનું ચાલુ)

### પ્રદેશ ભાજપ અધ્યક્ષ

બેઠકમાં પણ સી.આર. દ્વારા બે હાથ જોડીને એવી આજીજી કરવામાં આવી હતી કે, મને પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથી મુકત કરો.

ભાજપ દ્વારા આગામી ૧૫મી જુલાઈથી રાષ્ટ્રવ્યાપી સંગઠન મહાપર્વનો શુભારંભ થઈ રહ્યો છે. આવામાં આગામી ૨૦મી જુલાઈ સુધીમાં ભાજપ દ્વારા ગુજરાતના નવા પ્રદેશ અધ્યક્ષનું નામ જાહેર કરી દેવામાં આવે તેવી સંભાવના જણાય રહી છે. સીએમ પદે પાટીદાર સમાજમાંથી આવતા ભુપેન્દ્રભાઈ પટેલ હોય આવામાં પ્રદેશ ભાજપ અધ્યક્ષપદ ઓબીસી સમાજને આપવાની પક્ષની વ્યુહ રચના છે. હાલ ત્રણ નામો ચર્ચામાં છે. જેમાં રાજયસભાના સાંસદ મયંકભાઈ નાયક, મંત્રી જગદીશ વિશ્વકર્મા અને ધારાસભ્ય પુર્ણેશ મોદીના નામ સૌથી આગળ ચાલી રહ્યું છે. અગાઉ વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી પ્રમુખ પદ માટે સૌથી વધુ દાવેદાર માનવામાં આવતા હતા. દરમિયાન લોકસભાની ચુંટણીમાં બનાસકાંઠા લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવારનો પરાજય થતાં શંકરભાઈનું વજન પક્ષમાં ઘટી જવા પામ્યું છે. તેઓનું નામ પ્રદેશ પ્રમુખના સંભવિતોમાંથી નીકળી ગયું છે.

થોડા સમય પહેલા રાજય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી પુર્ણેશ મોદી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહને મળતા એવી અટકળો વહેતી થઈ હતી કે, પુર્ણેશ મોદીને પ્રદેશ ભાજપ અધ્યક્ષ બનાવવામાં આવશે પરંતુ હવે આ અટકળો પહેલા જેટલી મજબૂત લાગતી નથી. મોદી-શાહની જોડી સરપ્રાઈઝ આપવા માટે જાણીતી છે. આવામાં ગુજરાત માટે કોઈ નવું નામ પણ આવી શકે છે. આવતા સપ્તાહે ભાજપ દ્વારા નવા અધ્યક્ષના નામની ઘોષણા કરી દેવામાં આવે તેવી સંભાવના જણાય છે.

### સરકારી કચેરીને બદનામ કરનાર

અધિકારી બંને મને બદનામ કરવા માટે ટ્વીટ કરવામાં આવ્યું હોવાથી તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર પર ફરિયાદ કરવામાં આવી હતી. જે બાદ આ બંને એકાઉન્ટ મામલે મેટાને રિપોર્ટ કરવામાં આવતા સોશિયલ મીડિયા કંપની દ્વારા આ બંને એકાઉન્ટ માટે એક જ મોબાઈલ નંબરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવી માહિતી આપવામાં આવી હતી. જે બાદ તે મોબાઈલ નંબરનો સીડીઆરની માહિતી મંગાવતા આ નંબર સંજય શાંતિલાલ ધૂળ કોટીયા રહે વિંગ-એ, ફ્લેટ નંબર ૪૦૧, પાવન પાર્ક, ૮૦ ફૂટ રોડ, સેટેલાઈટ ચોક, મોરબી રોડવાળાની ઓળખ થઈ હતી. હાલ સાયબર ક્રાઈમ પોલીસે આ શખ્સની શોધખોળ હાથ ધરી છે.

### લાઈન પ્રોજેક્ટ માટે રૂ. ૪૬૬ કરોડની ફાળવણી

મોદીના વિઝનથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આશરે ૯૨૦ ચોરસ કી.મી.નો ધોલેરા SIR ભારતનો સૌથી મોટો ગ્રીનફિલ્ડ ઈન્ડસ્ટ્રીયલ રિજિયન અને સ્માર્ટ સિટી છે.આગામી થોડા વર્ષોમાં ધોલેરા સર, ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઉભરી આવશે ત્યારે આ બ્રોડગેજ રેલ્વે લાઈન પ્રોજેક્ટ પણ તેમાં મહત્વપૂર્ણ બની રહેશે.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, ધોલેરા સર એ ઈન્ટરનેશલલ એરપોર્ટ, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ હાઈવે અને હવે આ ધોલેરા-ભીમાનાથ નવી બ્રોડગેજ રેલ્વે લાઈન સહિતની સંપૂર્ણ કનેક્ટિવીટી સાથે ડીએમઆઈસીનો નેક્સ્ટ જનરેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતો અભિન્ન હિસ્સો બનશે.

### લેન્ડ ગ્રેબીંગ

છે. અન્ય ૧૬ કેસમાં સમાધાન થયેલ છે.

જમીન માફીયાઓને નાથવા માટે રાજય સરકાર દ્વારા લેન્ડ ગ્રેબીંગનો કાયદો ઘડવામાં આવ્યો છે. જે ગુજરાતની જનતા માટે આશિર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે.

# ભુજઃ કે.કે. પટેલ હોસ્પિ.માં ૧૫ વર્ષના બાળકની મગજની સફળ સર્જરી કરી અપાયું 'જીવનદાન'

## ડો. તેજેન્દ્ર રામાણી અને તેમની ટીમનું સર્જરી દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન

**અબતક, નવીનગીરી ગોસ્વામ, ભુજ**

સુપર સ્પેશિયલિટી હોસ્પિટલમાં પ્રથમ ન્યુરોઈન્ટરવેન્શન પ્રકિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે, જેનાથી કચ્છના આરોગ્ય સેવા ક્ષેત્રે એક નવી સિદ્ધિ બની છે. આ ઐતિહાસિક સર્જરીનું નેતૃત્વ કરી ખ્યાતિપ્રાપ્ત કરનાર કચ્છના સૌપ્રથમ ઈન્ટરવેન્શનલ રેડિયોલોજિસ્ટ ડો. તેજેન્દ્ર અશોકખટાઉ રામાણી (જે મૂળ રહેવાસી ભુજના) એ કર્યું હતું, જે કચ્છના રહેવાસીઓ માટે અદ્યતન તબીબી સારવારનો નવો યુગ દર્શાવે છે.ન્યુરોઈન્ટરવેન્શન એ મગજનીઅને કરોડરજ્જુની બીમારી છે જેમાં એન્યુરિઝમ્સ (મગજની નસો ફુલાઈ જાય અથવા ફુગ્ગા જેવી દેખાય),લોહી ને મગજ સુધી પોહચાડતી નસનું બંધ થવ, એવીએ- એવીએફ (લોહીની નસનો ગુંચવાડો), સ્ટ્રોક (લકવાની અસર)અન્ય ન્યૂરોવાસ્ક્યુલર ડિસઓર્ડર્સ જેવા જટિલ ન્યુરોલોજિકલ પરીસ્થિતિઓની સારવારકે જેમાં કોઈ પણ જાત ના ચીરફાડ વગર માત્ર પીનહોલ(સોય જેટલા છેદ) દ્વારા કરવામાં આવતી પ્રક્રિયાઓ કરવામાં આવે છે.જેમાં ગળાની નસ અને મગજની નસ બંને નસો ડાબી આંખની પાછળ આકસ્મિત રીતે જોડાઈને ફુલાઈ ગયેલી હતી. તેથી આંખ પર દબાવ પડતા આંખમાં લાલાશ અને આંખનો ડોળો બહાર આવી ગયો હતો. આ પરિસ્થિતિમાં જો દર્દી સમયસર સારવાર ના લે તો આંખની દ્રષ્ટિ પણ ગુમાવી શકે તેવી ગંભીર પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. તેવા સમય માં કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના નિષ્ણાંત ડો. તેજેન્દ્ર રામાણી તથા તેમની ટીમ દ્વારા કોઈ પણ જાતનો ચીરો કે કાપ વગર માત્ર પગની નસમાં પીનહોલ (સોય જેટલો છેદ) કરીને મગજ સુધી પહોંચીને આ ગૂંચડાને કોઈલિંગ દ્વારા બંધ કરી દેવામાં આવ્યો અને માત્ર એક દિવસ નો રાત્રિ રોકાણ કરી ને બીજા દિવસે દર્દીને રજા (ડિસ્ચાર્જ) કરી દીધું હતું. આવી પીનહોલ(સોય જેટલ છેદ) દ્વારા થતી ગણી પ્રોસિઝર જેવી કે વેરીકોઝ વેઈન, પગની નસોમાં બ્લોક, પગનું ગેંગરેંગ થવું, ગર્ભાશય, થાઈરોઈડ તથા પ્રોસ્ટેટની ગાંઠ, લોહીની નસો ફૂલાવી કે ફુગ્ગા જેવી દેખાવી, લોહીની નસોમાં ગુંચવાડો વગેરે પ્રોસિઝર હવે તેના માટે કોઈ બીજે કે મોટા શહેરોમાં જવાની જરૂર રહેતી નથી.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**ગાંધીધામ :** મૂળ રાણાવાવ હાલ ગાંધીધામ કચ્છ નિવાસી દિનેશભાઈ ગોવિંદભાઈ વાજા તે મધવજીભાઈ, રમેશભાઈના નાનાભાઈ, નિલેશભાઈના મોટા ભાઈ, ગં.સ્વ.જ્યોત્સનાબેનના પતિ, અમરશીભાઈ પરમાર મેસવાણ (કેશોદ)ના જમાઈ, ધીરેન તથા હિતેનના પિતા, મિત્તલ ધિરેનભાઈ તેમજ રિતુ હિતેનભાઈના સસરા, જીતેન્દ્ર, વિમલ, દેવાંગના કાકાનું તા.૧૧.૦૭.૨૦૨૪ ગુરુવારે અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા શનિવારે ૧૩.૦૭.૨૪ ના સાંજે ૫:૦૦ થી ૬:૦૦, સાધુ વાસવાની ઈન્ટરનેશનલ સ્કૂલ, લીલાશાનગર, ગાંધીધામ કચ્છ રાખેલ છે.

**રાજકોટ :** જામનગર વડનગરા નાગર બ્રાહ્મણ સ્વ.સુરેન્દ્રભાઈ નટવરલાલ ત્રિવેદીના પત્ની તરૂલતાબેન (ઉ.વ.૮૨), તે બિમલભાઈ, બંકિમભાઈ તથા ભાર્ગવીબેનના માતુશ્રી અને રેશ્માબેન, પારૂલબેન તથા ભસ્માંગભાઈ જોષીપુરા (જુનાગઢ)ના સાસુનું તા.૧૧ને ગુરૂવારે અવસાન થયેલ છે. સદ્ગતની પ્રાર્થનાસભા તા.૧૩ને શનિવારે સાંજે ૫ થી ૬, ઉમા સદન, ઉમા ભવનની બાજુમાં, શ્યામલ ઈન્ફીનીટીની પાછળ, ઉમા સદન રોડ, જે. કે. ચોક, યુનીવર્સીટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ખાંભા ગીરના હનુમાનગાળા મંદિર બંધ કરવાની કોઈ સૂચના અપાય જ નથીઃ રાજદીપસિંહ ઝાલા

## હનુમાન ગાળા મંદિર બંધ કરવાની હિલચાલના પગલે ભાવિકોમાં રોષ અને ખાંભા ગામ સ્વયંભુ બંધ રહ્યું

**અબતક-ધારી, નિકુંજ મહેતા**

સૌરાષ્ટ્રના તીર્થક્ષેત્રમાં અતિ પૌરાણિક ગણાતા ખાંભા ગીરના ગાઢ જંગલમાં આવેલ હનુમાનગાળા મંદિરને બંધ કરવાનો વન વિભાગ એ નિર્ણય લીધો હોવાની ચર્ચાએભાવિકોમાં ભારે રોસ ફેલાવ્યો હતો. અને ખાંભા શહેરની દુકાનો અને ધંધા રોજગાર બંધ રાખીને આખા ગામે સજળ બંધ પાડ્યું હતું. ત્યારે આ બનાવ અંગે વન અધિકારીઓએ ઘટસ્પોટ કર્યો હતો કે હનુમાનગાળા ને બંધ કરવા માટે વન તંત્રએ કોઈને પણ લેખિત મૌખિક કે નોટિસ સુચના આપી જ નથી નાયબ વંશરક્ષક રાજદિપસિંહ ઝાલાએ જણાવ્યું હતું







હનુમાન ગાળા બચાવ સમિતિ દ્વારા હનુમાન ગાળાને બંધ કરવાની કથિત હિલચાલ સામે વિરોધ ઉઠાવ્યો હતો. રેવન્યુ બોર્ડર થી સાડા ત્રણ કિલોમીટર અંતરે આવેલ અનુમાન ગાળા આજુબાજુ નો વિસ્તાર ગીર નો વિસ્તાર હોય અને ભાવિકોને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી દર્શન માટે જવા દેવામાં આવે છે રાત્રિ રોકાણની મંજૂરી આપવામાં આવતી નથી તાજેતરમાં સ્થાનિક લોકો દ્વારા હનુમાન ગાળાની ધાર્મિક જગ્યા વન વિભાગ દ્વારા બંધ કરાશે તે મુદ્દાને લઈને ભાવિકોમાં નારાજગી ઊભી થઈ હતી. અને ખાંભા ખાતે પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર ધારાસભ્ય જેવી કાકડિયા ની આગેવાનીમાં અનુમાન ગાળા ઉત્કર્ષ સમિતિ ના રમેશભાઈ બોઘરા એ રેલી યોજી વન અધિકારી દ્વારા હનુમાન ગાળા મંદિર બંધ કરાવવાની હિલચાલ કરી હોવાની ફરિયાદ ઉઠાવી હતી ખાંભા માર્કેટિંગ યાર્ડ થી મામલતદાર કચેરી સુધી રેલીમાં ભાજપના નેતા અમરીશ ડેર ધારાસભ્ય જે.વી કાકડિયા એ વરસતા વરસાદે સરકાર સાથે રેલી યોજી આહિરચાલનો વિરોધ કર્યો હતો. અમરીશભાઈ ડેર અને જેવી કાકડીયાએ મામલતદાર કચેરી જઈ અનુમાન ગાળા મંદિર આશ્રમ બંધ કરવા સામે મામલતદારને આવેદન આપ્યું હતુંઆ આંદોલનના પગલે ક્યાંક લોકોને ગેરસમજ થયો હોવાનું સામે આવ્યું છે ,લોકો દ્વારા હનુમાન ગાળાની ધાર્મિક જગ્યા વન વિભાગ દ્વારા બં કરવામાં આવી રહી છે છે તેમજ હવે પછી કોઈ પણ દર્શનાર્થે દર્શને જવા માટે રજા આપવામાં નહીં આવે તેવી ચર્ચા અંગે ધારી વન વિભાગના તુલસીશ્યામ રેન્જ ના નાયબવન સંરક્ષણ રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે હનુમાન ગાળા બંધ કરવા બાબતે વનતંત્રએ કોઈપણ પ્રકારની લેખિત કે મૌખિક નોટિસ કે સૂચનો આપ્યા નથી હનુમાન ગાળો બંધ કરવાની હિલચાલ અંગે વન અધિકારીએ સ્પષ્ટતા કરીને લોકોને આ અંગે ગેરમાર્ગે દોરાવવા જણાવ્યું હતું

---

# ઉપલેટા પોલીસ દ્વારા મોહર્રમ અંતર્ગત સર્વે જ્ઞાતિ સમિતિની બેઠક યોજાઇ

## કોઇપણએ કાયદો હાથમાં લેવાનો પ્રયાસ કરવો નહિંઃ પી.આઇ.ગોહિલ

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**



ઉપલેટામાં મોહર્રમ પર્વ શાંતિમય રીતે ઉજવાય તે અંતર્ગત શહેરના હિન્દુ-મુસ્લિમ આગેવાનો તેમજ વેપારીઓની મિટીંગ શાંતિ સમિતિની મિટીંગ યોજાઈ હતી.

મોહર્રમ પર્વની શાંતિથી અને ભાઈચારાથી ઉજવણી થાય તે માટે શહેરના હિન્દુ-મુસ્લિમ આગેવાનોની મિટીંગ યોજાઈ હતી. તેમાં પીઆઈ ગોહિલે જણાવેલ કે મોહર્રમ પર્વ શાંતિથી ઉજવાય તે માટે આ સૌ આગેવાનોની ફરજ છે. શહેરમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તેમાં શહેર અને આ સૌનું હિત છે. વધુમાં પીઆઈ ગોહિલે જણાવેલ કે પર્વ દરમ્યાન કોઈ કાંકરી ચારો કરી કાયદાને હાથમાં લેવાની ભૂલ ના કરતા નહિંતર પોલીસ કોઈની શેહ શરમ રાખ્યા વગર આકરા કાર્યવાહી કરવાની ફરજ પડશે. આ મિટીંગમાં તાજીયા સમિતિના શબીર મીયા સૈયદ, લાલા દાઉદશા શેખ પૂર્વ નગરપતિ દાનભાઈ ચંદ્રવાડીયા ચેમ્બરના ઉપપ્રમુખ અલ્પેશભાઈ વોરા મંત્રી વિનુભાઈ ઘેરવડા, સેક્રેટરી હારૂનભાઈ માલવિયા વેપારી અગ્રણી જયેશભાઈ વસંત, વિઠલભાઈ સોજીત્રા, રમણીકભાઈ ગજેરા, સમાજ શ્રેષ્ઠીઓ ગોપાલભાઈ ઝાલાવડીયા, નાથાભાઈ ચંદ્રવાડીયા, રજાકભાઈ રાવકુડા, હનીફભાઈ કોડી, રસીદભાઈ શિવાણી સહિતના હાજર રહ્યા હતા.

---

# ‘આપ’ નગર રાજ બીલ લાવશે, સોસાયટીઓ ઈચ્છે તે પ્રમાણે બજેટ ફાળવાશેઃ ઈશુદાન ગઢવી

## ગુજરાતમાંથી ભાજપ સરકારને રવાના કરવાનો ‘આપ’નો ઈરાદો, મિશન વિસ્તારક કાર્યક્રમ પુરજોશમાં ચાલુઃ ઈશુદાન ગઢવી

**અબતક, રાજકોટ**

આમ આદમી પાર્ટીએ સમગ્ર ગુજરાતના તમામ ૫૫૦૦૦ બુથોના સંગઠન નિર્માણ માટે મિશન વિસ્તાર કાર્યક્રમની શરૂઆત કરી છે. આજે મિશન વિસ્તાર કાર્યક્રમ હેઠળ જુનાગઢ અને રાજકોટમાં બેઠક યોજવામાં આવી હતી.

આજની બંને મિટિંગમાં જૂનાગઢ અને રાજકોટ કોર્પોરેશનની આગામી ચૂંટણીને અનુલક્ષીને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.



આ મિટિંગ બાદ પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવીએ મીડિયાને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, પ્રદેશની તમામ ટીમો મિશન વિસ્તાર કાર્યક્રમ અંતર્ગત સમગ્ર ગુજરાતના અલગ અલગ વિસ્તારમાં જઈ રહી છે. આ મિશન વિસ્તાર કાર્યક્રમ અંતર્ગત અમે જુનાગઢ અને રાજકોટની મુલાકાત લીધી. આગામી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત સહિત તમામ ચૂંટણીઓની રણનીતિ અને જે પણ લોકો ચૂંટણી લડવા માંગતા હોય તે મુદ્દે આજે ચર્ચા કરવામાં આવી. આવનારા સમયમાં મહાનગરપાલિકાઓમાં અમે નગર રાજ બીલ રજૂ કરવાના છીએ તેના વિશે પણ ચર્ચા કરવામાં આવી. આ નગર રાજ બીલ અનુસાર જે પણ સોસાયટી ઈચ્છે તે પ્રમાણે બજેટ ફાળવવામાં આવશે તે પ્રકારની જોગવાઈ રજૂ કરવામાં આવશે.

જુનાગઢમાં ખૂબ જ સમસ્યાઓ વકરી ગઈ છે. કોર્પોરેશનની લગભગ તમામ સીટો ભાજપને આપ્યા બાદ આજે જનતા પસ્તાઈ રહી છે. ગટરની સમસ્યા છે, રોડ રસ્તાઓ નથી, પાણીની સમસ્યા છે, ગંદકીની સમસ્યા ખૂબ જ છે. સ્થાનિક વિસ્તારોમાં સારી હોસ્પિટલો અને સારી સ્કૂલો નથી. આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આવનારા સમયમાં અમારી ટીમો સ્થાનિક કક્ષાએ કાર્યક્રમ કરશે. અમારો ઉદ્દેશ્ય ભાજપને સત્તાથી દૂર કરવાનો છે. જે રીતે ભગવાન રામ અને તેમની પ્રજાએ અયોધ્યામાં ભાજપને હરાવી તે જ રીતે ગુજરાતમાં પણ ભાજપને સત્તામાંથી દૂર કરવાનો અમારો ઉદ્દેશ છે. આગામી સમયમાં વાવ અને વિસાવદર વિધાનસભાની ચૂંટણી પણ આવશે એના માટે પણ અમે લાંબા સમયથી મજબૂત તૈયારીઓ કરી છે. આજે અરવિંદ કેજરીવાલજીને સુપ્રીમ કોર્ટ તરફથી જામીન મળ્યા છે. આ સત્યની જીત થઈ છે. કેજરીવાલજી અને સમગ્ર આમ આદમી પાર્ટીને ખતમ કરી નાખવા માટે નરેન્દ્ર મોદી અને અમિત શાહે પ્લાન બનાવ્યો હતો. પરંતુ કહેવત છે તે પ્રમાણે સત્ય પરેશાન થઈ શકે છે પરાજીત નહીં, તે વાત આજે આપણને સાચી થતી જોવા મળી. જ્યારે ઈડીના કેસમાં અરવિંદ કેજરીવાલજીને દિલ્હી કોર્ટ તરફથી જામીન મળ્યા ત્યારે તેઓ સુપ્રીમ કોર્ટમાં જઈને તે જામીન પર સ્ટે લઈ આવ્યા અને ત્યારબાદ ભબશ એ પણ તેમની ધરપકડ કરી. આના પરથી સ્પષ્ટ થાય છે કે તેઓ ગમે તે ભોગે અરવિંદ કેજરીવાલજીને જેલમાં રાખવા માંગે છે. આની સાથે સાથે ભાજપે આમ આદમી પાર્ટીને તોડવાની ખૂબ જ કોશિશ કરી. એક બે ધારાસભ્યોને બાદ કરતા વધુ કોઈ ધારાસભ્યો તૂટ્યા નથી. અમને પૂરો વિશ્વાસ છે કે આજે જેમ ઈડીના કેસમાં અરવિંદ કેજરીવાલજીને જામીન મળ્યા છે તેમ ભબશ ના કેસમાં પણ જામીન મળશે.

---

## જિલ્લા પંચાયતના પ્રમુખ મંજૂલાબેન મૂછારના અધ્યક્ષસ્થાને

# વેરાવળના ઈણાજમાં રૂ.૨૫ લાખના વિકાસ કામોને મંજૂરી

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

જિલ્લા પંચાયતના પ્રમુખ મંજૂલાબેન મુછારનાં અધ્યક્ષસ્થાને આજે કલેકટર કચેરીના કોન્ફરન્સ રૂમ, ઈણાજ ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા, તાલુકા, નગરપાલિકા કક્ષાની ૧૫% વિવેકાધિન જોગવાઈ મુજબ રૂ.૯૮૪.૨૨ લાખના ૩૬૭ કામોનાં આયોજનને મંજૂરી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, સમાજ કલ્યાણના વિકસતી જાતિ વિભાગ અંતર્ગતના ખાસ પ્લાનનાં રૂ.૨૫ લાખના ૭ કામોનાં આયોજનની મંજૂરી આપવામાં આવી હતી.

આ બેઠકમાં કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ નિયમ મુજબ કરવાપાત્ર મંજૂર અને નામંજૂર કરવામાં આવેલા કાર્યોની વિગતો મેળવીને ફેરફાર કરવાપાત્ર કાર્યો માટે જરૂરી સૂચના આપી હતી.

કલેક્ટરએ તાલુકાની બાકી રહેલી દરખાસ્તો વહેલી તકે મોકલી આપવા સંબંધિત વિભાગના અધિકારીઓને માર્ગદર્શિત કર્યા હતા.

જિલ્લા આયોજન અધિકારી આઈ.જી.પટેલે વિકેન્દ્રિત જિલ્લા આયોજનની વિવેકાધિન જોગવાઈ, મળેલી દરખાસ્તો, મંજૂર કરેલી દરખાસ્તો અને કરવાપાત્ર કામોની વિસ્તૃત છણાવટ કરી સમગ્રતયા વિસ્તૃત માહિતી આપી હતી.

આ બેઠકમાં ધારાસભ્ય સર્વ ભગવાનભાઈ બારડ, ડો. પ્રદ્યુમન વાજા, વિમલ ચુડાસમા, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકાના પ્રમુખ પલ્લવીબેન જાની, અધિક નિવાસી કલેકટર રાજેશ આલ, સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) ગાંધીનગરના નિરીક્ષક એ.એફ.અમીન, પદાધિકારીઓ, સંબંધિત વિભાગના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.




---

# વેરાવળના ઈણાજ ખાતે નાગરિક પૂરવઠા ગ્રાહક સુરક્ષા સમિતિની મળી બેઠક

## આજોઠા, કોડિયાગામમાં એફ.પી.એસ.ની દુકાનો ખોલવા નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોને અપાઇ મંજૂરી

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી કોન્ફરન્સ રૂમ, ઈણાજ ખાતે જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેક્ટરશ્રીએ એફ.પી.એસ.ની વેરાવળ તથા ગીરગઢડા તાલુકાની દુકાન ચાલુ કરવા આવેલી અરજી નિયમ મુજબની યોગ્ય કાર્યવાહી કરીને ચાલુ કરવાં, તેમજ ફાટસર ગામમાં એફ.પી.એસ. દુકાન ચાલુ કરવા લાયક ઉમેદવારના મળતા ફરીથી જાહેરનામું બહાર પાડીને કાર્યવાહી કરવા સંબંધિત અધિકારીને સૂચના આપી હતી. આ તકે આજોઠા, કોડિયા ગામમાં એફ.પી.એસ.ની દુકાનો શરુ કરવા માટે નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોને મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મંજૂલાબેન મુછાર, ધારાસભ્ય સર્વ ભગવાનભાઈ બારડ, ડો. પ્રદ્યુમન વાજા, વિમલ ચુડાસમા, અધિક કલેકટર રાજેશ આલ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

# જામનગર, ઓખા, પોરબંદરથી ભાવનગર સ્પેશ્યલ ટ્રેનોની એક એક ટ્રીપ ચલાવાશે

**અબતક, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવેએ ૧૪ જુલાઈથી ૧૯ જુલાઈ દરમિયાન જામનગર-ભાવનગર, ઓખા-ભાવનગર અને પોરબંદર-ભાવનગર વચ્ચે ૩ જોડી સ્પેશિયલ ટ્રેનો (અનરિજર્વ્ડ)ની એક-એક ટ્રીપ ચલાવવાનું નક્કી કર્યું છે.

જામનગર-ભાવનગર સ્પેશિયલ જામનગરથી આવતીકાલે ૨.૦૦ કલાકે ઉપડશે, રાજકોટ ૪ કલાકે અને ભાવનગર ટર્મિનસ ૧૦.૩૦ કલાકે પહોંચશે. રિટર્ન માં, ભાવનગર-જામનગર સ્પેશિયલ ભાવનગર ટર્મિનસથી આવતીકાલે ૧૮.૦૦ કલાકે ઉપડશે, બીજા દિવસે ૦૨.૦૫ કલાકે રાજકોટ અને ૦૬.૧૫ કલાકે જામનગર પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં હાપા, રાજકોટ, ભક્તિનગર, ગોંડલ, જેતલસર, જેતપુર, કુંકાવાવ, લુણીધાર, લાઠી, ધસા, ધોળા, સિહોર અને ભાવનગર પરા સ્ટેશનો પર ઉભી રહેશે.

ઓખા-ભાવનગર સ્પેશિયલ ઓખાથી ૧૫ જુલાઈના રોજ ૨૩.૨૦ કલાકે ઉપડશે, બીજા દિવસે ૦૪.૦૫ કલાકે રાજકોટ અને ૧૦.૪૫ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. રિટર્ન માં, ટ્રેન નંબર ૦૯૪૦૩ ભાવનગર-ઓખા સ્પેશિયલ ભાવનગર ટર્મિનસથી ૧૬ જુલાઈના રોજ ૧૮.૪૫ કલાકે ઉપડશે, બીજા દિવસે ૦૦.૩૦ કલાકે રાજકોટ પહોંચશે અને ૦૭.૦૦ કલાકે ઓખા પહોંચશે. આ ટ્રેન બંને દિશા માં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગર ગેટ, લીંબડી, રાણપુર, બોટાદ, ધોળા, સિહોર અને ભાવનગર પરા સ્ટેશનો પર ઉભી રહેશે..પોરબંદર-ભાવનગર સ્પેશિયલ પોરબંદરથી ૧૮ જુલાઈના રોજ ૨૩.૦૦ કલાકે ઉપડશે, બીજા દિવસે ૦૪.૦૫ કલાકે રાજકોટ પહોંચશે અને ૧૦.૩૦ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. રિટર્નમાં ભાવનગર-પોરબંદર સ્પેશિયલ ભાવનગર ટર્મિનસથી ૧૯ જુલાઈના રોજ ૧૮.૪૫ કલાકે ઉપડશે, બીજા દિવસે ૦૦.૩૦ કલાકે રાજકોટ અને ૦૬.૫૦ કલાકે પોરબંદર પહોંચશે.

રૂટમાં, આ ટ્રેન બંને દિશામાં જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગર ગેટ, લીંબડી, રાણપુર, બોટાદ, ધોળા, સિહોર અને ભાવનગર પરા સ્ટેશનો પર ઉભી રહેશે.

---

## ખાટલે મોટી ખોટ

# ગોંડલઃ ડોક્ટરોની અછતથી હોસ્પિટલ રામભરોસે

## ઓપીડીમાં અનેક દર્દીઓ હેરાનઃ કલાકો બેસવા છતાં સારવાર મળતી નથી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



ગોંડલ શહેર અને તાલુકાનાં ખાસ કરીને મધ્યમવર્ગીય લોકો માટે તબીબી સારવાર નો આધારસ્તંભ ગણાતી અને ૧૫૦ બેડ ધરાવતી સિવિલ હોસ્પિટલ હાલ માત્ર એક ડોક્ટર પર નભતી હોય દર્દીઓ હેરાન થઈ રહ્યા છે.

ઓપીડી વિભાગ માં સવાર થી દર્દીઓ ની લાઈનો લાગી હોય છે.ત્યારે માત્ર એકજ ડોક્ટર હોવાથી મોટાભાગ નાં દર્દીઓ નો વારો આવતો નાં હોય સારવાર માટે લાચાર બનવું પડે છે.

સિવિલ હોસ્પિટલ માં છ ડોકટર નું સેટઅપ છે.પરંતુ ઓનપેપર માત્ર ચાર ડોક્ટર છે.તે પૈકી એક ડોક્ટર જેતપુર ડેપ્યુટેશન પર છે.બે સતત ગેરહાજર છે.અને એક માત્ર ડોક્ટર ફરજ બજાવે છે.તેમા પણ ઈમરજન્સી આવેતો ચેકઅપ કરવા આ ડોક્ટર ને દોડી જવું પડતું હોય રાહ માં બેઠેલા દર્દીઓ ની પરેશાની માં વધારો થાય છે.

હોસ્પિટલ ની ગાયનેક વિભાગ ની હાલત પણ બદતર છે.અહી મહીને સરેરાશ સો જેટલી પ્રસુતિ થાય છે.પણ ખાટલે મોટી ખોટ હોય તેમ એક પણ ગાયનેક ડોક્ટર નથી.ચોર્યાસી ગામડાં ધરાવતો તાલુકો અને દોઢલાખ થી વધુ વસ્તી ધરાવતા શહેરનાં મધ્યમવર્ગીય લોકો માટે સિવિલ હોસ્પિટલ મહત્વ ની હોય આરોગ્ય તંત્ર દ્વારા ગંભીરતા દાખવવા લોકમાંગ પ્રબળ બનીછે.

---

# ધ્રાંગધ્રામાં નવા સીસી રોડ સહિત વિકાસના કામોનું ખાતમુહુર્ત

## કામગીરી શરૂ થતાં લોકોમાં આનંદની લાગણી છવાઇ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા નગરપાલિકા દ્વારા ચોમાસામાં લોકોને અગવડતા નો પડે તે માટે નવા સીસી રોડ બનાવાના કામ નો પ્રારંભ કરવામાં આવ્યો જેમા વોર્ડ નંબર ૬ ના સુધરાઈ સભ્ય ગાયત્રીબા રાણા. હિરેનભાઈ કાનાબાર. દક્ષાબેન મકવાણા. અને અનીશાબેન ચૌહાણ ની રજુઆત ને લઈને દેસાઈ ડેલા અને દરજીની વાડી વિસ્તારમાં નવો સીસી રોડ બનાવામા આવ્યો જયારે વોર્ડ એકમા નવા સીસી રોડ બનાવાના કામન પ્રારંભ કરવામાં આવ્યો જયારે વોર્ડ સાતમા મેઈન ગટરના કામનો પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા. શહેર ભાજપ પ્રમુખ કિરીટસિંહ જાડેજા વિસ્તાર ના સુધરાઈ સભ્યો હસ્તે બન્ને વિસ્તાર કામનુ ખાતમુહુર્ત કરવામાં આવેલ ત્યારે વિસ્તાર નવા રોડ બનાવાના કામ નો પ્રારંભ થતા વિસ્તાર મા લોકોને ચોમાસામાં મુશ્કેલીઓ દુર થશે તેને લઈને વિસ્તાર મા આનંદ ની લાગણી છવાઈ ગઈ હતી ત્યારે નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા એ જણાવ્યુંકેઆગામી દિવસોમાં અનેક વિકાસ ના કામો શરૂ કરવામાં આવશે અને લોકો પ્રાથમીક સુવીધા પુરી પાડવામાં આવશે ધ્રાંગધ્રા શહેર ને સ્વચ્છ સુંદર અને રડીયામણુ બનાવામા આવશે

---

# અમરેલીમાં જુલાઈને ડેન્ગ્યૂ વિરોધી માસ તરીકે ઉજવાશે

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી સમગ્ર જિલ્લામાં જૂન-૨૦૨૪ મેલેરિયા વિરોધી માસ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. મચ્છર ઉત્પતિ સ્થાનોને નિયંત્રિત કરીને ડેન્ગ્યુ, ચિકનગુનિયાનો ફેલાવો અટકાવી શકાય છે. ચોમાસાની ઋતુ દરમિયાન મચ્છરથી થતાં મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગને ફેલાતા અટકાવવા માટે અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા આગોતરા આયોજન સાથે કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લાના નાગરિકો પણ આ અંગે જાગૃત્ત બને, મચ્છરના ઉપદ્રવના સ્થાનોને નિયંત્રિત કરે તે જરૂરી છે.

માદા એનોફિલીસ એ મચ્છર મેલેરિયાનો ફેલાવો કરે છે, જે મોટેભાગે રાત્રે કરડે છે. માદા એડીસ મચ્છરથી ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને ઝીકા વાયરસ ફેલાઈ છે. માદા ક્યુલેક્સ હાથીપગાનો ફેલાવો કરે છે. આ તમામ મચ્છરજન્ય રોગનો અગાઉથી જ ફેલાતો અટકાવવા માટે મચ્છર ઉત્પતિ અટકાવવી જરૂરી છે.

જ્યાં ચોખ્ખું-ખુલ્લું અને બંધિયાર પાણી મળે ત્યાં મચ્છર ઉત્પતિ થાય છે. આથી પાણી સંગ્રહના તમામ પાત્રો, હવાચુસ્ત ઢાંકીને રાખવા સાથે ઘરમાં કે ઘરની બહાર ક્યાંય પાણીનો ભરાવો ન થવા દેવો, ફ્રિજની પાછળની ટ્રે, પક્ષીકુંજ, પશુઓને પાણી પીવાની કુંડી સહિત સ્થાનો પર પાણી ખાલી કરવા, તેને સુકાવા દેવા. છત, છાજલી, અગાસી પર પડેલા નકામા ભંગાર, ટાયર વગેરેનો યોગ્ય નિકાલ કરવો.

ખુલ્લા ટાંકા, અવેડા કે જ્યાં કાયમ પાણી ભરાયેલું રહેતું હોય તેવા સ્થાનો પર પોરાભક્ષક માછલી - ગપ્પી કે ગામ્બુશીયા મૂકવા સહિતની કાળજી લેવી જોઈએ, જેથી મચ્છરજન્ય રોગચાળાને ફેલાતા પૂર્વે અટકાવી શકાય.

# રાજકોટમાં મોદી એસ્ટેટ પર સ્ટેટ જીએસટીનું સર્ચ ઓપરેશન

## જીએસટી કર ન ભર્યા હોવાની વાત આવી સામે: હજુ પણ સર્ચ ઓપરેશન યથાવત રહે તેવા એંધાણ

### મોદી એસ્ટેટની સાથે તેની સંલગ્ન પેઢીમાં પણ સ્ટેટ જીએસટી વિભાગ ત્રાટક્યું

**અબતક, રાજકોટ**

રાજય કરવેરા દ્વારા ગઈકાલે એક સાથે જ કમિશનરોની સામૂહિક બદલી કરવામાં આવી ત્યારે બીજી તરફ રાજકોટના રિયલ એસ્ટેટ સાથે જોડાયેલી મોદી એસ્ટેટ પર સ્ટેટ જીએસટી દ્વારા નરોડા પાડવામાં આવ્યા છે અને જે રીતે વિગતો સામે આવી રહી છે કે આ પેઢી દ્વારા સતત રોકડ વ્યવહાર જ કરવામાં આવ્યા હોય અને જીએસટી ન ભર્યો હોય તેવી વિગત મળતા જ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. જીએસટી વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ મોદી એસ્ટેટ સાથે બાલાજી હાર્ડવેર કે જે ટ્રેડિંગ પેઢી છે તેમાં પણ જીએસટી વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હોવાની વાત સામે આવી છે. વિભાગના સૂત્રોનું માનવું છે કે આસર ઓપરેશનમાં ખૂબ મોટા પ્રમાણમાં કરચોરી થઈ હોવાનું સામે આવી શકે છે ત્યારે રિયલ એસ્ટેટ સાથે એનકેન પ્રકારે જોડાયેલા પેઢીદારો પર જીએસટી વિભાગ તવાઈ બોલાવે તો નવાઈ નહીં.




મળતી માહિતી મુજબ મોદી એસ્ટેટ જમીન મકાનની લે વેચ કરતા હોવાની વાત સામે આવી છે ત્યારે તેમના દ્વારા વ્યવહાર રોકડમાં કરતા હોવાનું જીએસટી વિભાગને માલુમ પડ્યું હતું જે બાદ રાજકોટના ૯૩ ઘટક દ્વારા આ અંગે રેકી કરવામાં આવી હતી અને માહિતી સાચી લાગતા જ સર્ચ ઓપરેશન કર્યું હતું. ત્યારે આ અસર ઓપરેશન આગામી કેટલા દિવસ ચાલશે તેનો કોઈ અંદાજ નથી પરંતુ એ વાત નક્કી છે કે જો ટેક્સ ચોરી સામે આવશે તો આવકવેરા વિભાગ પણ તપાસમાં ઝંપલાવે તો નવાઈ નહીં.

હાલ સરકાર કરની આવક વધારવા માટે અનેક પ્રયત્નો કરી રહ્યું છે તેમાં દરેક સેન્ટ્રલ એજન્સીને એ વાતની પણ સ્પષ્ટતા કરી દેવામાં આવી છે કે તેમના અધિકાર ક્ષેત્રમાં એ તમામ ક્ષેત્રની વિગતો એકત્રિત કરવામાં આવે કે જેમાંથી એ વાતનો ખ્યાલ આવે કે કોના દ્વારા કરચોરી કરવામાં આવી રહી છે અને એ વાત પુરવાર થતાં જ તે જે તે પેઢી ઉપર સર્ચ ઓપરેશન હાથ ધરાય અને બેનામી આવક હોય કે પછી કરચોરી હોય એને સામે લાવવામાં આવે. જેથી જે તે પેઢી ધારક ઉપર કાયદાકીય અને શિક્ષાત્મક પગલાં લઈ શકાય. માધાપર ચોકડી પાસે આવેલા શેઠ નગર વિસ્તારમાં જે મોદી એસ્ટેટ પેઢી છે તેની જેમ અનેક આ પ્રકારની પેઢીઓ રાજકોટમાં કાર્યરત છે કે જે જમીન મકાનના લે વેચ કરતી હોય અને રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલી હોય. ત્યારે તેમના દ્વારા પણ શું આ પ્રકારની જ ગેરરીતી આચરવામાં આવી છે કે કેમ તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવે તેવું હાલ મનાઈ રહ્યું છે.

ભવિષ્યમાં પણ સ્ટેટ જીએસટી વિભાગ રિયલ એસ્ટેટ ગ્રુપ ઉપર તવાઈ બોલાવે તો નવાઈ નહીં. કારણ કે હાલ જે વાત સામે આવી છે તે એ છે કે આ પ્રથમ એવું સરચ ઓપરેશન છે કે જેમાં જીએસટી વિભાગ એ સર્વિસ ઈન્ડસ્ટ્રીને ટાર્ગેટ કરી હોય એટલે આ અસર ઓપરેશનથી એ વાત તો પુરવાર થઈ જાય છે કે હવે સર્વિસ ઈન્ડસ્ટ્રીમાં જે પણ પેઢી ધારકો દ્વારા એનકેન પ્રકારે કરચોરી કરવામાં આવતી હોય અથવા તો જીએસટીમાં ગેરરીતિ કરાઈ હોય તે તમામ ઉપર તવાઈ બોલાવવામાં આવશે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે મોદી એસ્ટેટ પર જેસર ચોપરેશન સ્ટેટ જીએસટી દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે તેમાંથી કેટલી કરચોરી બહાર આવે છે.

## રાજ્યના પ્રાથમિક શિક્ષકોને સ્થાવર-જંગમ મિલકતો જાહેર કરવા આદેશ

**અબતક, અમદાવાદ**

રાજ્યમાં આવેલી સરકારી પ્રાથમિક સ્કૂલોમાં ફરજ બજાવતા શિક્ષકો અને મુખ્ય શિક્ષકોએ હવે પોતાની તમામ સ્થાવર અને જંગમ મિલકતો સરકાર સમક્ષ જાહેર કરવી પડશે. શિક્ષણ વિભાગ હસ્તકના પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા સરકારી પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને જંગમ અને સ્થાવર મિલકત સંબંધી ડિક્લેરેશન ફોર્મ ભરવા માટે આદેશ કર્યો છે. આ માટે પરિપત્ર કરી જિલ્લા કક્ષાએથી તમામ શિક્ષકોના ફોર્મ ભરાય તે જોવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. ગુજરાત પંચાયત સેવા વર્તણુંક નિયમોમાં જંગમ અને સ્થાવર મિલકત સંબંધિત જોગવાઈ કરવામાં આવેલી છે, તેને ધ્યાને રાખીને શિક્ષકોએ ડિક્લેરેશન ફોર્મ ભરવાના રહેશે. આમ, હવે રાજ્યના અન્ય કર્મચારીઓની જેમ શિક્ષકોએ પણ પોતાની મિલકતો સરકાર સમક્ષ જાહેર કરવી પડશે.રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીઓને પરિપત્ર કરી પ્રાથમિક શિક્ષકો દ્વારા જંગમ, સ્થાવર મિલકત સંબંધિ ડિક્લેરેશન ફોર્મ ભરવામાં આવે તે માટે કાર્યવાહી કરવા આદેશ કરાયો છે. પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા કરવામાં આવેલા પરિપત્રમાં જણાવાયું છે કે, શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલી સુચના અનુસાર રાજય સ્તરે પંચાયત સેવા વર્તણૂક નિયમોમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ પંચાયતના દરેક કર્મચારી/પ્રાથમિક શિક્ષક દ્વારા જંગમ, સ્થાવર મિલકત સંબંધી ડિકલેરેશન ફોર્મ ભરવામાં આવે તે સુનિશ્ચિત કરવા જણાવાયું છે. જેના પગલે હવે રાજ્યની તમામ સરકારી પ્રાથમિક સ્કૂલોના શિક્ષકો અને આચાર્યોને મિલકતો જાહેર કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે.



# આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વિરૂધ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધાતા ખળભળાટ

## ટીડીપીના ધારાસભ્યનું અપહરણ કરી માર માર્યાના કેસમાં પૂર્વ મુખ્યમંત્રી ઉપરાંત બે આઈપીએસ સહિતના પણ સામેલ હોવાના આક્ષેપ

**અબતક, નવી દિલ્હી**

આંધ્રપ્રદેશ પોલીસે ટીડીપી ધારાસભ્યની ફરિયાદ બાદ ભૂતપૂર્વ મુખ્યપ્રધાન વાયએસ જગન મોહન રેડ્ડી, બે વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓ અને બે નિવૃત્ત અધિકારીઓ સામે ''હત્યાના પ્રયાસ''નો કેસ નોંધ્યો છે. આ મામલે એફઆઈઆર નોંધવામાં આવી છે.

શાસક પક્ષના ઉંડીના ધારાસભ્ય કે રઘુરામ કૃષ્ણ રાજુએ આ ફરિયાદ નોંધાવી છે. જગન મોહન રેડ્ડી ઉપરાંત, પોલીસે વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓ પીવી સુનીલ કુમાર અને પી એસ આર સીતારામંજનાયુલુ, નિવૃત્ત પોલીસ અધિકારી આર વિજય પૌલ અને ગુંટુર સરકારી જનરલ હોસ્પિટલના ભૂતપૂર્વ અધિક્ષક જી પ્રભાવતી સામે પણ કેસ નોંધ્યો છે, અધિકારીએ જણાવ્યું હતું. વિજય પોલ અને પ્રભાવતી નિવૃત્ત થયા છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, ''રાજુએ એક મહિના પહેલા મેઈલ દ્વારા પોલીસને તેની ફરિયાદ મોકલી હતી અને કાયદાકીય સલાહ લીધા પછી, મેં ગુરુવારે સાંજે ૭ વાગ્યે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને અન્ય લોકો સામે કેસ નોંધ્યો હતો.'' અધિકારીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે તેને ''કસ્ટડીમાં ત્રાસ આપવામાં આવ્યો હતો''.

પોલીસે પાંચ આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦બી, ૧૬૬, ૧૬૭, ૧૯૭, ૩૦૭, ૩૨૬, ૪૬૫ અને ૫૦૬ હેઠળ કલમ ૩૪ હેઠળ કેસ નોંધ્યો છે. આ મામલો ત્રણ વર્ષ જૂનો હોવાથી પોલીસે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) હેઠળ કેસ નોંધ્યો છે. ગુંટુરના નાગરમપાલમ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. આંધ્રપ્રદેશમાં ૨૦૨૧માં ટીડીપી નેતા રાજુની ધરપકડનો મુદ્દો ત્યારે સામે આવ્યો જ્યારે તેણે ૧૧ જૂને રેડ્ડી અને કેટલાક અધિકારીઓ સામે ફરિયાદ નોંધાવી.

તેણે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ અધિકારીઓ પર તેમની વિરુદ્ધ ગુનાહિત ''ષડયંત્ર'' રચવાનો આરોપ મૂક્યો છે. ૬૨ વર્ષીય રાજુએ તેમની ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓ સુનીલ કુમાર અને સીતારામંજનાયુલુ, પોલીસ અધિકારી વિજયા પોલ અને સરકારી ડોક્ટર જી પ્રભાવતી ''ષડયંત્ર''નો ભાગ હતા.


રાજુએ ફરિયાદમાં આરોપ મૂક્યો છે કે, ''આંધ્ર પ્રદેશ સરકારની સીબીસીઆઈડીએ મારી વિરુદ્ધ ખોટો કેસ દાખલ કર્યો છે. ૧૪ મે, ૨૦૨૧ના રોજ, મને કોઈપણ યોગ્ય પ્રક્રિયા વિના ધરપકડ કરવામાં આવી હતી, મને ધમકી આપવામાં આવી હતી, પોલીસ વાહનમાં ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવામાં આવ્યો હતો. અંદર ખેંચીને બળજબરીથી લઈ જવામાં આવ્યો હતો.

# અમેરિકાથી મોકલેલા ત્રણ ભાડુતી આતંકીઓનું એન્કાઉન્ટર કરતી પોલીસ

## ત્રણેય ગેંગસ્ટર સામે ૨૯ કેસ નોંધાયેલ હતા, પોલીસે ત્રણેય ઉપર ઈનામ પણ કર્યું હતું જાહેર

**અબતક, નવી દિલ્હી**

હરિયાણાના સોનીપતમાં ગત રાત્રે પોલીસે અમેરિકાના કુખ્યાત શખ્સના ભાડુઆતી ત્રણ ગેંગસ્ટરનું એન્કાઉન્ટર કર્યું છે. યુએસ સ્થિત કુખ્યાત ગેંગસ્ટર ખંડણીખોર હિમાંશુભાઈ ગેંગના ૩ કુખ્યાત શાર્પ શૂટરોના એન્કાઉન્ટર વેળાએ દિલ્હી ક્રાઈમ બ્રાન્ચના સબ ઈન્સ્પેક્ટર અરત્રાને પણ ગોળી વાગી હતી.



પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા ગેંગસ્ટરની ઓળખ હિસારના રહેવાસી આશિષ ઉર્ફે લાલુ, હિસારના ખરાર ગામનો રહેવાસી સની ખરાર અને સોનીપતના ગોહાનાના રિંધાના ગામના રહેવાસી વિકી તરીકે થઈ છે. તે હિસારમાં વેપારીઓ પાસેથી ખંડણી સહિતની અનેક હત્યાઓ અને અન્ય ઘટનાઓમાં સામેલ છે. પોલીસે તેની ધરપકડ પર લાખો રૂપિયાનું ઈનામ રાખ્યું હતું. હરિયાણા અને દિલ્હીમાં લૂંટ, હત્યા, ખંડણી જેવા લગભગ ૨૯ કેસ નોંધાયેલા છે. પોલીસ તેમને લાંબા સમયથી શોધી રહી હતી.

મળતી માહિતી મુજબ, સોનીપતના ખરખોડા ગામમાં ચિન્નૌલી બાયપાસ પર સોનીપત એસટીએફ (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ) અને નવી દિલ્હી રેન્જ પોલીસ દ્વારા આ સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસે આ બદમાશો પાસેથી ૫ ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા છે.

શુક્રવારે રાત્રે લગભગ ૯ વાગ્યે એસટીએફ સોનીપતના પ્રભારી યોગેન્દ્ર દહિયાના નેતૃત્વમાં ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. નવી દિલ્હી રેન્જ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ ખારઘોડા વિસ્તારમાં હતી. દરમિયાન ટીમને બાતમી મળી હતી કે ભાઉ ગેંગના ૩ બદમાશો ચિન્નૌલી રોડથી આવવાના છે. તેની પાસે હથિયાર હોવાની માહિતી પોલીસ પાસે હતી. આ દરમિયાન પોલીસે રોહતક બાયપાસ પાસે નાકાબંધી કરી હતી.

થોડી વાર પછી પોલીસે સફેદ રંગની કિયા કાર આવતી જોઈ. જ્યારે પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો તો કારમાં સવાર બદમાશોએ ભાગવાનો પ્રયાસ કર્યો. જ્યારે પોલીસે તેમને ચેતવણી આપી તો તેઓએ પોલીસ પર ગોળીબાર કર્યો. પોલીસે જવાબી કાર્યવાહી કરી હતી. જે બાદ બંને તરફથી અનેક રાઉન્ડ ફાયરિંગ થયું હતું. જેમાં ૩ શાર્પશૂટરોને ગોળી વાગી હતી. પોલીસ તેને હોસ્પિટલ લઈ ગઈ, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યા હતા.

# ફાર્મસીમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ: પ્રોવિઝનલ મેરીટમાં ૧૮૭૩૩ વિદ્યાર્થીઓનો સમાવેશ

## મોક રાઉન્ડ માટે ૨૧મી જુલાઈ સુધી ચોઈસ ફિલિંગ અને ૨૩મી જુલાઈએ મોકરાઉન્ડનું પરિણામ જાહેર કરાશે

**અબતક, અમદાવાદ**

ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ માટે ચાલતી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રોવિઝનલ મેરિટયાદી જાહેર કરી દેવામાં આવી છે. આ યાદીની સાથે મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી છે. પ્રોવિઝનલ મેરિટયાદીમાં ૧૮૭૭૩ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મોક રાઉન્ડ માટે આગામી ૨૧મી જુલાઈ સુધી ચોઈસ ફિલિંગ અને ૨૩મી જુલાઈએ મોકરાઉન્ડનું પરિણામ જાહેર કરાશે.ફાર્મસીમાં પ્રવેશ માટે ચાલુવર્ષે કુલ ૨૦૯૦૫ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતુ. ગુજસેટ અને ધો.૧૨ના બોર્ડના આધારે તૈયાર કરવામાં આવેલી મેરિટયાદીમાં ૧૮૭૭૩ વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો છે. જેમાં ૮૬૮૬ વિદ્યાર્થીઓ અને ૧૦૦૮૭ વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે. મહત્વની વાત એ એ કે, નીટ અને જેઈઈ આપી હોય તેવા વિદ્યાર્થીઓનું મેરિટ પ્રથમ રાઉન્ડ પછી જાહેર કરાશે. હાલમાં આ બન્ને કોર્સના આધારે પ્રવેશ આપવાનો થાય તેવી કુલ ૫૨ બેઠકો ઉપલબ્ધ છે. સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોની ૯૫ ટકા બેઠકો અને સ્વનિર્ભર કોલેજોની ૫૦ ટકા પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં બી.ફાર્મ અને ડી.ફાર્મની કુલ ૧૨૧ સંસ્થાઓની ૧૦૮૭૯ બેઠકો પૈકી ૬૭૨૫ બેઠકો સરકારી અને ૪૧૫૪ બેઠકો મેનેજમેન્ટ કવોટાની ઉપલબ્ધ છે. મોક રાઉન્ડમાં ૧૨૧ કોલેજોની ૬૭૨૫ બેઠકો માટે ફાળવણી કરાશે. સ્વનિર્ભર કોલેજની ૪૧૫૪ બેઠકો કોલેજો પોતાની રીતે ભરી શકશે.

### ગ્રામીણ લોકોને સસ્તો અને ઝડપી ન્યાય ક્યારે?

# ગ્રામીણ વિસ્તારમાં ૬ હજાર કોર્ટના લક્ષ્યાંક સામે ૪૮૧ જ સ્થપાય

## નીચલી અદાલતોમાં પડતર કેસોની ૪.૫ કરોડથી વધુ ફાઈલો ધૂળ ખાઈ રહી છે ન્યાયતંત્રનું કામ સરળ બનાવવા ગ્રામીણ કોર્ટની સંખ્યા વધારવાની તાતી જરૂર

**અબતક, નવી દિલ્હી**

ગ્રામીણ વિસ્તારમાં ૬ હજાર કોર્ટના લક્ષ્યાંક સામે ૪૮૧ જ સ્થપાઈ છે. જેથી ગ્રામીણ લોકોને સસ્તો અને ઝડપી ન્યાય ક્યારે મળશે ? તેવો સો મણનો સવાલ ઉભો થઈ રહ્યો છે. નીચલી અદાલતોમાં પડતર કેસોની ૪.૫ કરોડથી વધુ ફાઈલો ધૂળ ખાઈ રહી છે ત્યારે ન્યાયતંત્રનું કામ સરળ બનાવવા ગ્રામીણ કોર્ટની સંખ્યા વધારવાની તાતી જરૂર જણાઈ રહી છે.

ભારતીય અદાલતો પર કરોડો પેન્ડિંગ કેસોનો બોજ છે. લોકોને ઝડપી ન્યાય આપવા અને ન્યાયતંત્રને પડતર કેસોના બોજમાંથી મુક્ત કરવાના નામે અંગ્રેજોએ બનાવેલા વર્ષો જૂના કાયદાઓમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આનાથી કેટલું પરિવર્તન આવશે તેનો જવાબ જાણવા માટે તંત્રને થોડો સમય લાગશે. આ સિવાય જો સુધારાવાદી કવાયત માટે લેવાયેલા નિર્ણયનો અમલ થયો હોત તો કદાચ આજે ન્યાયતંત્રનો ચહેરો જુદો હોત.



એવું કહેવાય છે કે 'જો ન્યાયમાં વિલંબ થાય તો તે ન્યાય નથી. તેનાથી બચવા માટે દોઢ દાયકા પહેલા નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અંતર્ગત એવું માનવામાં આવતું હતું કે ટ્રાયલ કોર્ટનો બોજ અમુક અંશે ઓછો થઈ શકે છે. લોકોને તેમના ઘરની નજીક ન્યાય આપવા માટે કેન્દ્ર સરકારે ૨૦૦૮માં ગ્રામ ન્યાયાલય અધિનિયમ પસાર કર્યો હતો. એક અરજી પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટને તેના પરિણામોની માહિતી આપવામાં આવી છે.

ગ્રામીણ લોકોને તેમના ઘરઆંગણે સાચો ન્યાય મળે તેવું સપનું અધૂરું રહી જાય છે. નીચલી અદાલતોમાં પડતર ૪.૫ કરોડથી વધુ કેસો પણ કોર્ટની ફાઈલોમાં ધૂળ જામી રહી છે. કારણ કે રાજ્ય સરકારોએ પણ આ વિષય પર બહુ ધ્યાન આપ્યું નથી. ગ્રામીણ અદાલતોની સ્થાપના માટે સંસદે કાયદો બનાવ્યો હતો. પરંતુ ૧૬ વર્ષ પછી પણ પરિસ્થિતિ બદલાઈ નથી. એટલે કે પરિણામ એ જ રહ્યું.

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં તમામ કેન્દ્ર અને રાજ્ય સરકારોને ગ્રામ્ય અદાલતોની સ્થાપના માટે પગલાં લેવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી. રાજ્ય સરકાર હાઈકોર્ટની સલાહથી ગ્રામ ન્યાયાલય માટે ન્યાયિક અધિકારીની નિમણૂક કરશે તેમ જણાવાયું હતું. અહેવાલ અનુસાર, એનજીઓ 'નેશનલ ફેડરેશન ઑફ સોસાયટીઝ ફોર ફાસ્ટ જસ્ટિસ' તરફથી હાજર રહેલા વકીલ પ્રશાંત ભૂષણે સુપ્રીમ કોર્ટને પરિસ્થિતિ વિશે જાણ કરી અને જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેંચને જાણ કરી કે કાયદો પસાર થયા પછી તો, ૬૦૦૦ ગ્રામ ન્યાયાલયોની સ્થાપના કરવી જોઈતી હતી. પરંતુ સ્થાપિત ૪૮૧માંથી માત્ર ૩૦૯ જ સક્રિય છે.

### ગ્રામ ન્યાયાલય ટ્રાયલ કોર્ટનો બોજ ઘટાડી શકે છે: સુપ્રીમ

ખંડપીઠે એવું પણ અનુભવ્યું હતું કે ટ્રાયલ કોર્ટ કે જેમાં અંદાજે ૨૩,૦૦૦ ન્યાયિક અધિકારીઓ છે જે છેલ્લા પાંચ વર્ષથી ૪ કરોડથી વધુ પડતર કેસોની વણઉકેલાયેલી સમસ્યા સાથે ઝઝૂમી રહ્યા છે, ગ્રામ પંચાયત કોર્ટ દ્વારા બોજ ઘટાડવા અને સરળ અને સસ્તું પ્રદાન કરવા માટે તેમની રચના કરવાની જરૂર છે. ટ્રાયલ કોર્ટમાં પ્રવેશ સક્રિય કરી શકાય છે. એએસજી ઐશ્વર્યા ભાટીએ સુપ્રિમને માહિતી આપી હતી કે કેન્દ્ર સરકાર હાલની યોજના મુજબ આ સંબંધમાં રાજ્યોને નાણાકીય સહાય આપવા તૈયાર છે, જેથી ગ્રામજનોને તેમના ઘરઆંગણે ઝડપી ન્યાય મળી શકે.

### મુખ્ય સચિવો અને હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને છ અઠવાડિયાની અંદર એફિડેવિટ આપવા નિર્દેશ

સુપ્રીમે કહ્યું– 'તમામ રાજ્ય સરકારોના મુખ્ય સચિવો અને હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને છ અઠવાડિયાની અંદર ગ્રામ ન્યાયાલયની સ્થાપના અને કામગીરી અંગે એફિડેવિટ દાખલ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કોર્ટની સ્થાપના માટે ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ એફિડેવિટમાં ઉલ્લેખ કરવો જોઈએ. એફિડેવિટ દાખલ કરતા પહેલા રાજ્ય સરકારના મુખ્ય સચિવ અને હાઈકોર્ટના રજીસ્ટ્રાર જનરલને મળીને ગ્રામ ન્યાયાલયની સ્થાપના માટે બનાવેલ યોજના અંગે ચર્ચા કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટમાં આ કેસની આગામી સુનાવણી ૧૧ સપ્ટેમ્બરે થશે.

# કોર્પોરેશન દ્વારા ખીજડીયા સમ્પ ખાતે ૧૧૦૦ વૃક્ષોનું કરાયું વાવેતર

## આગામી દિવસોમાં ૫૦૦૦ વૃક્ષોનું વાવેતર કરાશેઃ મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, સ્ટેન્ડિંગ કમીટી ચેરમેન નિલેશ કગથરા સહિત રહ્યા હાજર





**અબતક, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પરીકલ્પના મુજબ ''એક વ્યક્તિ, એક વૃક્ષ'' અને ''એક વૃક્ષ માં કે નામ'' સુત્રને સાર્થક કરતા આગામી દિવસોમાં ૫૦૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે ખીજડીયા સમ્પ પાસે ૧૧૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

જામનગરથી થોડા અંતરે આવેલા ખીજડીયા સમ્પ ખાતે યોજવામાં આવેલા વૃક્ષારોપણમાં જામનગર મહાનગરપાલિકા, વનવિભાગ જામનગર અને નંદ વિદ્યા નિકેતન સ્કુલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં મહાનગરપાલિકાના મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન નિલેશભાઈ ગથરા, શાસક પક્ષ નેતા આશિષભાઈ જોષી, શાસક પક્ષ દંડક કેતનભાઈ નાખવા, મ્યુનિ. કમિશ્નર ડી.એન. મોદી, નાયબ વન સંરક્ષક આર. ધનપાલ, નાયબ વન સંરક્ષ આર. બી. પરસાણા, કોર્પોરેટર ગોપાલભાઈ સોરઠીયા, ડે.કમિશનર ડી. એ. ઝાલા, સીટી એન્જનીયર ભાવેશભાઈ જાની વિ. ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે સ્વાગત પ્રવચન કરતા મ્યુનિસિપલ કમિશ્નરે જણાવ્યું હતું કે ઘનિષ્ઠ વૃક્ષારોપણના કારણે આપણને વધુ માત્રામાં ઓક્સીજન મળી રહે છે અને વરસાદ સારા એવા માત્રામાં પડે છે, પૃથ્વી ઉપર વૃક્ષો વગર મનુષ્યનું અસ્તીત્વ શક્ય જ નથી માટે આપણે આપણું અસ્તીત્વ ટકાવી રાખવા માટે પણ વિશાળ પ્રમાણમાં વૃક્ષોનું વાવેતર કરવું જોઈએ. વધુમાં, જણાવતા કહ્યું હતુ કે, પાન-મસાલા દ્વારા પ્લાસ્ટીક જે તે જગ્યાએ ફેંકી દેવાથી તે પ્લાસ્ટીક જમીનમાં જાય છે અને જમીનની ફળદ્રુપતા ઓછી કરે છે માટે લોકો તેઓના રોજબરોજના વ્યવહારમાં પ્લાસ્ટીકનો ઉપયોગ ખુબ ઓછા પ્રમાણમાં કરવો જોઈએ.સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરાએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે મહાનગરપાલિકા, વનવિભાગ સ્વૈચ્છીક સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમીઓને સાથે રાખી આગામી દિવસોમાં ૫૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવા જઈ રહી છે. જેના ભાગરૂપે આજે ૧૧૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ ખીજડીયા સમ્પ ખાતે કરવામાં આવ્યું છે.

વિશ્વ પ્રસિધ્ધ ખીજડીયા પક્ષી અભ્યારણની નજીક આ જગ્યા આવેલી હોય ખાસ અહીં પક્ષીઓને ખોરાક મળી રહે તે પ્રકારના વૃક્ષો સરગવો, સીતાફળ, રેઈન ટ્રી, આમળા, સેતુર, જાંબુ, દાડમ અને બોરસલી, દેશી ગુંદી વિગેરેના વૃક્ષો વાવવામાં આવ્યા છે.


ખીજડીયા સમ્પમાં વાવેતર કરવાથી મહાનગરપાલિકાને ટ્રી ગાર્ડનો ખર્ચ તેમજ પાણીનો ખર્ચ પણ બચી જવા પામશે.

તેવું સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન નિલેષભાઈ કગથરાએ વધુમાં જણાવ્યું હતું.

વૃક્ષારોપણ કાર્યક્રમમાં નંદ વિદ્યા નિકેતનના આચાર્ય રાધેક્રિષ્ના પાંડે અને અંબીકાબેનના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ નુક્કડ શેરી નાટક દ્વારા વૃક્ષનું મહત્વ જણાવ્યું હતું અને લોકોને વૃક્ષ વાવવા પ્રોત્સાહીત કર્યા હતા.

શેરી નાટક ભજવનાર તમામ વિદ્યાર્થીઓને મહાનગરપાલિકા દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓને પર્યાવરણની જાળવણી અંગેના શપથ લેવડાવ્યા હતા.કાર્યક્રમના અંતે ઉપસ્થિત આગેવાનો, વિદ્યાર્થીઓ સ્વૈચ્છીક સંસ્થાના હોદેદારો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અશોકભાઈ જોષી અને હિમાંશુભાઈ જેઠવા દ્વારા કરવામાં આવ્યું હતું.

### ખીજડીયા સમ્પમાં વાવેતર કરવાથી કોર્પોરેશનનો ટ્રી ગાર્ડનો અને પાણી ખર્ચ બચી જશેઃ નિલેશ કગથરા



'અબતક' સાથેની ટેલીફોનિક વાતચિતમાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરાએ જણાવ્યું હતું કે મહાનગરપાલિકા, વનવિભાગ સ્વૈચ્છીક સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમીઓને સાથે રાખી આગામી દિવસોમાં ૫૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવા જઈ રહી છે. જેના ભાગરૂપે આજે ૧૧૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ ખીજડીયા સમ્પ ખાતે કરવામાં આવ્યું છે. વિશ્વ પ્રસિધ્ધ ખીજડીયા પક્ષી અભ્યારણની નજીક આ જગ્યા આવેલી હોય ખાસ અહીં પક્ષીઓને ખોરાક મળી રહે તે પ્રકારના વૃક્ષો સરગવો, સીતાફળ, રેઈન ટ્રી, આમળા, સેતુર, જાંબુ, દાડમ અને બોરસલી, દેશી ગુંદી વિગેરેના વૃક્ષો વાવવામાં આવ્યા છે. ખીજડીયા સમ્પમાં વાવેતર કરવાથી મહાનગરપાલિકાને ટ્રી ગાર્ડનો ખર્ચ તેમજ પાણીનો ખર્ચ પણ બચી જવા પામશે અને અમે ૧૦ એવા વૃક્ષો જેને ઉખાડીને ખીજડીયા સમ્પ ખાતે લગાડવામાં આવેલ છે અને તે વૃક્ષો ઉગી નીકળ્યા છે.

# ખંભાળીયામાં રોગચાળાએ માથું ઉચકયું હોસ્પિટલોમાં પણ સુવિધાઓનો અભાવ

## દર્દીઓની વધતી સંખ્યા વચ્ચે એક જ કેસ બારી અને સ્ટાફની અછતથી ભારે પરેશાન

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ખંભાળિયામાં આ વખતે ચોમાસામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હોય જેથી ચોમાસાના પ્રારંભથી અત્યાર સુધીમાં વરસાદના વારંવાર ઝઆપટા વરસવાથી ચારે તરફ પાણીના ખાબોચિયા ભરાઈ રહેવા ગટરો જામી જવી વિગેરે કારણો સાથે પૂરતા પ્રમાણમાં સૂર્યપ્રકાશ ન મળવાને કારણે આ વિસ્તારમાં તાવ તાઢ માથું દુખવું કદતર થવી અને લાંબા સમય સુધી નબળાઈ રહેવાની જેવી બીમારી વ્યાપક પ્રમાણમાં ફેલાય છે જેથી અહીંની જનરલ હોસ્પિટલ અને પ્રાઈવેટ હોસ્પિટલમાં મોટી સંખ્યાઓમાં દર્દીઓ ઉભરાઈ રહ્યા છે તો બીજી તરફ જનરલ હોસ્પિટલમાં મોટી સંખ્યાઓમાં દર્દીઓ સારવાર માટે આવતા હોય ત્યારે અહીં કેશબારી તથા દવાબારી મર્યાદિત હોય જેથી દર્દીઓની ખૂબ જ લંબાણ પૂર્વક ની કતારો લાગે છે અને નિયત સમયમાં દર્દીઓને તેમનો વારો આવશે કે કેમ એ ચિંતા રહે છે ત્યારે પરિસ્થિતિને અનુલક્ષીને ઈમરજન્સી સમયમાં વધુ કેસ બારી કે દવાબારી રાખવી જોઈએ એ સમયની માંગ છે

કરોડોના ખર્ચે બનાવવામાં આવેલ અહીંની જનરલ હોસ્પિટલમાં કાચના બારી દરવાજા વાળું બિલ્ડીંગ જ ભવ્ય છે પરંતુ દર્દીઓને પ્રાથમિક કે ઈમરજન્સી સમયમાં સવલત મળવી જોઈએ તેથી ૫૦% પણ સવાલત મળતી નથી જેથી સામાન્ય દર્દી અકળાય ઊઠે છે દુર્ભાગ્યની વાત એ છે કે શહેરના આગેવાનો સરકાર દ્વારા નિશ્ચિત કરેલા કાર્યક્રમોમાં ફોટો શેશન કરાવે છે પરંતુ પાયાની જરૂરિયાત પ્રત્યે કોઈપણ આગેવાન દર્દીઓની આ મુજબની હેરાનગતિને દૂર કરવા ફોટો સેશન વગરની સેવા કરવા તૈયાર નથી હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા અને એ સામે સવલત બાબતે ધ્યાન કરવામાં આવે તો દર્દીઓની હેરાનગતિ બાબતે સાચો ખ્યાલ આવે આ સ્થિતિ વચ્ચે જ્યારે દર્દીઓ વધુ સંખ્યામાં સેવા માટે આવે તો કેશ રબારી દેવાબારી વ્હીલચેર સ્ટ્રેચર જેવી સુવિધા જે તે સમયની સ્થિતિને અનુલક્ષીને વધારવી જોઈએ એવી લોક માંગશે

# સર્કિટ હાઉસમાં લોકોની રજૂઆત સાંભળતા કૃષિમંત્રી રાઘવજી પટેલ

## લોકોના પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા લગત અધિકારીઓને સૂચના આપી

**અબતક, જામનગર**

રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રી રાઘવજીભાઈ પટેલે જામનગર સર્કિટ હાઉસ ખાતે લોકસંપર્ક યોજી ઉપસ્થિત રહેલ નાગરિકોના પ્રશ્નો તથા રજૂઆતો સાંભળ્યા હતા.તેમજ નાગરિકો દ્વારા કરવામાં આવેલ રજૂઆતો ધ્યાને લઈ સત્વરે તે અંગે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું. મંત્રી દ્વારા યોજવામાં આવેલ આ લોકસંપર્ક કાર્યક્રમમાં જામનગર શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હત તેમજ તેઓએ પોતાની રજૂઆત મંત્રી સમક્ષ મૂકી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, કૃષિમંત્રી દ્વારા જાહેર જનતા સાથે સંવાદ સેતુ સાધવા આ પ્રકારના લોક સંપર્કનું દર અઠવાડિયે શહેરના લાલ બંગલા સ્થિત સર્કિટ હાઉસ ખાતે આયોજન કરવામાં આવે છે.જેમાં બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહી પોતાના પ્રશ્નો તથા રજૂઆતો બાબતે રૂબરૂ ચર્ચા કરે છે. કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ પણ એટલી જ સહૃદયતાથી નાગરિકોના પ્રશ્નો સાંભળી તેના નિવારણ માટે સ્થળ પર જ લગત વિભાગો તથા સંબંધિતોને ટેલિફોનિક સૂચના આપી અથવા તો લેખિત કાર્યવાહી કરી લોક પ્રશ્નોના નિરાકરણનું માધ્યમ બને છે.



# વ્યાજના દુષણને ડામી દેવા ખાખી હરકતમાં ચાર શખ્સો સામે ફરીયાદ

## કાલાવડ, લાલપુર ખાતે ધરાનગરના શખ્સો રાક્ષસી વ્યાજી પઠાણી ઉઘરાણી કરતા પોલીસ દ્વારા કાર્યવાહી

**અબતક, જામનગર**

જામનગરમાં વ્યાજને અંકુશમાં લેવા પોલીસ પણ સતર્ક બની છે જેના ભાગરૂપે એકી સાથે ચાર જેટલા શખ્સો સામે વ્યાજખોરની ફરિયાદ નોંધાતા પોલીસ દોડતી થઈ છે.

ધર નગર એકમાં આવેલા આંબેડકર ધામ પાસે રહેતા નવલસિંહ સરદારસિંહ પરમાર નામના ૪૪ વર્ષીય ડ્રાઈવર યુવાનને પોતાના ધંધામાં ખોટ ગઈ હોવાથી રૂપિયા ની જરૂર પડી હતી જેને લઈને તેઓએ પંચવટી ગૌશાળા ની બાજુમાં રહેતા આરોપી ઈન્દ્રજીતસિંહ રામદેવસિંહ જાડેજા પાસેથી જે તે સમયે ૧,૫૦,૦૦૦ રૂપિયા ૭ ટકા જેવા મોટા વ્યાજે લીધા હતા. ત્યારબાદ નવલસિંહ રકમ કટકે કટકે ૩.૬૭ લાખ રૂપિયા ચૂકવી દીધી હતી. જેને લઈને પોલીસ ફરિયાદ નોંધાતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જેમાં કાલાવડમાં આવેલ કુંભનાથ પરા વિસ્તારમાં નગર પંચાયતની પાછળ રહેતા સંજયભાઈ મનસુખભાઈ વાઘેલાએ કાલાવડમાં રહેતા કનકસિંહ બનેસિંહ ચૌહાણ પાસેથી ૩૦,૦૦૦ રૂપિયા લીધા હતા. ત્યારબાદ સંજયભાઈ આ રૂપિયાનું ફેબ્રુઆરી ૨૦૨૩ થી લઈને ૨૦૨૪ સુધી દર મહિને ૪,૫૦૦ રોકડા વ્યાજ પણ આપી દીધું હતું આમ ૬૭,૫૦૦ રૂપિયા જેવું વ્યાજ ચૂકવી દીધું હતું અને પોતાનું બાઈક પણ ગીરવે મૂક્યું હતું.

જેથી સંજય ભાઈએ આ બાબતે ફોનમાં વાત કરતા આરોપીએ ગાળો આપી હતી. જે અંગે આરપી સામે પોલીસ ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે મની લોન્ડ્રિંગ એક્ટ હેઠળ કાર્યવાહી આદરી છે.ધરાનગર-૦૧,ઈદગાહની બાજુમા રહેતા ઈસ્માઈલભાઈ ઈબ્રાહિમભાઈ પારારી ને રૂપિયાની જરૂર પડતાં આરોપી ઈશાકભાઈ હારૂનભાઈ સાઈચા પાસેથી ૫ હજાર રૂપિયા ૧૦ ટકા જેવા જંગી વ્યાજે લીધા હતા.ત્યારબાદ આ રકમને કટકે કટકે ૧૫,૦૦૦ જેવા રૂપિયા ચુકવી પણ દીધા હતા. આમ છતા આરોપી ઈશાકભાઈએ ઈસ્માઈલભાઈ પાસેથી વધુ રકમની માંગણી કરી હતી. એટલું જ નહિ આરોપીએ માર પણ માર્યો હતો. અને રુપીયા નહી આપે તો હજૂ માર ખાવો પડશે તેવી ધમકી આપીને વ્યાજની પઠાણી ઉઘરાણી કરી હોવાના આરોપ સાથે પોલીસ ફરિયાદ કરાઈ છે. લાલપુર ની મેઈન બજારમાં રહેતા અને મજૂરી કામ સાથે સંકળાયેલા ઈરફાનમિયા આમદમિયા કાદરી પાસેથી આરોપી સાજીદભાઈ ઈકબાલભાઈ સમા (રહે ચાર થાંભલા તાબોલી શેરી લાલપુર) એ આજથી દોઢેક વર્ષ અગાઉ ૧૦,૦૦૦ રૂપિયાના રોજના ૧૦૦ રૂપિયા એટલે કે માસિક ૩૦ ટકા ના ઊંચા વ્યાજે વસુલ્યા હતા. ત્યારબાદ ઈરફાન મેં વ્યાજ સહિત મૂળ રકમ ચૂકવી દીધી હોવા છતાં પણ આરોપી સાજીદ ભાઈએ વધુ રકમની ઉઘરાણી કરી હતી.

જે અંગે પોલીસ ફરિયાદ બાદ સાજીદ સામે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બરોડામાં અન્ડર-૧૭ ફુટબોલ ટુર્નામિન્ટમાં હાલારની દિકરીઓ બની ચેમ્પિયન



**અબતક, જામનગર**

ક્રિકેટના કાશી ગણાતા જામનગરના યુવાઓ હવે માત્ર ક્રિકેટ જ નહીં પરંતુ અન્ય રમતોમાં પણ સિદ્ધિ મેળવતા થયા છે. જેના પૂરાવારૂપ જામનગરની દીકરીઓએ ફૂટબોલ સ્પર્ધામાં બાજી મારી ચેમ્પિયન બની છે. બરોડા ખાતે આવેલ દેસરમાં ઈન્ટર ડિસ્ટ્રીક અંડર-૧૭ ની રાજ્યકક્ષાની ટુર્નામેન્ટ યોજાય હતી જેમાં જામનગર ઉપરાંત રાજકોટ વડોદરા અમદાવાદ શહેરની જુદી જુદી ૨૯ ટીમોએ ભાગ લીધો હતો. આ તમામ ટીમોને પછાડી જામનગરની કાલાવડ ઉપરાંત આજુબાજુના પંથકના ગામડાઓની દીકરીઓની ટીમે ઈતિહાસ રચી દીધો છે. આ ઝળહળતી સીધી બદલ દીકરીઓ પર શુભેચ્છાનો મીઠો મેહ વરસી રહ્યો છે.જામનગરની દીકરીઓની ફૂટબોલ ટીમને એચ. આર. માડમ ટ્રસ્ટ અને રિલાયન્સ ગ્રુપ દ્વારા સ્પોનસર કરાઈ હતી. જ્યારે મેનેજર અને મુખ્ય કોચ આદિત્ય પીપરીયા તેમજ મોલિકા મેડમ, આનંદભાઈ માડમ તેમજ સાંસદ પૂનમબેન માડમ સહિત નાઓ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# સમર્પણ સર્કલ પાસેથી બાઈક ચોરાયું

**અબતક, જામનગર**

શહેરના સમર્પણ સર્કલ નજીકથી કોઈ અજાણ્યો ચોર બાઈક ચોરી ગયાનું પોલીસ મથકે જાહેર થયું છે.

સિટી સી ડિવિઝન પોલીસ મથકેથી આ બનાવની જાણવા મળતી વિગત અનુસાર શહેરના ગોકુલનગર શેરી નં.૨/બી, રડાર રોડ, મોમાઈ પ્રોવીઝન સ્ટોરની બાજુમાં રહેતાં અને પ્રાઈવેટ નોકરી કરતાં વિશાલભાઈ ધરમશીભાઈ અટારા (ઉ.વ.૩૦) નામના દરમિયાન પોતાનું રૂા.૨૫,૦૦૦ ની કિંમતનું જીજે-૧૦- બીએન-૬૮૭૨ નંબરનું હોન્ડા સાઈન મોટરસાઈકલ સમર્પણ સર્કલ હોસ્પિટલના ગેટની બાજુમાં પાર્ક કરેલ હતું. જે બાઈક કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાવી છે.

# ગોરધનપર ગામે જુગાર રમતા ચાર ઝડપાયા

**અબતક, જામનગર**

સિક્કામાંથી પોલીસે વધુ એક વખત જુગારના મંડાયેલા પાટલા પર રેઈડ પાડી હતી. પોલીસે જુગાર રમી રહેલાં ચાર શખ્સોને ઝડપી લઈ તેની પાસેથી રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જામનગર શહેર નજીકના ગોરધનપર ગામના સ્મશાનથી આગળ વાડી તરફ જવાના રસ્તે જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમી પૈસાની હારજીત કરતાં કાનજીભાઈ માધાભાઈ મકવાણા, ભારાભાઈ કરશનભાઈ જોગાણી, કનૈયાભાઈ ભગવાનજીભાઈ પરમાર અને કૌશીકભાઈ રમેશભાઈ સદાદીયા નામના ચાર શખ્સોને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતાં. પોલીસે તમામના કબ્જામાંથી ૧૩૨૮૦ ની રોકડ રકમ કબ્જે કરી તમામ વિરૂધ્ધ જુગારધારા હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દ્વારકાઃ ૧૦ વર્ષ જૂના આધારકાર્ડ ૧૪ સપ્ટેમ્બર સુધી વિનામૂલ્યે અપડેટ કરાવી શકાશે

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જે નાગરિકોએ ૧૦ વર્ષથી આધાર કાર્ડ અપડેટ કરાવેલ ન હોય, તેવા નાગરિકો આધારકાર્ડ સરળતાથી વિનામૂલ્યે અપડેટ કરી શકે તે હેતુથી યુઆઈડીએઆઇ (UIDAI)ની વેબસાઈટ પર સમયમર્યાદા લંબાવવામાં આવી છે.

ઉપરોક્ત આધાર કાર્ડ ધારકો તા.૧૪/૦૯/૨૦૨૪ સુધી https://myaadhar.uidai.gov.in/ પોર્ટલ પર વિનામૂલ્યે પોતાની ડોક્યુમેન્ટ અપડેટ કરી શકશે, તેમ અધિક કલેકટર, દેવભૂમિ દ્વારકા દ્વારા જણાવાયું છે.

### ઉજાસ-એક આશાની કિરણ પહેલ હેઠળ

# દ્વારકા જિલ્લામાં પ્રિ-લિટીગેશન લોક અદાલતમાં ૪ કેસોનું સુખદ સમાધાન

## જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનો દંપતિ પરિવારનું નાની-મોટી તકરારમાં વૈવાહિક જીવન તૂટતા બચાવી ખુશી લાવવાનો સફળ પ્રયાસ

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળિયા**

નામદાર ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના પેટ્રોન ઈન ચીફ સુનિતા અગ્રવાલ દ્વારા તારીખઃ ૧૯/૦૪/૨૦૨૪ થી સમગ્ર ગુજરાત રાજ્ય માં વૈવાહિક વિવાદોના ત્વરિત, ખર્ચ રહીત નિવારણ માટે પ્રિ-લિટીગેશન લોક અદાલત ની રાજ્ય ના જિલ્લા મથકે શરૂઆત કરવામાં આવી છે. જે મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ડીએલએસએ, દેવભૂમિ દ્વારકાના ચેરમેન એસ.વી.વ્યાસના માર્ગદર્શન હેઠળ આ પ્રિ-લિટીગેશન લોક અદાલત ની ખંભાળિયા ખાતે શરૂઆત કરવામાં આવી છે.

આજના ઝડપી યુગમાં સંબધો જેટલી ઝડપથી બંધાય છે એટલી ઝડપથી તૂટે પણ છે. માણસ માં કાં તો પહેલા જેવી ધીરજ રહી નથી અને કાં તો સહનશક્તિ ખૂટી ગઈ છે. દંપતી ને ન જેવી તકરારો માં તકલીફ પડે તો પણ એકબીજાથી છૂટા થઈ જવાની ઉતાવળ હોય છે.

આવા સમયમાં દંપતી ને યોગ્ય રીતે કાયદાકીય રીતે ન્યાયાધીશ કક્ષાના અધિકારી તથા ટ્રેઈન્ડ મીડિયેટર દ્વારા સમજવામાં આવે તો તૂટવાના આરે આવી ગયેલા સંબધો પણ ફરીથી નવપલ્લીત થતાં હોય છે.

હાલમાં ચાલુ માસ જુલાઈ - ૨૦૨૪ માસ માં આવા વૈવાહિક તકરાર અંગે ના જુદી જુદી તકરોરો જેવી કે દંપતિ દ્વારા એક બીજા પર શંકા-કુશંકા કરવી, સામાજિક / માનસિક ત્રાસ આપવો, ભરણ પોષણ ની રકમ અંગે ના વિવાદ બાબત ના કેસો ખંભાળિયા ખાતે ચાલતી '' ઉજાસ - એક આશા ની કિરણ'' પ્રિ-લીટીગેશન લોક અદાલત માં મુકવામાં આવેલ હતા જેમાં પક્ષકારો ને નોટિસ કરી લોક અદાલત ની બેન્ચ સમક્ષ બોલવામાં આવ્યા હતા.




જેમાં મેમ્બર્સ તરીકે સેવા આપતા એમ.આર.શુકલા, પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને ચેરમેન, તાલુકા કાનૂની સેવા સમિતિ - ખંભાળિયા અને તાલીમબધ્ધ મિડિયેટર કીર્તિદાબેન ઉપાધ્યાય, પી.એલ.વી. દ્વારા તથા ડીએલએસએ કચેરી ને હકારાત્મક અપ્રોચ થી વિવાદ ગ્રસ્ત દંપતિ નું વારાફરતી તથા સયુંકત કાઉન્સિલગ કરી કુલ ૦૪ દંપતિ ને સમાધાન માટે તૈયાર કર્યા જેથી જુલાઈ માસ ના ફક્ત ૧૦ જ દિવસ માં ૦૪ કેસ માં સુખદ સમાધાન થયેલ છે.

આમ પ્રિ-લિટીગેશન લોક અદાલત દ્વારા પક્ષકારોને તકરાર અંગે કાનૂની કાર્યવાહી કરતા પહેલાં શાંતિપૂર્ણ અને અસરકારક નિરાકરણની સુવિધા આપવાનો પ્રયાસ કરે છે. સમગ્ર પ્રક્રિયા દરમિયાન ગોપનીયતા/ગુપ્તતા જાળવવામાં આવે છે, અને કોઈપણ પક્ષની સંવેદનશીલ માહિતી જાહેરમાં જાહેર કરવા દબાણ કરવામાં આવતું નથી. જેથી દંપતી ની વૈવાહિક તકરાર આગળ વધે અને મોટું સ્વરૂપ ધારણ કરે તે પહેલા સજાવટ ના માધ્યમ થી વચ્ચે નો રસ્તો કાઢવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

# આવતા સપ્તાહે પ્રદેશ ભાજપ અધ્યક્ષના નામની ઘોષણા કરાય તેવી સંભાવના

## મુખ્યમંત્રી પદે પાટીદાર હોય પ્રદેશ અધ્યક્ષ તરીકે ઓબીસી ચહેરાને મુકવાની ભાજપની વ્યુહરચના

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપના વર્તમાન અધ્યક્ષ સી.આર. પાટીલને કેન્દ્ર સરકારમાં જળ શકિત મંત્રી બનાવવામાં આવ્યા છે. તેઓ પોતે હવે પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથ મુકત કરવા માટે આજીજી કરી રહ્યા છે. ભાજપ દ્વારા આગામી ૧૫મીથી સંગઠન મહાપર્વની ઉજવણીનો આરંભ થઈ રહ્યો છે. ત્યારે આવતા સપ્તાહે ગમે ત્યારે હાઈકમાન્ડ દ્વારા નવા અધ્યક્ષના નામની ઘોષણા કરી દેવામાં આવે તેવી પ્રબળ સંભાવના જણાય રહી છે. મુખ્યમંત્રી પદે પાટીદાર હોય પ્રદેશ પ્રમુખ તરીકે ઓબીસી ચહેરાને મુકવાની ભાજપ દ્વારા વ્યુહ રચના ઘડવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. હાલ ઓબીસી સમાજના ત્રણેક નેતાના નામ પ્રદેશ અધ્યક્ષની રેસમાં સમાંતર ચાલી રહ્યા છે.

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલની મુદત ગત જુલાઈ-૨૦૨૩માં જ પૂર્ણ થઈ જવા પામી છે.દરમિયાન લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી ભાજપ હાઈકમાન્ડ દ્વારા તેઓને યથાવત રાખવામાં આવ્યા હતા. લોકસભાની ચુંટણીમાં ભાજપ પ્રેરિત એનડીએ સરકારને બહુમતિ મળતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સતત ત્રીજી વખત વડાપ્રધાન પદે સત્તારૂઢ થયા છે. નવી સરકારમાં નવસારીના સાંસદ સી.આર. પાટીલને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. તેઓને જળ શકિત મંત્રાલયનો હવાલો સોંપવામાં આવ્યો છે. ભાજપમાં એક વ્યકિત એક હોદાનો નિયમ છે આ નિયમ અનુસાર પોતાને પ્રદેશ ભાજપ પ્રમુખની જવાબદારીમાંથી મુકત કરવા સી.આર.પાટીલે હાઈકમાન્ડ સમક્ષ માંગણી કરી છે. તાજેતરમાં સાળંગપુર ખાતે મળેલી ભાજપની કારોબારી

(અનુ. આઠમા પાને)

‘રાજકોટ આરટીઓમાં બેફામ ભ્રસ્ટાચાર થાય છે’

# ટ્વીટ કરીને સરકારી કચેરીને બદનામ કરનાર સંજય ધૂળકોટીયા વિરૂદ્ધ સાયબર ક્રાઈમમાં ગુનો દાખલ

## અલગ-અલગ બે એક્સ એકાઉન્ટ પરથી કરાયા હતા અનેક ટ્વીટ

**અબતક, રાજકોટ**

‘રાજકોટ આરટીઓ કચેરીમાં બેફામ ભ્રસ્ટાચાર થાય છે, તમામ સરકારી કામો માટે પૈસા લેવામાં આવે છે અને કચેરીમાં પ્રજાના ડેટા સુરક્ષિત નથી’ તેવું ટ્વીટ કરીને સરકારી કચેરીને બદનામ કરવા મામલે સામાકાંઠા વિસ્તારમાં રહેતા સંજય ધૂળ કોટીયા નામના શખ્સ વિરુદ્ધ સાયબર ક્રાઈમમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ઈન્ચાર્જ આરટીઓ અધિકારી કેતન ખપેડએ જાતે ફરિયાદી બની સાયબર ક્રાઈમ પોલીસમાં કરેલી ફરિયાદ અનુસાર તેમને ગત તા. ૧ જૂનના રોજ એક ટ્વીટ ધ્યાનમાં આવ્યું હતું જેમાં તેમના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ’બિપિન જોશી’ નામના એક્સ એકાઉન્ટ પરથી કરવામાં આવેલ ટ્વીટમાં એવુ લખવામાં આવ્યું હતું કે, રાજકોટ આરટી મો કચેરી ખાતે થતાં તમામ સરકારી કામ માટે અલગ અલગ રૂપિયા લેવામાં આવતા હોય તથા કચેરીમાં ભ્રસ્ટાચાર થાય છે. જે બાદ અન્ય એક એક્સ એકાઉન્ટ ’ચિરાગ પરમાર’ પરથી આરટીઓ અધિકારી કેતન ખપેડ નામનો ઉલ્લેખ કરીને લખવામાં આવ્યું હતું કે, આરટીઓ રાજકોટ ખાતે તમામ કામ માટે પૈસા લેવામાં આવે છે તેમજ આરટીઓ કચેરીમાં પબ્લિકનો ડેટા સેફ નથી તથા આરટીઓ અધિકારી કે એમ ખપેડ ગરીબોના મોતના સોદાગર છે તેમજ અલગ અલગ કામ માટેમાં ભ્રસ્ટાચાર દ્વારા લેવામાં આવે છે. ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, આ બંને એકાઉન્ટમાંથી જે ટ્વીટ કરવામાં આવ્યું હોય તેમાં કોઈ જ તથ્ય ન હોય પણ આ બંને એકાઉન્ટ મારફત આરટીઓ કચેરી અને

(અનુ. આઠમા પાને)

# ધોલેરા-ભીમાનાથ નવી બ્રોડગેજ રેલવે લાઇન પ્રોજેક્ટ માટે રૂ. ૪૬૬ કરોડની ફાળવણી

## પ્રોજેક્ટ પૂર્ણ થતા ધોલેરા સર સંપૂર્ણ કનેક્ટીવિટી ઈકોસિસ્ટમ સાથે ડીએમઆઈસીનું અભિન્ન અંગ બનશે

**અબતક રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે ધોલેરા-ભીમાનાથ (લોજિસ્ટીક હબ) નવી બ્રોડગેજ રેલ્વે લાઈન પ્રોજેક્ટ માટે રૂ. ૪૬૬ કરોડ મંજૂર કર્યા છે, તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનો અભાર વ્યક્ત કર્યો છે.

ધોલેરા ભીમાનાથ વચ્ચે ૨૩.૩૩ કિલોમીટરની આ નવી બ્રોડગેજ રેલ્વે લાઈનના પરિણામે ધોલેરાને સીધી રેલ્વે કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

એટલું જ નહીં દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ ફ્રેટ કોરિડોર સાથે ધોઈલેરાને કનેક્ટિવિટી સુલભ થશે. આ રેલ્વે પ્રોજેક્ટ પૂર્ણ થતા ભવિષ્યમાં ધોલેરા સરના ઉદ્યોગો માટે ફિનિશ્ડ પ્રોડક્ટ્સ અને રો-મટિરિયલના આવાગમન માટે પણ ઝડપી કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ

(અનુ. આઠમા પાને)




# લેન્ડ ગ્રેબીંગના ૪૭ કેસ પૈકી ૧૬માં સમાધાનઃ ત્રણમાં એફઆઈઆર

## ૨૮ કેસને ડ્રોપ કરવા

**અબતક, રાજકોટ**

રાજકોટ જીલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને સમયાંતરે લેન્ડ ગ્રેબીંગની બેઠક મળે છે. જેમાં આવેલા કેસ અંગે વિસ્તૃત ચર્ચા કર્યા બાદ યોગ્ય નિર્ણય લેવામાં આવે છે ગઈકાલે મળેલી લેન્ડ ગ્રેબીંગની બેઠકમાં ૪૭ કેસ પૈકી ૧૬ કેસમાં સમાધાન કરવામાં ૧૬ કેસમાં સમાધાન કરાયા હતા. જ્યારે ૩ માં એફઆઈઆર દાખલ કરવાનો નિર્ણય લેવાયો છે.

કલેકટર પ્રભવ જોષીના અધ્યક્ષ સ્થાને લેન્ડ ગ્રેબિંગ સમિતિની બેઠક યોજાઈ હતી.જેમાં લેન્ડ ગ્રેબિંગને અનુલક્ષીને ૪૭ કેસો પર કમિટી મેમ્બર્સ દ્વારા કેસ સ્ટડી બાદ ૩ કેસમાં એફ.આઈ.આર. નોંધવા નિર્ણય લેવામાં આવ્યો હતો. જ્યારે ૨૮ જેટલા કેસ ડ્રોપ કરવામાં આવેલા

(અનુ. આઠમા પાને)

